RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


Date:- 09-05-2026 | VOL : 12 | Issue : 53 | Page : 8 | Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે... અને, ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે...

3

નાસિક TCS કેસમાં મુખ્ય આરોપી નિદા ખાનની ધરપકડ:જાતીય સતામણી અને ધાર્મિક ...

4

અવકાશી યુદ્ધ : ટેક્નોલોજીના અવિચારી ઉપયોગની વિનાશલીલા

6

નયનતારા સાથેની નવી ફિલ્મને લઈને મોટી અપડેટ

7

ખેલાડીઓ સાથે અનધિકૃત લોકોની હાજરી પર BCCI લાલચોળ

## ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં મહોર, આજે શપથવિધિ

# શુભેન્દુ અધિકારી બનશે બંગાળના નવા મુખ્યમંત્રી

### શાહે બેઠકને સંબોધિત કરતા કહ્યું કે, 1950થી જે વિચારને લઈને અમે નીકળ્યા, શ્યામા પ્રસાદ મુખર્જીના વિચારને લઈને નીકળ્યા. આજે તેમની જ પાર્ટીની સરકાર બની.



**કોલકત્તા**

સુવેન્દુ અધિકારી પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી હશે. કોલકાતામાં કન્વેન્શન સેન્ટરમાં આયોજિત ધારાસભ્ય દળની બેઠકમાં તેમને નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા. બેઠક બાદ અમિત શાહે તેમના નામની જાહેરાત કરી. શાહે બેઠકને સંબોધિત કરતા કહ્યું કે, 1950થી જે વિચારને લઈને અમે નીકળ્યા, શ્યામા પ્રસાદ મુખર્જીના વિચારને લઈને નીકળ્યા. આજે તેમની જ પાર્ટીની સરકાર બની. મમતાજીના શાસનમાં ગુનેગારો રાજનેતા બની ગયા તો વિકાસની કોઈ શક્યતા જ ન રહી. થોડા જ મહિનામાં આ બધું ખતમ થઈ જશે. સુવેન્દુ આવતીકાલે સવારે 10 વાગ્યે કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહમાં PM મોદી, શાહ સહિત NDAના અનેક મોટા નેતાઓ સામેલ થશે. 56 વર્ષીય સુવેન્દુએ CM મમતા બેનર્જીને ભવાનીપુરથી હરાવ્યા છે. તેઓ નંદીગ્રામથી પણ સતત બીજી વખત ચૂંટણી જીત્યા. અહીંથી 2021માં તેમણે મમતાને હરાવ્યા હતા. ભાજપે વિધાનસભા ચૂંટણીમાં 207 બેઠકો જીતી છે. ગંગોત્રીથી ગંગાસાગર સુધી, આજે ભાજપની સરકાર: 100 વર્ષની વૈચારિક યાત્રા પછી ગંગોત્રીથી ગંગાસાગર સુધી, આજે ભાજપની સરકાર બની છે. 1950થી જે વિચારને લઈને અમે નીકળ્યા, શ્યામા પ્રસાદ મુખર્જીના વિચારને લઈને નીકળ્યા. આજે તેમની જ પાર્ટીની સરકાર બની.

બંગાળમાં ભાજપનો ઝંડો ફરકાવવાનું સપનું પૂરું થયું: કલમ 370 હટાવવામાં આવી ત્યારે દેશભરના કાર્યકરોમાં ખુશી હતી. પરંતુ ઘણા કાર્યકરોએ કહ્યું હતું કે હજુ પણ એક કસર બાકી છે. તેમણે કહ્યું કે બંગાળમાં ભાજપનો ઝંડો ફરકાવવાનો છે. તે પણ આજે પૂરું થઈ ગયું. ભાજપના 3 થી 207 ધારાસભ્યો થયા: અમારા ધારાસભ્યોની જીતનું સરેરાશ માર્જિન 28 હજાર છે. 3 થી 77 અને 77 થી 207 સુધીની યાત્રા અભૂતપૂર્વ છે. 9 જિલ્લામાં ટીએમસીનું ખાતું પણ ખુલ્યું નથી. દીદીનો સફાયો થઈ ગયો. ઘૂસણખોરોને શોધી શોધીને બહાર કાઢીશું: ભાજપનું વચન છે કે બંગાળની જનતાને કે માત્ર બંગાળમાંથી જ નહીં, પરંતુ આખા દેશમાંથી અમે એક-એક ઘૂસણખોરને શોધી શોધીને બહાર કાઢીશું. આ ધ્રુવીકરણનો મુદ્દો નથી. આ દેશની સુરક્ષાનો મુદ્દો છે. બંગાળની જનતાનો આભાર: ભાજપ પર ભરોસો કરીને બંગાળની જનતાને પ્રચંડ વિજય અપાવવા બદલ આભાર. બંગાળની જનતાએ જે અપેક્ષાઓ રાખી છે, અમે પૂરી કોશિશ કરીશું કે તમારા ભરોસાને સહેજ પણ ઠેસ ન પહોંચે.

## એક નજર...

### વેબ સિરીઝની સ્ક્રિપ્ટ વાંચીને રડી પડી હતી: પલક તિવારી



વેબ સિરીઝ 'લુક્ખે'થી પોતાનું એક્ટિંગ ડેબ્યૂ કરી રહ્યો છે, જેમાં તેની સાથે પલક તિવારી પણ જોવા મળશે. આ સિરીઝ એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થઈ ચૂકી છે. પહેલા મને ઓડિશનની સ્ક્રિપ્ટ મળી. એમાં બે સીન હતા અને તેને વાંચીને હું રડી પડી. ત્યારે જ લાગ્યું કે આ ખૂબ જ ભાવનાત્મક અને અસરકારક વાર્તા છે.

## NEWS TRACK

### અમેરિકાએ UFOની ગુપ્ત ફાઈલ્સ જાહેર કરી, પૃથ્વીથી લઈને ચંદ્ર સુધી રહસ્યમયી વસ્તુના પુરાવા

વર્ષોથી જે રહસ્ય પર પડદો હતો, તે આખરે દુનિયાની સામે આવી રહ્યું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ વોર ( સંરક્ષણ મંત્રાલય ) દ્વારા UFO અને UAP સાથે જોડાયેલી અગાઉની ગુપ્ત ફાઈલો જાહેર કરી દેવામાં આવી છે. અમેરિકાની સરકારનું કહેવું છે કે હવે સમય આવી ગયો છે કે જનતા પોતે આ સત્યને નિહાળે. હવે કોઈપણ વ્યક્તિ war.gov/ufo પર જઈને આ વીડિયો, ફોટોગ્રાફ્સ અને મૂળ દસ્તાવેજો કોઈપણ સુરક્ષા પરવાનગી વગર જોઈ શકે છે. FBI લેબના ગ્રાફિક્સ સાથેનો એક ફોટો જાહેર થયો છે, જેમાં કાંસાના રંગની અંડાકાર ધાતુની વસ્તુ આકાશમાં એકાએક દેખાઈને ગાયબ થતી જોવા મળી હતી. નાસાના ચંદ્ર મિશનની જૂની તસવીરોમાં પણ ચંદ્રની સપાટી ઉપર ત્રણ અકલ્પનીય પ્રકાશના ગોળા હાઈલાઈટ કરવામાં આવ્યા છે. સપ્ટેમ્બર 2025માં પશ્ચિમ અમેરિકામાં એક હેલિકોપ્ટર દ્વારા લેવામાં આવેલી ઈન્ફ્રારેડ તસવીરમાં પણ એક અજાણી વસ્તુ ઉડતી નજરે પડે છે.

### અમેરિકાના પેટ્રોડોલર પર ઈરાનનો મોટો પ્રહાર: હોર્મુઝમાં જહાજો પાસેથી હવે યુઆનમાં લેશે ટોલ, એજન્સી બનાવી

વૈશ્વિક દરિયાઈ વેપારના સૌથી મહત્વપૂર્ણ માર્ગ ગણાતા હોર્મુઝની ખાડી પર હવે ઈરાને પોતાની પકડ મજબૂત કરી દીધી છે. ઈરાને આ માર્ગ પરથી પસાર થતા જહાજો પાસેથી ટેક્સ વસૂલવા માટે એક વિશેષ સત્તામંડળની રચના કરી છે, જેની અસર ભારત સહિત અનેક દેશો પર પડી શકે છે. નવું સત્તામંડળ અને કડક નિયમો શિપિંગ અને દરિયાઈ વેપાર પર નજર રાખતી ઉદ્યોગ પત્રિકા લોયડ્સ લિસ્ટના અહેવાલ મુજબ, ઈરાને પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી (PGSA) ની રચના કરી છે. આ સત્તામંડળ હેઠળ હવે કોઈપણ જહાજ પૂર્વ મંજૂરી વગર અહીંથી પસાર થઈ શકશે નહીં. જહાજોએ રવાના થતા પહેલા ટ્રાન્ઝિટ ઓથોરાઈઝેશન મેળવવું અને ટોલ ટેક્સ ચૂકવવો ફરજિયાત રહેશે. ઈરાની મીડિયા મુજબ, જહાજ માલિકોએ માલિકી, વીમો અને ક્રૂ મેમ્બર્સની વિગતો સહિતનો સંપૂર્ણ રેકોર્ડ ઈમેલ દ્વારા ઓથોરિટીને આપવો પડશે.

# તમિલનાડુમાં 'થલાપતિ' યુગની શરૂઆત: આજે વિજય મુખ્યમંત્રી તરીકે લેશે શપથ



**ચેન્નાઈ**

તમિલનાડુમાં નવી સરકારની રચના અંગે ચાલી રહેલી અનિશ્ચિતતાના વાદળો આખરે દૂર થયા છે. TVK (તમિલગ વેટ્ટી કઝગમ) પ્રમુખ વિજયે શુક્રવાર, 8 મે 2026ના રોજ રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર સાથે મુલાકાત કરી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો છે. બહુમતીનો આંકડો પાર 234 બેઠકો ધરાવતી તમિલનાડુ વિધાનસભામાં સરકાર બનાવવા માટે 118 ધારાસભ્યોનું સમર્થન જરૂરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, વિજય પાસે હાલ 121 ધારાસભ્યોનું સમર્થન છે. વિધાનસભા ચૂંટણીમાં TVK 108 બેઠકો જીતીને સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવી છે. સરકાર રચવા માટે કોંગ્રેસના 5 ધારાસભ્યો, CPIના 2, CPI(M)ના 2 અને VCKના 2 ધારાસભ્યોએ TVKને સમર્થન જાહેર કર્યું છે. રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરે શુક્રવારે મોડી સાંજે વિજયને સરકાર બનાવવાનું સત્તાવાર આમંત્રણ આપ્યું હતું. વિજય 9 મે, શનિવારના રોજ સવારે 11 વાગ્યે જવાહરલાલ નેહરુ ઈન્ડોર સ્ટેડિયમમાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઐતિહાસિક શપથ ગ્રહણ કાર્યક્રમમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ હાજર રહી શકે છે. રાજકારણમાં નવી લહેર અભિનેતામાંથી નેતા બનેલા વિજયની આ સફરે તમિલનાડુના રાજકારણને સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. તેમની પાર્ટીએ યુવાનો, મહિલાઓ અને સામાન્ય જનતા વચ્ચે જબરદસ્ત લોકપ્રિયતા હાંસલ કરી છે. રાજ્યની જનતા હવે વિકાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર જેવા મુદ્દાઓ પર નવી સરકાર પાસે મોટી અપેક્ષાઓ રાખી રહી છે. શનિવારનો દિવસ તમિલનાડુ માટે ખરેખર ઐતિહાસિક સાબિત થશે.

## તમિલનાડુ ડ્રામા વચ્ચે અખિલેશ યાદવનો કોંગ્રેસ પર તીખો કટાક્ષ

**લખનઉ**

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટી (SP) ના પ્રમુખ



અખિલેશ યાદવની હાલની સોશિયલ મીડિયા પોસ્ટે INDIA ગઠબંધનમાં ભંગાણના સંકેતો આપ્યા છે. અખિલેશ યાદવે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન સાથેની તસવીરો શેર કરીને કોંગ્રેસ પર આડકતરો પ્રહાર કર્યો છે. અમે મુશ્કેલીમાં સાથ છોડનારા નથી અખિલેશ યાદવે 'X' પર પોસ્ટ કરતા લખ્યું કે, અમે એવા લોકો નથી જે મુશ્કેલીના સમયમાં એકબીજાનો સાથ છોડી દે.

આ નિવેદનને કોંગ્રેસ સામેના કટાક્ષ તરીકે જોવામાં આવી રહ્યું છે, કારણ કે તમિલનાડુમાં કોંગ્રેસે તેના જૂના સાથી પક્ષ DMKનો સાથ છોડીને અભિનેતા-નેતા વિજયની પાર્ટી TVK સાથે હાથ મિલાવ્યા છે. ઉલ્લેખનીય છે કે, TVK તેની પ્રથમ ચૂંટણીમાં જ શાનદાર પ્રદર્શન કર્યું છે અને હવે તે બહુમતી સાબિત કરવા માટે પ્રયત્નશીલ છે. સમાજવાદી પાર્ટીના નેતાઓએ અખિલેશના આ વલણને યોગ્ય ઠેરવતા કહ્યું છે કે, કોંગ્રેસે INDIA બ્લોકનું નેતૃત્વ જે રીતે કરવું જોઈએ તે રીતે કર્યું નથી. સપાના એક વરિષ્ઠ સાંસદે જણાવ્યું કે કોંગ્રેસ માત્ર સત્તાની લાલચમાં છે અને તેણે જવાબદાર રાજકારણ દાખવવાને બદલે DMK સાથે દગો કર્યો છે.

## 3 દાવેદારોમાંથી કોંગ્રેસે કેરળના મુખ્યમંત્રી ફાઇનલ કર્યાની ચર્ચા

**નવી દિલ્હી**

પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો બાદ હવે સૌની નજર કેરલમ (Keralam) પર ટકેલી છે. કેરલમમાં કોંગ્રેસ ગઠબંધનની શાનદાર જીત બાદ મુખ્યમંત્રી કોણ બનશે તે અંગે ભારે ચર્ચાઓ જાગી છે. સૂત્રો અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને લોકસભા સાંસદ કે.સી. વેણુગોપાલ રેસમાં સૌથી આગળ ચાલી રહ્યા છે અને તેમનું નામ લગભગ ફાઈનલ માનવામાં આવી રહ્યું છે. ખડગે પાસે પહોંચ્યો ધારાસભ્યોનો રિપોર્ટ કેરલમમાં નવા મુખ્યમંત્રીની પસંદગી માટે કોંગ્રેસના નિરીક્ષકો અજય માકન અને મુકુલ વાસનિકે રવિવારે નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે બેઠક કરી હતી. આ બેઠક બાદ બંને નિરીક્ષકોએ દિલ્હી પહોંચી પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને પોતાનો રિપોર્ટ સોંપ્યો છે. અજય માકને જણાવ્યું હતું કે, અમે તમામ ધારાસભ્યો સાથે વ્યક્તિગત ચર્ચા કરી છે અને એક લાઈનનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. હાઈકમાન્ડ ટૂંક સમયમાં મુખ્યમંત્રીના નામની સત્તાવાર જાહેરાત કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી પદ માટે ત્રણ મુખ્ય દાવેદારો વચ્ચે ખેંચતાણ ચાલી રહી હતી, પરંતુ કે. સી. વેણુગોપાલને બહુમતી ધારાસભ્યોનું સમર્થન મળ્યું છે. કુલ 63 કોંગ્રેસ ધારાસભ્યોમાંથી અંદાજે 46 ધારાસભ્યોએ કે. સી. વેણુગોપાલના નામ પર મહોર મારી હોવાનું કહેવાય છે. વરિષ્ઠ નેતા રમેશ ચેન્નીથલાને 8 અને વિપક્ષના નેતા વી. ડી. સતીસનને માત્ર 6 ધારાસભ્યોનું સમર્થન મળ્યું હોવાના અહેવાલ છે. ધારાસભ્યોએ હાઈકમાન્ડ જે પણ નિર્ણય લેશે તેને માન્ય રાખવાની ખાતરી આપી છે. જો બધું પ્લાન મુજબ રહ્યું તો, શનિવારે નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ શકે છે અને સોમવાર, 11 મેના રોજ શપથગ્રહણ સમારોહ યોજાવાની શક્યતા છે.

### લાખો મતદારોના નામ યાદીમાંથી કાઢી નાંખવામાં આવે છે: રાહુલ

## યુવાનોને નોકરી નહીં સોશિયલ મીડિયાનું વ્યસન આપે છે સરકાર: રાહુલ ગાંધીના આકરા પ્રહાર

**નવી દિલ્હી**

કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે ગુરુગ્રામની મુલાકાત લીધી હતી. સદ્ભાવના યાત્રામાં સામેલ થયા બાદ તેમણે જનસભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન રાહુલ ગાંધીએ બેરોજગારી, ચૂંટણી પ્રક્રિયા અને કેન્દ્ર સરકારની નીતિઓ પર આકરા સવાલો ઉઠાવ્યા હતા. તેમણે ગંભીર આરોપ લગાવ્યો કે દેશનું ધન માત્ર ગણ્યાગાંઠ્યા ઉદ્યોગપતિઓને આપવામાં આવી રહ્યું છે, જ્યારે દેશના યુવાનોને રોજગાર આપવાને બદલે સોશિયલ મીડિયાની જાળમાં ફસાવવામાં આવી રહ્યા છે. જનસભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'કેટલાક વર્ષો પહેલા મેં કન્યાકુમારીથી કાશ્મીર સુધી 'ભારત જોડો યાત્રા' કરી હતી, જેમાં લાખો લોકો જોડાયા હતા. તે સમયે 'નફરતના બજારમાં મોહબ્બતની દુકાન'નો નારો જનતામાંથી જ ઊભરી આવ્યો હતો.' તેમણે ઉમેર્યું કે આ માત્ર કોંગ્રેસનો નારો નથી, પરંતુ સમગ્ર દેશની ભાવના છે અને આજે પણ દેશને તેની ખૂબ જરૂર છે. રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રક્રિયામાં ગરબડ થતી હોવાનો આક્ષેપ કરતાં કહ્યું કે, લાખો મતદારોના નામ કાઢી નાખવામાં આવે છે અને લાખો નવા નામ ઉમેરવામાં આવે છે. દેશની સંપત્તિઓ મોટા ઉદ્યોગપતિઓને સોંપવામાં આવી રહી છે. જનતાના નાણાં છીનવીને ગૌતમ અદાણી અને અંબાણીને ફાયદો પહોંચાડવામાં આવી રહ્યો હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો. રોજગારને બદલે યુવાનોને સોશિયલ મીડિયાનો નશો અપાયો: રાહુલ ગાંધી રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, 'યુવાનો કૉલેજોમાંથી ડિગ્રીઓ તો મેળવે છે, પરંતુ તેમને રોજગાર મળતો નથી. સરકારની નીતિઓને કારણે દેશમાં ચીનની વસ્તુઓ વેચાઈ રહી છે અને યુવાનોને કામ આપવાને બદલે તેમને ઈન્સ્ટાગ્રામ અને સોશિયલ મીડિયામાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યા છે.



ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

પાક્કો ગુજરાત
શનિવાર | 09 મે 2026 | અમદાવાદ



## હિંમતનગરના તખતગઢ રામદેવપીર મંદિરમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના તખતગઢ ગામમાં આવેલ રામદેવ પીરના મંદિરમાં ચોરીની આઘાતજનક ઘટના સામે આવી છે. 7 મેની મધ્યરાત્રિએ બે અજાણ્યા તસ્કરો મોઢે રૂમાલ બાંધી મંદિરમાં પ્રવેશ્યા હતા અને ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. પવિત્ર મંદિરમાં થયેલી આ ચોરીથી સમગ્ર પંથકમાં ભક્તોની ધાર્મિક આસ્થાને ઊંડી ઠેસ પહોંચી છે.

ચોરીની આ સમગ્ર હિલચાલ મંદિરના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે રાત્રિના અંદાજે 1:30 વાગ્યાની આસપાસ બે તસ્કરોએ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. તેઓ ભગવાનની મૂર્તિ પરનું ચાંદીનું છત્ર અને દાનપેટી ઉપાડીને ગણતરીની મિનિટોમાં પલાયન થઈ ગયા હતા. ચોરીના દ્રશ્યો જોઈને શ્રદ્ધાળુઓમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

તખતગઢમાં જૂની પંચાયતથી વરવાડા-હડમતીયા રોડ પર સ્થિત આ રામદેવ પીરનું મંદિર ગ્રામજનો માટે અપાર શ્રદ્ધાનું કેન્દ્ર છે. જોકે, ચિંતાની વાત એ છે કે આ મંદિરમાં અગાઉ પણ 2 થી 3 વખત ચોરીની ઘટનાઓ બની ચૂકી છે. પવિત્ર સ્થાનો પર વારંવાર થતા આવા હુમલાઓને કારણે સ્થાનિક લોકોમાં સુરક્ષા અંગે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

ઘટના બાદ મંદિરના ટ્રસ્ટી દ્વારા તાત્કાલિક પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે અને સીસીટીવી ફૂટેજ કબજે કરીને તસ્કરોનું પગેરું મેળવવા તજવીજ શરૂ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ચોરીના પુરાવાઓ એકત્ર કરવામાં આવ્યા છે.

મંદિરના ટ્રસ્ટી છગનભાઈ પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ મંદિરમાં આ ત્રીજી વખત ચોરી થઈ છે. અગાઉ દોઢ વર્ષ પહેલા દાનપેટીમાંથી 2500 રૂપિયાની ચોરી થઈ હતી.

## સોશિયલ મીડિયાની રીલ્સના રવાડે ચઢેલી પોલીસને માતર કોર્ટનો ફટકો!

ખેડા

પોલીસનું કામ કાયદાનું રક્ષણ કરવાનું છે, કાયદો હાથમાં લેવાનું નહીં. વર્ષ 2022માં ખેડા જિલ્લાના માતર તાલુકાના ઉંઢેલા ગામમાં બનેલી ચકચારી ઘટનામાં હવે નવો વળાંક આવ્યો છે. જાહેરમાં આરોપીઓને થાંભલે બાંધીને ફટકારનાર પોલીસ કર્મચારીઓ સામે હવે કાયદેસરનો ગુનો નોંધાયો છે અને કોર્ટે તેમને સમન્સ પાઠવી હાજર થવા આદેશ કર્યો છે.

વર્ષ 2022માં નવરાત્રિ દરમિયાન ગરબામાં પથ્થરમારો થવાની ઘટના બની હતી. આ ઘટના બાદ પોલીસે જે તે સમયે આરોપીઓને પકડીને ગામની વચ્ચે થાંભલા સાથે બાંધી લાકડીઓથી ફટકાર્યા હતા. આટલું જ નહીં, આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ કરવામાં આવ્યો હતો.

વરિષ્ઠ પત્રકાર પ્રશાંત દયાળ આ મામલે જણાવે છે કે, પોલીસ વર્ષોથી ગુનેગારો સામે કડક હાથે કામ લેતી જ હતી, પરંતુ હવે 'સોશિયલ મીડિયા ફેમ' મેળવવાની લ્હાય પોલીસને ભારે પડી રહી છે.

ગુનેગાર પકડાય ત્યારે કેવો હતો (Before) અને પોલીસના 'મેહમાન' બન્યા પછી કેવો થયો (After) - તેવા વીડિયો બનાવીને વાહવાહી મેળવવાની વૃત્તિએ આજે પોલીસને કોર્ટના કઠેડામાં લાવી દીધી છે.

સોશિયલ મીડિયાની રીલ્સમાં હીરો બનવાના પ્રયાસમાં પોલીસ પોતાની શિસ્ત અને કાયદાકીય મર્યાદા ભૂલી રહી છે. આ મામલો હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ગાજ્યો હતો. આખરે માતર કોર્ટે એક ખાનગી ફરિયાદના આધારે તપાસ કરી, જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવા અને તેમને કોર્ટમાં રૂબરૂ હાજર થવા કડક આદેશ કર્યો છે. આ કિસ્સો રાજ્યના તમામ પોલીસ કર્મચારીઓ માટે લાલબત્તી સમાન છે.

## વિદ્યાનગર પોલીસે જોળ ગામની સીમમાં બાતમીથી મોટો દરોડો પાડ્યો

આણંદ/વિદ્યાનગર

વિદ્યાનગર પોલીસે જોળ ગામની સીમમાં બાતમીના આધારે દરોડો પાડીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કેસમાં સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, જે તબેલામાંથી દારૂ મળ્યો છે તે જોળ ગામના પ્રતિષ્ઠિત પટેલ પરિવારનો હોવાનું સામે આવ્યું છે. વડતાલના કુખ્યાત બુટલેગર ધનજી પરમારના આ દારૂના કાળા કારોબારમાં પોલીસે કુલ 7.03 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વિદ્યાનગર પોલીસને બાતમી મળી હતી કે જોળ ગામની સીમમાં આવેલા ઘનશ્યામભાઈ ઉર્ફે ઘનો રમણભાઈ પટેલના તબેલામાં વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં આવ્યો છે. પોલીસે ત્વરિત રેડ પાડી તપાસ કરતા ત્યાંથી લાખોની કિંમતનો દારૂ મળી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી બે સાગરીતોને દબોચી લીધા છે: રાહુલ મહેન્દ્રભાઈ પરમાર (રહે. વડતાલ, કિશોરપુરા), દિલીપભાઈ ઉર્ફે દિપો સનાભાઇ પરમાર (રહે. વડતાલ રેલવે ફાટક પાસે) વડતાલનો કુખ્યાત બુટલેગર ધનજી પરમાર અને તબેલાના માલિકો સહિત કુલ 4 શખ્સો પોલીસ રેડ દરમિયાન ફરાર થઈ ગયા હતા, જેમને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે.

આ દરોડામાં સૌથી વધુ ચર્ચા જોળ ગામના પટેલ પરિવારની થઈ રહી છે. પોલીસ ચોપડે નોંધાયેલી વિગત મુજબ, જે તબેલામાંથી દારૂ મળ્યો છે તે ઘનશ્યામ ઉર્ફે ઘનો રમણભાઈ પટેલ, મિતુલ રમણભાઈ પટેલના હોવાનું જાણવા મળ્યું છે. પ્રતિષ્ઠિત ગણાતા આ પરિવારના નામ દારૂના કેસમાં ખુલતા સમગ્ર પંથકમાં ભારે ગણગણાટ શરૂ થયો છે.

પોલીસે દારૂની બોટલો અને અન્ય વાહનો મળીને કુલ 7,03,000 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં બુટલેગર ધનજી પરમારની સંડોવણી હોવાથી પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરી રહી છે.

## કલેક્ટરના અધ્યક્ષસ્થાને સાબરકાંઠામાં પ્રી-મોન્સૂન રિવ્યુ બેઠક યોજવામાં આવી

સાબરકાંઠા

હિંમતનગરની કલેક્ટર કચેરીના પોળો હોલ ખાતે કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુના અધ્યક્ષસ્થાને પ્રી-મોન્સૂન રિવ્યુ બેઠક યોજાઈ હતી. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રની સજ્જતા ચકાસવા અને પૂર્વ તૈયારીઓના ભાગરૂપે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કુદરતી આપત્તિના સમયે જાનમાલનું નુકસાન ઘટાડવાનો હતો.

કલેક્ટરે તમામ અમલીકરણ અધિકારીઓને સતર્ક રહીને કામગીરી કરવા અને ડિઝાસ્ટર પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવા આદેશ આપ્યા હતા. તેમણે આગામી વરસાદી સિઝન દરમિયાન તમામ વિભાગો વચ્ચે સંકલન સાધવા પર ભાર મૂક્યો હતો.

ચોમાસા દરમિયાન સંચાર અને માહિતીના આદાન-પ્રદાનને મહત્વ આપતા, કલેક્ટરે જિલ્લા અને તાલુકા કક્ષાના કંટ્રોલરૂમને 24x7 કાર્યરત કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, દર બે કલાકે વરસાદના આંકડાની સચોટ માહિતી પહોંચાડવા અને તમામ મામલતદાર કચેરીઓના લેન્ડલાઈન ફોન સત્વરે ચાલુ કરવા જણાવાયું હતું.

માર્ગ અને મકાન વિભાગ, પંચાયત, સ્ટેટ અને ફાયર ઓફિસર સહિતના તમામ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ અને કર્મચારીઓની વિગતો અધતન કરી રજૂ કરવા તેમજ તાલુકા વાઈઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. કલેક્ટરે નીચાણવાળા વિસ્તારો, કોઝવે અને વોટર લોગિંગ થતા સ્થળોની યાદી સંબંધિત ગામના તલાટી અને સરપંચના સંપર્ક નંબર સાથે તૈયાર રાખવા તાકીદ કરી હતી.

વરસાદી પાણીના ભરાવા અને સંભવિત જોખમોને ટાળવા માટે ચોમાસા પૂર્વે ગટર અને નદી-નાળાની સફાઈ પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી.

### “સ્વાભિમાન પર્વ” અંતર્ગત અમૃત મહોત્સવમાં PM સોમનાથ પધારવાના હોવાથી

# સમગ્ર દેવભૂમિ ભક્તિ અને ભવ્યતાના રંગે રંગાઈ



**વડાપ્રધાન મોદીના હસ્તે મંદિર શિખર પર થનારો જળાભિષેક મહોત્સવનું મુખ્ય આકર્ષણ બની રહેશે**

ગીર સોમનાથ

સોમનાથ મંદિર ખાતે આગામી તા. 11 મેના રોજ આધ્યાત્મિક ગૌરવ, રાષ્ટ્રીય અભિમાન અને સાંસ્કૃતિક વૈભવનો અદ્વિતીય મહોત્સવ સર્જાવા જઈ રહ્યો છે. દેશના પ્રધાનમંત્રી તથા સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદી “સ્વાભિમાન પર્વ” અંતર્ગત અમૃત મહોત્સવમાં સોમનાથ પધારવાના હોવાથી સમગ્ર દેવભૂમિ ભક્તિ અને ભવ્યતાના રંગે રંગાઈ ગઈ છે. વડાપ્રધાનના હસ્તે મંદિર શિખર પર થનારો જળાભિષેક આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ બની રહેશે.

નૂતન સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાના 75 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં તા. 8 થી 12 મે દરમિયાન પાંચ દિવસીય વૈદિક અને ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ સમગ્ર કાર્યક્રમમાં 11 મેનો દિવસ ઐતિહાસિક અને વિશેષ આકર્ષણોથી ભરપૂર બની રહેવાનો છે. સોમનાથમાં માત્ર ધાર્મિક ઉત્સવ નહીં, પરંતુ રાષ્ટ્રીય ગૌરવનો મહાસંગમ સર્જાવાનો છે, જેની તૈયારીઓ અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સવારે જામનગરથી વિશેષ હેલિકોપ્ટર મારફતે સોમનાથ હેલિપેડ ખાતે પહોંચશે. ત્યારબાદ સોમનાથ મંદિરથી હમીરજી સર્કલ સુધી ભવ્ય રોડ શો યોજાશે. સમગ્ર માર્ગને કેસરિયા ધ્વજો, આકર્ષક લાઈટિંગ, સાંસ્કૃતિક ઝાંખીઓ અને સ્વાગત દ્વારોથી શણગારવામાં આવી રહ્યો છે. વડાપ્રધાનના સ્વાગત માટે સોમનાથમાં અભૂતપૂર્વ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

વિવિધ સમાજો, સંતો, યુવા મંડળો અને મહિલા સંગઠનો દ્વારા પરંપરાગત સ્વાગતની ભવ્ય તૈયારીઓ કરવામાં આવી રહી છે. ઢોલ-નગારાં, શંખનાદ અને પવિત્ર વેદોચ્ચાર વચ્ચે યોજાનારો આ રોડ શો દેવભૂમિના ગૌરવનું પ્રતિક બની રહેશે. ભાજપ સંગઠન દ્વારા આ રોડ શોને ઐતિહાસિક અને ગરિમામયી બનાવવા માટે વિશેષ માઈક્રો પ્લાનિંગ હાથ ધરાયું છે. વિવિધ સમાજો, સંતો, યુવા મંડળો અને મહિલા સંગઠનો દ્વારા પરંપરાગત સ્વાગતની ભવ્ય તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ઢોલ-નગારાં, શંખનાદ અને પવિત્ર વેદોચ્ચાર વચ્ચે યોજાનારો આ રોડ શો દેવભૂમિના ગૌરવનું પ્રતિક બની રહેશે. ભાજપ સંગઠન દ્વારા આ રોડ શોને ઐતિહાસિક અને ગરિમામયી બનાવવા માટે વિશેષ માઈક્રો પ્લાનિંગ હાથ ધરાયું છે. 11 જાન્યુઆરીએ “સ્વાભિમાન પર્વ”ના પ્રારંભ પ્રસંગે સોમનાથના આકાશમાં રજૂ કરાયેલ નયનરમ્ય ડ્રોન શોએ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. હવે 11 મેના રોજ મંદિરની 75 મી સ્થાપના દિવસની ઉજવણીને વધુ ભવ્ય અને અવિસ્મરણીય બનાવવા ભારતીય વાયુસેના દ્વારા વિશેષ એર શો રજૂ કરવામાં આવશે. આ પ્રદર્શન શ્રદ્ધાળુઓમાં દેશભક્તિનો નવો સંચાર કરશે.

### ગાંધીનગરના ભાટ સર્કલ પરના બ્રિજનું 700 ટનના 18 ટ્રક ગોઠવી લોડ ટેસ્ટિંગ

## આઇકોનિક કેબલ સ્ટેડ બ્રિજની અગ્નિપરીક્ષા

ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરના પ્રવેશદ્વાર સમાન ભાટ સર્કલ પર એન્જિનિયરિંગનો અદભૂત નમૂનો ગણાતો કેબલ સ્ટેડ બ્રિજ હવે તેના અંતિમ પડાવમાં છે. આ આધુનિક બ્રિજને જનતા માટે ખુલ્લો મૂકતા પહેલા તેની ક્ષમતા અને સુરક્ષાની આકરી ચકાસણી કરવામાં આવી રહી છે. 7 મે, 2026 ગુરૂવારથી આ બ્રિજ પર લોડ ટેસ્ટિંગની પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે. જે આગામી 15 દિવસ સુધી અવિરત ચાલશે. આ બ્રિજની લોડ વહન કરવાની ક્ષમતા માપવા માટે તંત્ર દ્વારા લોખંડી આયોજન કરવામાં આવ્યું છે. લોડ ટેસ્ટિંગના પ્રથમ તબક્કે 700 ટનથી વધુ વજન ધરાવતા 18 જેટલા વિશાળ ટ્રકોને દર બે કલાકે એક પછી એક બ્રિજ પરના ચોક્કસ પોઈન્ટ્સ પર સ્થિર કરવામાં આવ્યા છે. આ ભારેખમ ટ્રકો દ્વારા બ્રિજના મુખ્ય માળખા અને તેને ટેકો આપતા મજબૂત કેબલ્સ પર આવતા દબાણનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.



સામાન્ય રીતે કોન્ક્રીટ બ્રિજનું ટેસ્ટિંગ 4-5 દિવસમાં પૂર્ણ થતું હોય છે, પરંતુ આ બ્રિજ હવામાં લટકેલા કેબલ્સ પર ટકેલો હોવાથી તેની પ્રક્રિયા લાંબી અને જટિલ રાખવામાં આવી છે. ખાસ કરીને બ્રિજના સૌથી લાંબા સ્પાન એટલે કે બે થાંભલા વચ્ચેનું અંતર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. આ અંગે માર્ગ અને મકાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સિક્સ લેન બ્રિજ અંદાજે 130 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. 27 મીટરની પહોળાઈ ધરાવતા આ બ્રિજમાં 11-11 મીટરના બે મુખ્ય રસ્તા અને ફૂટપાથની વ્યવસ્થા છે. બ્રિજની મુખ્ય ઓળખ તેના 38 મીટર ઊંચા પાયલોન જે મજબૂત થાંભલા અને તેમાંથી નીકળતા સ્ટીલના કેબલ્સ છે. આ પ્રકારની ટેકનોલોજી જાપાન અને ચીન જેવા દેશોમાં જોવા મળે છે. જે હવે ગુજરાતમાં આકાર લઈ રહી છે. અમદાવાદ અને ગાંધીનગરને જોડતા આ વ્યસ્ત માર્ગ પર ભાટ સર્કલ પાસે ટ્રાફિકની ગંભીર સમસ્યા રહેતી હોય છે. અગાઉના સર્વે મુજબ અહીંથી દૈનિક દોઢ લાખ વાહનો પસાર થાય છે. પરંતુ બ્રિજ અને તેની નીચે બનનારા થ્રી-લેયર અંડરપાસ બાદ આ ક્ષમતા વધીને 3 લાખ વાહનો સુધી પહોંચશે. બ્રિજની ઉપર સિક્સ લેન અને નીચે એસ.પી. રિંગ રોડ તરફ જતો સિક્સ લેન રસ્તો ટ્રાફિક જામની સમસ્યાને ભૂતકાળ બનાવી દેશે. આ બ્રિજની સુરક્ષાને લઈને તંત્ર અત્યંત ગંભીર છે. બ્રિજ કાર્યરત થયા પછી પણ તેના પરના દબાણ, પવનની ગતિ અને કેબલ્સની મજબૂતી પર 24 કલાક નજર રાખવા માટે 2.5 કરોડના ખર્ચે ખાસ હેલ્થ મોનિટરિંગ સિસ્ટમ ફીટ કરવામાં આવશે.

### રાજકીય પડઘા અને જનતાની નારાજગી

## જંગલેશ્વરમાં ડિમોલિશનના બે માસ બાદ રોડ બન્યો નહીં

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત ફેબ્રુઆરીમાં વોર્ડ નં. 16ના જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટમાં થયેલા દબાણો દૂર કરવા માટે ડિમોલિશન હાથ ધરાયું હતું. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાના માર્ગદર્શન હેઠળ 23 ફેબ્રુઆરીએ અંદાજે 1500 ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. તંત્રએ ત્યારે એવા દાવા કર્યા હતા કે આ કામગીરીથી વિસ્તારનો નકશો બદલાશે અને 15 મીટરનો પહોળો ટીપી રોડ આકાર લેશે. જોકે, આ ઐતિહાસિક ગણાતા ડિમોલિશનના બે મહિના બાદ પણ પરિસ્થિતિ ઠેરની ઠેર છે. રોડ બનાવવાની વાત તો દૂર રહી, તંત્ર હજુ સુધી કાટમાળ હટાવવામાં પણ નિષ્ફળ રહ્યું છે. વોર્ડ નં. 16ની પ્રજાએ તાજેતરની મહાનગરપાલિકાની ચૂંટણીમાં શાસક પક્ષ ભાજપ વિરુદ્ધ જે જનાદેશ આપ્યો છે, તેની પાછળ ડિમોલિશન બાદની તંત્રની ઘોર બેદરકારી મુખ્ય કારણ હોવાનું મનાય છે. લોકોમાં ભારે રોષ છે કે તંત્રએ રહેણાંક મકાનો તોડી તો પાડ્યા, પરંતુ ત્યારબાદ પાયાની સુવિધાઓ આપવામાં ઉદાસીનતા દાખવી છે. આચારસંહિતા લાગુ થાય તે પહેલા પૂરતો સમય હોવા છતાં, 15 મીટરના રોડનું ડિમાર્કેશન કે લેવલિંગ કરવામાં આવ્યું નથી, જેના કારણે સ્થાનિકો આજે ધૂળ અને પથ્થરો વચ્ચે જીવવા મજબૂર બન્યા છે.

### કારચાલકે સ્ટિયરિંગ પર કાબુ ગુમાવતા

## ગુજરાતના સૌથી લાંબા અટલબ્રિજ ઉપર બે કાર વચ્ચે સર્જાયો અકસ્માત

વડોદરા

ગુજરાતના સૌથી લાંબા અટલ બ્રિજ પર ગેંડા સર્કલથી ગોત્રી તરફ જતી બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એક કારના ચાલકે સ્ટિયરિંગ પર કાબુ ગુમાવતા કાર બ્રિજની દિવાલ સાથે અથડાયા બાદ બીજી કારને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતના પગલે એક કાર પલટી ખાઈ ગઈ હતી. જોકે, સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા છે.

વડોદરા શહેરમાં અકસ્માતની સમગ્ર ઘટના અટલ બ્રિજ પર લગાવવામાં આવેલા સીસીટીવી



કેમેરામાં કેદ થઈ ગઈ હતી. CCTVમાં દેખાય છે કે, એક કાર બ્રિજની દીવાલ સાથે અથડાઈને બીજી કાર સાથે અથડાઈ હતી અને ત્યારબાદ આગળ જઈને બીજી કાર પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માત બાદ બ્રિજ પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ હતી, જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતા ગોરવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળવાની સાથે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કાર ચાલક યુવક મિતુલભાઈએ જણાવ્યું હતું કે, અમે ગેંડા સર્કલ બાજુથી આવતા હતા. અમારી આગળ જે ગાડી જઈ રહી હતી, તેનું અચાનક સંતુલન બગડ્યું અને તેણે અમારી ગાડીને પાછળથી ટક્કર મારી હતી.

આ ટક્કરને કારણે અમારી ગાડી પલટી ખાઈ ગઈ. સાઈડમાંથી અમારી કારને ટક્કર વાગી હતી.

## વડસર ઓવરબ્રિજ ઉપર ગર્ડર લોન્ચિંગનું કાર્ય પૂર્ણ

વડોદરા

અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ રેલ કોરિડોરનું કામ હાલ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશનોના નિર્માણની સાથે નદીઓ અને વ્યસ્ત રોડ પર બ્રિજ બનાવવાની કામગીરી પણ અત્યંત ઝડપથી આગળ વધી રહી છે. તાજેતરમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) દ્વારા વડોદરામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સર કરવામાં આવ્યું છે.

વડસર રોડ ઓવરબ્રિજ પર 40 મીટર લાંબા ગર્ડરને લોન્ચ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ સ્થળ ભૌગોલિક દ્રષ્ટિએ અત્યંત પડકારજનક હતું, કારણ કે આ એક વ્યસ્ત શહેરી કોરિડોર છે. આ રૂટ પરથી દરરોજ 100થી વધુ ટ્રેનો પસાર થાય છે. જ્યારે 70,000 વાહનની પણ અવરજવર રહે છે.

આ જટિલ કામગીરી માટે ફુલ સ્પાન લોન્ચિંગ મેથડ (FSLM)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ગિરનાર પર આવતા પ્રવાસીઓના પાણી માટે વલખા

## 10 હજાર પગથિયા પર એક જ જગ્યાએ પાણીની વ્યવસ્થા

જુનાગઢ

જૂનાગઢમાં આગઝરતી ગરમી વચ્ચે હાલ ગિરનાર ચડવા આવતા પ્રવાસીઓએ પીવાના પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. પ્લાસ્ટિક બોટલ લઈ જવા પર પ્રતિબંધ હોવાના કારણે પ્રવાસીઓને નીચે જ પાણીની બોટલ મૂકાવી દેવામાં આવે છે. પર્વત પર રસ્તામાં ઈકો ફ્રેન્ડલી બોટલમાં પાણી મળે છે, પરંતુ તે ઊંચા ભાવે અને ભેળસેળ વાળું મળતું હોવાની ફરિયાદો ઉઠી છે. ગિરનાર ચડવા આવતા પ્રવાસીઓ સાથે વાતચીત કરી સ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

ધોમધખતા તાપમાં ગિરનારની સીડીઓ જાણે આગ ઓકતી હોય તેવો અનુભવ થયો. માત્ર 25થી 30 સીડીઓ ચડતા જ સામાન્ય માણસનો શ્વાસ ફૂલી જાય તેવી કાળઝાળ ગરમીમાં, નાના બાળકો સાથે આવતા પરિવારો જ્યારે 5,000થી 10,000 પગથિયાં ચડતા દેખાયા, ત્યારે પાણી વિના તેમની હાલત કેવી થતી હશે તેનો અંદાજ તંત્રને નથી. પ્રશાસન દ્વારા પાણી કે શૌચાલયની કોઈ વ્યવસ્થા કરાઈ નથી.

અંબાજી મંદિર નજીકનું શૌચાલય ખંઢેર હાલતમાં છે, જ્યારે રસ્તામાં દુકાનોમાં પાણીની બોટલો 50 રૂપિયામાં વેચાય છે.

પ્રવાસીઓના આક્ષેપ મુજબ, ઘણી બોટલો સીલ મારેલી હોતી નથી અને તેમાં લોકલ પાણી ભરીને પધરાવી દેવામાં આવે છે.

મુંદ્રાથી આવેલા પ્રવીણભાઈએ જણાવ્યું કે, અહીં ગિરનાર પર પાણીની બહુ તકલીફ છે. છોકરાવાળા અને બીજા માણસો જે આવે છે તેમને પાણી માટે વલખા મારવા પડે છે. અમને તો અહીં એવો અનુભવ થયો કે બીજી વાર અહીંયા આવી જ ન શકીએ. એક બોટલ પચાસ રૂપિયાની મળે છે. નવાઈની વાત એ છે કે અમે નીચેથી પાણીની બોટલ લાવ્યા હોઈએ તો સિક્યુરિટી તે લઈ લે છે. જો સુવિધા હોય તો પ્રવાસી બીજી વાર આવે, બાકી હવે તો આ અમારી છેલ્લી મુલાકાત છે.

### 'ગિફ્ટ સિટીથી 150 એરક્રાફ્ટ ભાડે અપાશે'

## '2030 પહેલા અમદાવાદ એરપોર્ટને વર્લ્ડ ક્લાસ બનવવામાં આવશે..!'

એક મહિનામાં પ્લેન ક્રેશનો રિપોર્ટ આવશે : નાગરિક ઉડ્ડયન મંત્રી

ગાંધીનગર

ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયેલી 'ઈન્ડિયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સમિટ 2.0'માં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ ભારતના એવિએશન સેક્ટરના ઝડપી વિકાસ અને ગિફ્ટ સિટીની વધતી વૈશ્વિક ભૂમિકાને લઈને મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આગામી બે વર્ષમાં આશરે 150 એરક્રાફ્ટનું લિઝિંગ ગિફ્ટ સિટીમાંથી થવાનું છે અને એરલાઈન કંપની ઈન્ડિગો, વિસ્તારા સહિત અનેક કંપનીઓ અહીંથી લિઝિંગ પ્રક્રિયા હાથ ધરશે. વર્ષ 2030માં કોમનવેલ્થ પહેલા અમદાવાદ એરપોર્ટને વર્લ્ડક્લાસ બનાવવાનો પ્લાન છે. જ્યારે અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના અંગે જણાવ્યું હતું કે, રિપોર્ટ એક મહિનામાં સામે આવશે. ઘટનાની તપાસ સંપૂર્ણ પારદર્શિતાથી ચાલી રહી છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે છેલ્લા 12 વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનના કારણે દેશના એવિએશન સેક્ટરમાં ક્રાંતિકારી બદલાવ આવ્યો છે. દેશમાં એરપોર્ટ અને એરક્રાફ્ટ બંનેની સંખ્યામાં વધારો થયો છે.


### અત્યંત દુર્લભ બીમારીનો પ્રથમ કિસ્સો પાટનગરમાં સામે આવ્યો

## ગાંધીનગરનો યુવક 'મોયા મોયા' બીમારીનો બન્યો શિકાર : લાખોનો ખર્ચ, આઠ વર્ષ પથારીવશ રહ્યો

ગાંધીનગર

મેડિકલ સાયન્સમાં ક્યારેક એવા કિસ્સા બને છે જે વર્ષો જૂની આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિની તાકાતનો પુનઃ પરિચય કરાવે છે. ગુજરાતમાં 'મોયા મોયા' નામની અત્યંત દુર્લભ બીમારીનો પ્રથમ કિસ્સો પાટનગરમાં સામે આવ્યો છે. છેલ્લાં આઠ વર્ષથી પથારીવશ અને લાખો રૂપિયાના ખર્ચ બાદ પણ અસહાય બનેલા યુવાનને ગાંધીનગરની સરકારી આયુર્વેદ હોસ્પિટલના પંચકર્મ નિષ્ણાત ડૉ. રાકેશ ભટ્ટે માત્ર 35 દિવસની સારવારમાં પોતાના પગે ચાલતો કરી દીધો છે.

ગાંધીનગરના સેક્ટર-26માં રહેતા અને કલોલની અરવિંદ મિલમાં નોકરી કરતા દિલીપસિંહ બિહોલાના પુત્ર હર્ષને



વર્ષ 2016માં પ્રથમ વખત સ્ટ્રોક આવ્યો હતો. જે બાદ 2018માં બીજા સ્ટ્રોકે તેને સંપૂર્ણપણે પથારીવશ કરી દીધો હતો. પિતાએ દીકરાને સ્વયંભૂ પગભર માટે ગાંધીનગર, અમદાવાદ, મુંબઈ અને દિલ્હીના નામાંકિત તબીબોના ઉંબરા ઘસ્યા હતા.ત્યારે તપાસમાં બહાર આવ્યું કે હર્ષ 'મોયા મોયા' જેવી જટિલ બીમારીથી પીડિત છે. આ બીમારીની સારવાર માટે નાભિમાં 18 હજારની કિંમતના મોંઘા ઈન્જેક્શનો અને ભારે એન્ટીબાયોટિક્સ પાછળ પિતાએ પોતાની આજીવન જમાપુંજી અને નોકરીના નાણાં મળીને અંદાજે 40 થી 50 લાખ રૂપિયા ખર્ચી નાખ્યા હતા. પરિવારે એલોપેથી સારવાર કરાવ્યા બાદ આયુર્વેદિક સારવાર કરાવવાનો નિર્ણય કર્યો. ત્યારે પિતા હર્ષને લઈને સેક્ટર-22ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના વૈધ ડૉ. રાકેશ ભટ્ટ પાસે પહોંચ્યા હતા .ડૉ. ભટ્ટે હર્ષની નાડી તપાસીને આયુર્વેદિક પદ્ધતિથી નિદાન કર્યું અને પંચકર્મ ચિકિત્સા શરૂ કરી હતી .માત્ર 35 દિવસની સઘન સારવાર અને તે પણ તદ્દન મફત, જેનું પરિણામ આજે નજર સામે છે. હર્ષ જે બે વ્યક્તિના ટેકા વગર ઊભો થઈ શકતો નહોતો, તે આજે 70 ટકા જેટલો સ્વસ્થ થઈ હોસ્પિટલના કોરિડોરમાં જાતે હરતો-ફરતો થયો છે. મોયા મોયા એ રક્તવાહિનીઓને લગતી અત્યંત દુર્લભ બીમારી છે. જાપાનીઝ ભાષામાં તેનો અર્થ 'ધુમાડાના ગોટા' જેવો થાય છે. આ રોગમાં મગજને લોહી પહોંચાડતી મુખ્ય નળીઓ બ્લોક થઈ જાય છે.જેના કારણે મગજ પોતાનો રસ્તો બનાવવા નાની નાની અસંખ્ય રક્તવાહિનીઓ વિકસાવે છે, જે એક્સ-રે કે સ્કેનિંગમાં ધુમાડા જેવી દેખાય છે. આ સ્થિતિમાં દર્દીને વારંવાર સ્ટ્રોક આવવા, લકવો મારવો અથવા માનસિક ક્ષમતા ઘટવા જેવા લક્ષણો જોવા મળે છે.

પાક્કો ગુજરાત

શનિવાર | 09 મે 2026 | અમદાવાદ

### તમિલનાડુમાં 'બંગાળ' જેવો વરતારો

# નવી સરકાર રચાય એ પહેલાં જ 100થી વધુ ઉચ્ચ અધિકારીઓના સામૂહિક રાજીનામાં..!

ચેન્નાઈ

તમિલનાડુમાં નવી સરકારની રચનાને લઈને ચાલી રહેલી રાજકીય અનિશ્ચિતતા વચ્ચે હવે એક મોટું વહીવટી સંકટ સર્જાયું છે. રાજ્ય સરકાર વતી અદાલતોમાં પક્ષ રાખતા 100થી વધુ કાયદાકીય અધિકારીઓએ સામૂહિક રીતે પોતાના પદ પરથી રાજીનામાં આપી દીધા છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પશ્ચિમ બંગાળમાં પણ તૃણમૂલ કોંગ્રેસની સત્તા ગયા બાદ અને ભાજપના આગમન સાથે જ આ પ્રકારનો મોટો ફેરફાર જોવા મળ્યો હતો.

તમિલનાડુના એડવોકેટ જનરલ પી.એસ. રમણના નેતૃત્વમાં આ તમામ અધિકારીઓએ પોતાના રાજીનામાં સોંપી દીધા છે. સામાન્ય રીતે સરકારી વકીલો અને કાયદાકીય અધિકારીઓની નિમણૂક રાજકીય રીતે થતી હોય છે. પરંપરા મુજબ, જ્યારે પણ રાજ્યમાં સત્તા પરિવર્તન થાય અથવા નવી સરકાર આવવાની તૈયારીમાં હોય ત્યારે જૂની સરકાર દ્વારા નિમણૂક પામેલા અધિકારીઓ પદ છોડી દેતા હોય છે, જેથી નવી સરકાર પોતાની પસંદગીના નિષ્ણાતોની નિમણૂક કરી શકે.

રાજીનામાં આપ્યા હોવા છતાં, આ અધિકારીઓને હજુ એક અઠવાડિયા સુધી પદ પર ચાલુ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સરકાર નથી ઈચ્છતી કે અદાલતોમાં રાજ્યનો પક્ષ રાખવા માટે કોઈ પ્રતિનિધિ ન હોય. સામાન્ય રીતે નવી સરકાર વચગાળાની વ્યવસ્થા તરીકે ત્રણ-ચાર વકીલોની નિમણૂક કરતી હોય છે, પરંતુ વિજયની પાર્ટી (TVK)ની સરકાર બનવા પર સર્જાયેલા સસ્પેન્સને કારણે હજુ સુધી કોઈ નવી નિમણૂક થઈ શકી નથી.

રાજકીય વિશ્લેષકો આ ઘટનાને પશ્ચિમ બંગાળની ચૂંટણી બાદ સર્જાયેલી સ્થિતિ સાથે સરખાવી રહ્યા છે.

નવી સરકારની તૈયારી: સામાન્ય રીતે જ્યારે સત્તા પરિવર્તન થવાનું હોય અથવા સરકારમાં મોટા ફેરફાર થવાના હોય ત્યારે ઉચ્ચ અધિકારીઓ પદ છોડતા હોય છે.

અધિકારીઓમાં ફફડાટ: સામૂહિક રાજીનામાં પાછળ કોઈ અદ્રશ્ય દબાણ છે કે પછી નૈતિકતા, તે મોટો પ્રશ્ન છે.

વહીવટી શૂન્યાવકાશ: 100થી વધુ અધિકારીઓના જવાથી રાજ્ય સરકારની કાનૂની પાંખ અત્યારે સાવ પાંગળી બની ગઈ છે. નિયમ મુજબ, જેમ જ નવી સરકાર શપથ લેશે, તે પોતાની વિચારધારા અને પક્ષ સાથે જોડાયેલા અનુભવી વકીલોને આ મહત્ત્વના પદો પર નિયુક્ત કરશે. હાલમાં તમિલનાડુ સરકાર તરફથી વિવિધ અદાલતોમાં પક્ષ રાખવા માટે 100થી વધુ અધિકારીઓની ટીમ કાર્યરત છે, જેમનું ભવિષ્ય હવે આગામી સરકારના સ્વરૂપ પર નિર્ભર છે. રાજ્યને અદાલતી કાર્યવાહીમાં કોઈ અડચણ ન આવે તે માટે આ અધિકારીઓ નવી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પોતાની ફરજ બજાવશે. પશ્ચિમ બંગાળ અને તમિલનાડુના આ વહીવટી ફેરફારો ડિજિટલ મીડિયામાં પણ ચર્ચાનું કેન્દ્ર બન્યા છે.



### મણિશંકર અય્યર પાર્ટી પર ભડક્યા

# 'વિજયને સમર્થન આપવું એ કોંગ્રેસનો વાહિયાત નિર્ણય...'

મણિશંકરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોંગ્રેસનું આ પગલું માત્ર સત્તા મેળવવા માટેની 'ઘટિયા રાજકીય તકવાદ' સિવાય બીજું કંઈ નથી

નવી દિલ્હી



તમિલનાડુના રાજકારણમાં અત્યારે ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. નવી સરકારની રચનાને લઈને ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે કોંગ્રેસે વર્ષો જૂનું ગઠબંધન તોડીને અભિનેતા વિજયની પાર્ટી TVKને સમર્થન આપવાની જાહેરાત કરી છે. કોંગ્રેસના આ નિર્ણયની ચારેબાજુ ટીકા થઈ રહી છે, એટલું જ નહીં પણ પક્ષના વરિષ્ઠ નેતાઓ પણ આ નિર્ણયથી નારાજ જોવા મળી રહ્યા છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પોતાની જ પાર્ટીના નિર્ણયની આકરી ટીકા કરતા તેને ખૂબ જ ભયાનક ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોંગ્રેસનું આ પગલું માત્ર સત્તા મેળવવા માટેની 'ઘટિયા રાજકીય તકવાદ' સિવાય બીજું કંઈ નથી. અય્યરે એવી ચેતવણી પણ આપી કે જો આ નિર્ણયને કારણે ભાજપને તમિલનાડુમાં પગપેસારો કરવાની તક મળશે, તો તે કોંગ્રેસનો પોતાના જ પગ પર કુહાડો મારવા જેવો કિસ્સો ગણાશે. તેમના મતે, જે TVK પાર્ટી સામે કોંગ્રેસે ચૂંટણી લડી હતી, તેની સાથે જ હાથ મિલાવવો એ પક્ષ માટે ઘણું નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ રાજકીય વળાંક અત્યારે રાજ્યના રાજકારણમાં ઘણો મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે.

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે પણ કોંગ્રેસના આ વલણ પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કોંગ્રેસને શિખામણ આપતા કહ્યું કે મુશ્કેલ સમયમાં સાથી પક્ષનો સાથ છોડવો જોઈએ નહીં. તમિલનાડુમાં DMK સાથેનો છેડો ફાડીને કોંગ્રેસે જે રીતે પક્ષ પલટો કર્યો છે, તેનાથી વિપક્ષી ગઠબંધનની એકતા પર પણ સવાલો ઊભા થયા છે.

### દાઉદ સહિત 15 હજુ પણ કાયદાથી વેગળા!

# ન્યાયના દ્વારે 33 વર્ષનો વનવાસ પૂરો : 12 ગુનેગારોને આજીવન કેદ

મુંબઈ

ભારતીય ન્યાયતંત્રમાં 'દેર છે પણ અંધેર નથી' એ ઉક્તિ આજે ફરી સાર્થક થઈ છે. ત્રણ દાયકા અને ત્રણ વર્ષના લાંબા સમયગાળા બાદ, સોમવારે અદાલતે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા 12 આરોપીઓને કઠોર સજા ફટકારી છે. આ એ જ કેસ છે જેણે એક સમયે આખા દેશને હચમચાવી દીધો હતો.

વર્ષો સુધી ચાલેલી કાનૂની લડાઈ, હજારો પાનાની ચાર્જશીટ અને અગણિત સાક્ષીઓની જુબાની બાદ આખરે સત્યનો વિજય થયો છે. અદાલતે નોંધ્યું હતું કે ગુનાની પ્રકૃતિ અત્યંત ગંભીર હતી, જેના કારણે આરોપીઓ કોઈ પણ પ્રકારની નરમાશને પાત્ર નથી.



12 દોષિતોને સજા: અદાલતે પુરાવાઓના આધારે 12 આરોપીઓને ગુનેગાર ઠેરવી તેમને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. દાઉદ હજુ પણ ફરાર આ કેસના મુખ્ય સૂત્રધાર મનાતા અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ સહિત કુલ 15 આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી બહાર છે, જેમને અદાલતે સત્તાવાર રીતે 'ફરાર' જાહેર કર્યા છે.

ઐતિહાસિક સુનાવણી: 33 વર્ષ સુધી કેસ ચાલવા છતાં તપાસ એજન્સીઓએ હિંમત હાર્યા વગર પુરાવાઓ એકઠા કર્યા હતા, જે આજે ફળ્યા છે.

આ ચુકાદાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ગુનો ગમે તેટલો જૂનો હોય, કાયદાના હાથ લાંબા છે અને તે ગુનેગારના ગળા સુધી પહોંચી જ શકે છે. ફરાર જાહેર કરાયેલા 15 આરોપીઓ સામે હવે ઈન્ટરપોલ અને આંતરરાષ્ટ્રીય સ્તરે દબાણ વધારવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# વાહનો પર જાતિસૂચક શબ્દો લખશો તો થશે મોટો દંડ

બિહારમાં પરિવહન વિભાગે તમામ વાહનો પરથી જાતિસૂચક શબ્દો હટાવવાનો કડક નિર્દેશ આપ્યો છે અને વાહન ચાલક નિયમનું ઉલ્લંઘન કરે તો બે હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો આદેશ અપાયો

પટના

આમ તો સામાન્ય રીતે વાહન પર રજીસ્ટ્રેશન નંબર પ્લેટ અને જે-તે વાહન કંપનીનું નામ હોય છે, જ્યારે અન્ય કોઈ શબ્દો લખવા ગુનો બને છે. હાલના સમયમાં અનેક વાહનો પર જાતિસૂચક શબ્દો લખાયેલા જોવા મળે છે, ત્યારે હવે આવા શબ્દો વાહન પર લખાયેલા જોવા મળશે તો કડક દંડ ફટકારવાનો આદેશ અપાયો છે.

બિહારમાં પરિવહન વિભાગે તમામ વાહનો પરથી જાતિસૂચક શબ્દો હટાવવાનો કડક નિર્દેશ આપ્યો છે અને વાહન ચાલક નિયમનું ઉલ્લંઘન કરે તો બે હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો આદેશ અપાયો છે. વિભાગે ચેતવણી આપી છે કે, તમામ વાહન માલિકો એક મહિનાની અંદર જાતિસૂચક શબ્દો અથવા સ્ટીકરો હટાવી દે. ત્યારપછી પોલીસ વિશેષ અભિયાન હાથ ધરીને તમામ વાહનોની કડકાઈથી તપાશ કરશે અને ઉલ્લંઘન કરનારને કડક દંડ ફટકારશે.




આદેશમાં સ્પષ્ટ કહેવાયું છે કે, નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહન માલિકોને મોટર અધિનિયમ-1988ની કલમ 177 અને 179 હેઠળ બે હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. વિભાગે તમામ વાહન માલિકોને નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં વાહનો પર જાતિસૂચક શબ્દો લખવા કે સ્ટીકરો લગાવવાનું ભારે ઘેલું છે, તેથી જ વિભાગ દ્વારા આવા કડક આદેશ જાહેર કરવામાં આવે છે.

બિહાર પરિવિભાગે જાતિસૂચક શબ્દો હટાવવાનું કડકાઈથી પાલન કરવા માટે એઆઈ કેમેરાથી સજ્જ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ પર ઝડપી કામગીરી હાથ ધરી દીધી છે. આ માટે આખા રાજ્યમાં 700 સ્થળો પર એઆઈ કેમેરાથી સજ્જ ઈન્ટેલિજન્સ ટ્રાફિક મેનજેમેન્ટ સિસ્ટમ (ITMS) લગાવવામાં આવશે. અધિકારીઓએ કહ્યું કે, આ માટે સ્થળોની પસંદગીની કામગીરી ટૂંક સમયાં શરૂ કરાશે.

# 25 દિવસથી ફરાર TCS ધર્મ પરિવર્તન કેસની આરોપી નિદા ખાનની ધરપકડ

નવી દિલ્હી

મહારાષ્ટ્રના નાસિકમાં કથિત ધર્મ પરિવર્તન કેસમાં ફરાર થયેલી નિદા ખાનની આખરે ધરપકડ કરવામાં આવી છે. લગભગ 25 દિવસ બાદ તેને છત્રપતિ સંભાજી નગર જિલ્લાના નારેગાંવ વિસ્તારમાંથી કસ્ટડીમાં લેવામાં આવી છે. ધરપકડ બાદ તેને મેડિકલ તપાસ માટે લઈ જવાઈ હતી અને હવે ટ્રાન્ઝિટ વોરંટની પ્રક્રિયા પુરી થયા બાદ નાસિક લઈ જવાઈ છે.

27 એપ્રિલે નિદા ખાને આગોતરા જામીન અરજી કરી હતી, જેનાપર કોર્ટમાં બંને પક્ષો તરફથી જોરદાર દલીલો થઈ હતી. આ કેસની તપાસ કરી રહેલી એસઆઈટીએ પુરાવા એકઠા કર્યા હતા, જેને સરકારી વકીલોએ કોર્ટમાં રજૂ કરાતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે, નિદા ખાન પીડિત યુવતિઓને અન્ય ધર્મ શિખવાડીને ધર્મ બદલવાનું ષડયંત્ર રચવા માટે કેવા કાવાદાવા કરી રહી હતી. હવે જોવાનું એ રહ્યું કે, ધરપકડ બાદ નિદા ટીસીએસ કાંડના વધુ કયાં કયાં રાજ ખોલે છે. ટીસીએસ કેસમાં મુખ્ય આરોપીઓમાંની એક નિદા ખાનની આગોતરા જામીન અરજી ફગાવતાં કોર્ટે ટિપ્પણી કરી હતી કે, પીડિતાને સંગઠિત પ્રયાસો દ્વારા બ્રેઈનવોશ કરવા અને તેને મલેશિયા મોકલવાની વ્યવસ્થિત યોજના હોવાનું જણાય છે, જ્યારે ગયા અઠવાડિયે કથિત જાતીય સતામણી અને બળજબરીથી ધર્માંતરણ સંબંધિત કેસમાં ટીસીએસ કર્મચારી નિદા ખાનને ધરપકડ પૂર્વે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.



## બંગાળમાં TMC કેબિનેટ બરખાસ્ત

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળના રાજકારણમાં આજે સૌથી મોટો ઐતિહાસિક ઉલટફેર જોવા મળ્યો છે. રાજ્યપાલ આર.એન. રવિએ વિધાનસભા ભંગ કરવાનો સત્તાવાર આદેશ આપી દીધો છે. આ સાથે જ મમતા બેનર્જીની 15 વર્ષ જૂની સરકારનો અંત આવ્યો છે. પશ્ચિમ બંગાળના રાજકારણમાં આજનો દિવસ (7 મે 2026) ઈતિહાસના પાના પર નોંધાઈ ગયો છે. રાજ્યપાલ આર.એન. રવિએ એક મોટો અને અણધાર્યો નિર્ણય લેતા પશ્ચિમ બંગાળ વિધાનસભાને ભંગ કરવાનો સત્તાવાર આદેશ આપી દીધો છે. કોલકાતા ગેઝેટમાં પ્રકાશિત આ નોટિફિકેશન સાથે જ મમતા બેનર્જીની સરકાર બંધારણીય રીતે બરખાસ્ત થઈ ગઈ છે અને તેઓ હવે મુખ્યમંત્રી રહ્યા નથી.

# શું બંગાળ ચૂંટણીના વિવાદો ખરેખર ઈન્ટરનેશનલ કોર્ટ (ICJ)માં જઈ શકે?

અમદાવાદ

સોશિયલ મીડિયા અને રાજકીય ગલિયારાઓમાં ઘણીવાર એવા દાવા કરવામાં આવે છે કે ચૂંટણીમાં થયેલી ગેરરીતિ કે હારના મામલાને 'ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ' (ICJ) માં લઈ જવામાં આવશે. પરંતુ શું આ કાયદાકીય રીતે શક્ય છે? 'પાક્કો ગુજરાત' તેના વાચકો માટે આ વિષયનું તથ્ય તપાસી રહ્યું છે.

સૌ પ્રથમ એ જાણવું જરૂરી છે કે ICJ એ શું છે. બીજા વિશ્વયુદ્ધ બાદ 1945માં સાન ફ્રાન્સિસ્કો કોન્ફરન્સ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર (UN) ના ચાર્ટરના ભાગરૂપે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

મુખ્ય મથક: નેધરલેન્ડના 'ધ હેગ' (The Hague) ખાતે આવેલું છે.



દરજ્જો: તે સંયુક્ત રાષ્ટ્રનું મુખ્ય ન્યાયિક અંગ (Principal Judicial Organ) છે.

કાર્ય: તેનું મુખ્ય કામ બે અલગ-અલગ દેશો વચ્ચેના સરહદી કે કાયદાકીય વિવાદોનું નિરાકરણ લાવવાનું છે.

ઘણા રાજકીય કે સામાજિક આગેવાનો લોકોને ગેરમાર્ગે દોરવા માટે ICJ માં જવાની વાતો કરતા હોય છે, પરંતુ કાયદો કંઈક અલગ કહે છે: માત્ર દેશો વચ્ચેના વિવાદ: ICJ માં માત્ર સંપ્રભુ રાષ્ટ્રો (Sovereign States) જ પક્ષકાર બની શકે છે. કોઈ પણ રાજ્યના મુખ્યમંત્રી, રાજકીય પક્ષ કે વ્યક્તિગત રીતે કોઈ નેતા ત્યાં કેસ દાખલ કરી શકતા નથી.

આંતરિક બાબતોમાં દખલગીરી નહિ: કોઈપણ દેશની ચૂંટણી એ તે દેશનો આંતરિક મામલો છે. આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ, ICJ કોઈ દેશની લોકશાહી પ્રક્રિયા કે ચૂંટણી પરિણામોમાં સીધી દખલગીરી કરી શકતું નથી.

# ચૂંટણી બાદ બંગાળમાં સરકાર રચવા જતી ભાજપને કુમાર વિશ્વાસની સલાહ

ભાજપ આગામી 9 મેના રોજ શપથ ગ્રહણ સમારોહ યોજવાની યોજના બનાવી રહ્યું છે

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત બાદ હવે રાજ્યમાં નવી સરકારની રચનાની તૈયારીઓ તેજ બની છે. ભાજપ આગામી 9 મેના રોજ શપથ ગ્રહણ સમારોહ યોજવાની યોજના બનાવી રહ્યું છે. આ ઐતિહાસિક ક્ષણ પહેલા જાણીતા કવિ કુમાર વિશ્વાસે ભાજપને એક સૂચક સલાહ આપી છે. તેમણે ચેતવણી આપી છે કે સરકારમાં એવા લોકોનો સમાવેશ ન થવો જોઈએ જેઓ માત્ર સત્તા માટે પક્ષ બદલતા રહે છે. સત્તા પરિવર્તન અને કુમાર વિશ્વાસની સલાહ કુમાર વિશ્વાસે ભાજપની નવી સરકારને ચેતવણી આપતા જણાવ્યું છે કે, આ વિજય જે કાર્યકરોના બલિદાન અને સંઘર્ષને કારણે મળ્યો છે, ખરા અર્થમાં તેમનું જ સન્માન જળવાવું જોઈએ. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જે લોકો અગાઉ ડાબેરી



શાસનમાં સક્રિય હતા અને ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા, જો એવા જ તકવાદી લોકો ફરીથી પક્ષ બદલીને ભાજપમાં આવી જશે તો બંગાળની જનતાની મુશ્કેલીઓનો ક્યારેય અંત નહીં આવે. સત્તા મેળવવા માટે વેશ બદલનારા આવા લોકોથી બંગાળને બચાવવું અત્યંત મહત્ત્વનું છે. મમતા બેનરજીના રાજીનામાના મુદ્દે કુમાર વિશ્વાસે ભારપૂર્વક જણાવ્યું કે લોકશાહીમાં નિયમોનું પાલન થવું જોઈએ. જે પક્ષ પાસે સૌથી વધુ ધારાસભ્યો હોય, રાજ્યપાલ તેમના નેતાને જ સત્તા સોંપતા હોય છે. તેમણે મમતા બેનરજીને આ પરાજય પર મંથન કરવાની સલાહ આપતા કટાક્ષ કર્યો કે, મમતાએ જે અનિષ્ટ શક્તિઓ સામે લડત શરૂ કરી હતી, કાળક્રમે એ જ તત્વો તેમની પાર્ટીમાં ભળી ગયા હતા.

### અજબ પ્રેમ કી ગજબ કહાની

# જેલમાં લેડી જેલરના પ્રેમમાં 'કેદ' થયો કેદી, સજા પૂરી થતા જ હિન્દુ રીતિ-રિવાજથી રચાવ્યા લગ્ન!

જેલર તરીકે ફિરોઝા ધર્મેન્દ્રને શિસ્તના પાઠ ભણાવતી હતી, પરંતુ ધીમે ધીમે બંને વચ્ચે વાતચીત શરૂ થઇ

મધ્યપ્રદેશ

પ્રેમ ગમે ત્યાં થઈ શકે છે અને ગમે તેની સાથે થઈ શકે છે, આ વાત મધ્યપ્રદેશના સતનામાં સાચી સાબિત થઈ છે. સામાન્ય રીતે જેલ એ સજા અને શિસ્તનું સ્થાન માનવામાં આવે છે, પરંતુ સતનાની જેલમાં એક એવી પ્રેમકથા પાંગરી કે જેનો અંત લગ્નના પવિત્ર બંધન સાથે આવ્યો છે.

આ વાર્તાના નાયક અને નાયિકા છે ધર્મેન્દ્ર અને ફિરોઝા. ધર્મેન્દ્ર હત્યાના ગુનામાં જેલમાં સજા કાપી રહ્યો હતો. જેલની ચાર દીવાલો વચ્ચે તેની મુલાકાત લેડી જેલર ફિરોઝા સાથે થઈ. જેલવાસ દરમિયાન ધર્મેન્દ્રના વ્યવહારમાં આવેલા પરિવર્તનને ફિરોઝાએ પારખ્યું. શિસ્તમાંથી પ્રેમ: જેલર તરીકે ફિરોઝા ધર્મેન્દ્રને શિસ્તના પાઠ ભણાવતી હતી, પરંતુ ધીમે ધીમે બંને વચ્ચે વાતચીત શરૂ થઈ અને આ મુલાકાતો પ્રેમમાં પરિવર્તિત થઈ ગઈ. ધર્મેન્દ્ર જ્યારે પોતાની સજા પૂરી કરીને જેલની બહાર આવ્યો, ત્યારે બંનેએ સાથે જીવવાનો નિર્ણય કર્યો. આ પ્રેમકથામાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે બંનેએ ધર્મ અને સામાજિક મર્યાદાઓથી ઉપર ઉઠીને લગ્ન કરવાનું નક્કી કર્યું. આ લગ્ન માત્ર પ્રેમ લગ્ન ન રહેતા સામાજિક એકતાનું પ્રતીક બન્યા: વૈદિક પરંપરા: ધર્મેન્દ્ર અને ફિરોઝાએ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ સાત ફેરા લીધા. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) ના કાર્યકરોએ આ લગ્નમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. વિહિપના સભ્યોએ આગળ આવીને ફિરોઝાનું 'કન્યાદાન' કર્યું અને એક પિતા-ભાઈની જેમ લગ્નની તમામ વિધિઓ સંપન્ન કરાવી. આ અનોખા લગ્નની તસવીરો અત્યારે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. લોકો કહી રહ્યા છે કે જેલમાં જે જેલરે ધર્મેન્દ્ર પર નજર રાખી હતી, હવે તે આખી જિંદગી તેની જીવનસંગિની બનીને સાથે રહેશે.



# બેંગલુરુમાં જાહેરમાં પત્નીનું ગળું કાપવાની કોશિશ કરતાં પતિને રાહદારીઓએ ઢીબી કાઢ્યો

સંજયના દારૂ પીવાની કુટેવને કારણે દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા

નવી દિલ્હી

કર્ણાટકના બેંગ્લુરુમાં માનવતા અને બહાદુરીનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવા મળ્યું છે. જ્યારે એક પાગલ બનેલો પતિ પોતાની પત્નીની જાહેરમાં હત્યા કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે ત્યાંથી પસાર થતા લોકો મૂકપ્રેક્ષક બનવાને બદલે મદદે દોડી આવ્યા હતા. લોકોએ આરોપીને બરાબરનો મેથીપાક ચખાડી મહિલાને મોતના મુખમાંથી બચાવી લીધી હતી.

અહેવાલો અનુસાર, મૂળ બિહારના રહેવાસી સંજય અને સોનાલી બેંગ્લુરુમાં સ્થાયી થયા હતા. આ બંનેના બીજા લગ્ન હતા. જોકે, સંજયના દારૂ પીવાની કુટેવને કારણે દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. વિવાદ એટલો વધ્યો હતો કે સોનાલીએ સંજય સાથે રહેવાનો ઈનકાર કરી દીધો હતો. આ વાતનો ખાર રાખીને સંજયે સોનાલીને ખતમ કરવાનો પ્લાન બનાવ્યો હતો.



નેલમંગલા વિસ્તાર નજીકના સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે સોનાલી રસ્તા પરથી પસાર થઈ રહી હતી, ત્યારે હેલ્મેટ પહેરીને સ્કૂટર પર આવેલા સંજયે તેને આંતરી હતી. સંજયે સોનાલીને પકડીને જમીન પર પછાડી દીધી હતી અને તેનું ગળું કાપી નાખવાનો પ્રયાસ કર્યો હતો. સોનાલી જીવ બચાવવા માટે સંઘર્ષ કરી રહી હતી.

સામાન્ય રીતે આવી ઘટનાઓમાં લોકો વીડિયો બનાવવામાં વ્યસ્ત રહેતા હોય છે, પરંતુ અહીં લોકોએ હિંમત બતાવી હતા. મહિલાની ચીસો સાંભળીને આસપાસના લોકો અને વાહનચાલકો તુરંત દોડી આવ્યા હતા.


## તંત્રી લેખ...

# વિચારધારા: બુદ્ધિથી તો બધું મળશે, પણ ભાગ્ય વિના ભોગવી નહીં શકાય!

કહેવાય છે કે માણસ પોતાની બુદ્ધિના જોરે પહાડો પણ કોતરી શકે છે, પરંતુ જ્યારે વાત જીવનના સંતોષ અને સુખની આવે છે, ત્યારે ગણિત કંઈક અલગ જ હોય છે. આજના ભાગદોડભર્યા યુગમાં માણસ 'મેળવવા'ની લ્હાયમાં એટલો આંધળો થયો છે કે તે નીતિ-અનીતિ વચ્ચેનો તફાવત ભૂલી ગયો છે.

બુદ્ધિ અને કપટ: પ્રાપ્તિનું સાધન

વર્તમાન સમયમાં ચતુર બુદ્ધિ અને ક્યારેક કપટના સહારે માણસ ધન, સંપત્તિ, સત્તા અને દુનિયાની દુર્લભ વસ્તુઓ મેળવી લે છે. શોર્ટકટ દ્વારા સફળતાના શિખરો સર કરવા કદાચ આસાન હોઈ શકે. બુદ્ધિ તમને ભૌતિક સુખના સાધનો સુધી પહોંચાડી શકે છે, પણ શું તે સુખની ગેરંટી આપી શકે છે?



ભોગવટા માટે જોઈએ 'કૃપા' શાસ્ત્રો અને અનુભવીઓનું માનવું છે કે: 'બુદ્ધિ અને કપટથી કદાચ જીવનમાં ઘણી દુર્લભ વસ્તુઓ મેળવી શકાય, પણ ભાગ્ય અને ભગવાનની કૃપા વિના તેને ભોગવી શકાતી નથી.' તમારી પાસે સોનાની થાળી હોય પણ જો સ્વાસ્થ્ય સાથ ન આપતું હોય, તો એ થાળીની કોઈ કિંમત નથી. તમારી પાસે આલીશાન બંગલો હોય પણ જો તેમાં શાંતિથી ઉંઘ ન આવતી હોય, તો એ બુદ્ધિથી મેળવેલી સંપત્તિ વ્યર્થ છે. સંપત્તિ હોવી એ 'સિદ્ધિ' છે, પણ તેને શાંતિથી ભોગવી શકવી એ 'ઈશ્વરની કૃપા' છે. લેખના મુખ્ય અંશ:

* કર્મ અને ફળ: બુદ્ધિ કર્મનું પ્રતીક છે, જ્યારે ભોગવટો એ ભાગ્યનું પ્રતીક છે.
* સંતોષ: જે વસ્તુ કપટથી મેળવી હોય, તેનો ભય હંમેશા મનમાં રહે છે, જે ભોગવટામાં અવરોધ બને છે.
* ઈશ્વરીય સંકેત: લાખોની કમાણી કરનાર વ્યક્તિ ક્યારેક સાદું ભોજન પણ નથી ખાઈ શકતી, જ્યારે એક શ્રમિક શાંતિથી સુઈ શકે છે - આ જ ભાગ્યનો ખેલ છે.

પાક્કો ગુજરાતની સલાહ:

બુદ્ધિનો ઉપયોગ પ્રગતિ માટે કરો, પણ કપટથી બચો. કારણ કે અંતે તો એ જ કામ આવશે જે નસીબમાં હશે અને જેના પર પરમાત્માની મંજૂરી હશે. સફળતા મેળવવી એ પુરુષાર્થ છે, પણ તેને ભોગવવાનું સૌભાગ્ય મેળવવું એ પરમ તત્વની કૃપા છે.

- ગ્રુપ એડિટર પવન માકન

# અવકાશી યુદ્ધ : ટેક્નોલોજીના અવિચારી ઉપયોગની વિનાશલીલા

**છેલ્લાં ઘણા સમયથી ચર્ચા ચાલે છે કે, અવકાશમાં ઉપગ્રહો નષ્ટ કરવાની ટેક્નોલોજી કેટલાક દેશો દ્વારા વિકસાવવામાં આવી છે. તેના કારણે જ આ ભય તરફ દુનિયાની નજર જઈ રહી છે. અવકાશમાં જે યુદ્ધ થશે તેની અસર વ્યાપક અને દુરોગામી હશે. માત્ર એક સેટેલાઈટ તોડી પાડવામાં આવે તો તે માત્ર સાધન તોડી પાડવા જેવું નથી : જો ઉપગ્રહો તોડી પાડવામાં આવશે તો તેનો કાટમાળ અવકાશમાં જ અત્યંત ઝડપથી ફર્યા કરશે અને તેની ભ્રમણકક્ષામાં આવનારા અન્ય ઉપગ્રહોને પણ નુકસાન પહોંચાડશે.**

ટેક્નોલોજીનો જેમ જેમ વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ વિશ્વભરમાં યુદ્ધોનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. ટેક્નોલોજીનો જે રીતે અવિચારી અને અધધ ઉપયોગ થઈ રહ્યો છે તે જોતાં લાગી રહ્યું છે કે, આવનારા દિવસોમાં માત્ર જમીન, પાણી કે હવા સુધી જ આ યુદ્ધ સિમિત રહેશે નહીં. ધીમે ધીમે દુનિયાભરના દેશો અવકાશ તરફ ગતિ કરવા માંડયા છે. ત્યાં તેઓ પોતાની ઈજારાશાહી સાબિત કરવામાં આક્રમક થઈ રહ્યા છે. તેના પગલે એવું દેખાઈ રહ્યું છે કે, આગામી યુદ્ધ વધારે વિનાશક અને ભયાવહ હશે. હાલમાં મિડલ ઈસ્ટમાં જે રીતે યુદ્ધ લડાઈ રહ્યું છે તે જોતા લાગી છે કે, આગામી વર્ષોમાં યુદ્ધ આકાશ નહીં પણ અવકાશ સુધી પહોંચી જશે. હાલમાં ઘણા દેશો દ્વારા અવકાશમાં યુદ્ધ લડવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે તો બચાવની રણનીતિઓ પણ બનાવવામાં આવી રહી છે. એક વાત છે કે તેમાં માણસોની ભૂમિકા ઓછી રહેશે અને ઓટોમેટિક હથિયારો અને સાધનોનું મહત્ત્વ વધી જશે. આજના યુદ્ધ ઉપર જ નજર કરીએ તો તે સરહદે ઊભેલા સૈનિકો કરતા અવકાશમાં બે હજાર કિ.મી ઉપર રહેલા ઉપગ્રહો અને તેની સાથે જોડાયેલા રોકેટ અને મિસાઈલો ઉપર વધારે આધાર રાખે છે. આ ઉપગ્રહો દુનિયાભરની કામગીરીઓની નોંધ લે છે અને ઓટોમેટિક વેપન્સ તેનો ઉપયોગ કરે છે. સૈન્ય રણનીતિઓથી માંડીને મસાઈલો અને ડ્રોન હુમલા સુધી બધું જ ધીમે ધીમે ઓટોમેટિક થઈ રહ્યું છે. આ તમામના ડેટા અને માર્ગદર્શન માટે અવકાશમાં નજર કરવામાં આવી રહી છે. અવકાશમાં રહેલા સેટેલાઈટ્સ દ્વારા તમામ બાબતો ઉપર કન્ટ્રોલ અને કમાન્ડ કરવામાં આવી રહ્યો છે. આ એક જ એવી બાબત છે જે ભવિષ્યમાં અંતરીક્ષમાં યુદ્ધના પડઘમ લાવી શકે છે. જો એક વખત અવકાશમાં યુદ્ધની શરૂઆત થઈ તો સમગ્ર માનવજાત ઉપર તેની ગંભીર અને લાંબાગાળાની અસર પડશે. માણસોએ વિચાર કરવો જ પડશે કે તેના દ્વારા વિકસાવાયેલી ટેક્નોલોજી અને તેની શક્તિઓ ક્યાંક તેના જ વિનાશ માટેનું સાધન ન બની જાય. છેલ્લાં ઘણા સમયથી ચર્ચા ચાલે છે કે, અવકાશમાં ઉપગ્રહો નષ્ટ કરવાની ટેક્નોલોજી કેટલાક દેશો દ્વારા વિકસાવવામાં આવી છે. તેના કારણે જ આ ભય તરફ દુનિયાની નજર જઈ રહી છે. અવકાશમાં જે યુદ્ધ થશે તેની અસર વ્યાપક અને દુરોગામી હશે. માત્ર એક સેટેલાઈટ તોડી પાડવામાં આવે તો તે માત્ર સાધન તોડી પાડવા જેવું નથી. તેની સાથે સંકળાયેલું સમગ્ર માળખું તુટી પડે છે. તેની સાથે જોડાયેલું માનવજીવન પણ વેરવિખેર થઈ જાય છે. બીજી તરફ એવો પણ ભય છે કે, જો ઉપગ્રહો તોડી પાડવામાં આવશે તો તેનો કાટમાળ અવકાશમાં જ અત્યંત ઝડપથી ફર્યા કરશે અને તેની ભ્રમણકક્ષામાં આવનારા અન્ય ઉપગ્રહોને પણ નુકસાન પહોંચાડશે. આ એક એવું વિષચક્ર છે જે શરૂ થયા બાદ





ક્યારેય અટકશે નહીં. અંતરિક્ષ જોતજોતામાં એક જ દાયકામાં નષ્ટ થયેલા ઉપગ્રહોના કાટમાળનું ડમ્પયાર્ડ બની જશે. તેના કારણે સમગ્ર માનવસભ્યતા ટેકનિકલ મામલે ફરી અંધકાર યુગમાં ધકેલાઈ શકે છે. હાલમાં જો થોડા સમય માટે પણ ફોનનું નેટવર્ક આવતું નથી કે પછી ડેટા બંધ થઈ જાય છે તો આપણે બેબાકળા થઈ જઈએ છીએ. હવે જો ઈન્ટરનેટ કાયમી બંધ થઈ જાય તો આપણી શું પરિસ્થિતિ થાય. અવકાશમાં થનારા દરેક નુકસાનની અસર પૃથ્વી ઉપર સીધી જ દેખાવાની છે. ઉપગ્રહો તૂટી પડે તો જીપીએસ નષ્ટ થઈ જાય. તેના પગલે હવાઈ જહાજો રસ્તો ભટકી જાય, દરિયામાં જહાજો પોતાના નિયત સ્થાને પહોંચી ન શકે અને ઈમર્જન્સી સેવાઓ પણ ખોરવાઈ જવાનો ભય રહેલો છે. હોસ્પિટલના સાધનો, બેન્કિંગ સિસ્ટમ અને વ્યવસ્થાપન તંત્ર પણ ખોરવાઈ જાય તેમ છે. આ કોઈ એક દેશ કે પ્રદેશની સમસ્યા નથી પણ સમગ્ર માનવજાત માટે આ સમસ્યા ઊભી થાય તેમ છે. તે વખતે પૃથ્વી ઉપર એક ગોળી ચલાવ્યા વગર પણ માનવજાતને નર્કની અનુભુતી કરાવી શકાય છે. અવકાશમાં થતા હુમલા કે યુદ્ધની અસર સમગ્ર વિશ્વને ભોગવવાની આવશે. તેના દ્વારા વૈશ્વિક અર્થતંત્રના પાયા હચમચી જશે. હાલમાં દુનિયામાં ચાલી રહેલું ડિજિટલ તંત્ર માત્ર એક સુવિધઆ નથી પણ આર્થિક જીવન, સામાજિક જીવન અને માનવજીવનનો પ્રાણ છે. બેન્કિંગ સિસ્ટમ, ઓનલાઈન વ્યવહારો, શેરબજાર, ઈન્ટરનેશનલ વેપાર, ઈમર્જન્સી સેવાઓ, ઈકોમર્સ સેવાઓ અને અભ્યાસ થતા બીજા ઘણી સેવાઓ દરરોજ ઉપગ્રહો આધારિત જ ચાલે છે. હવે તેની માહિતી આવતી બંધ થઈ જાય તેની સાથે જ તમામ માળખા પત્તાના મહેલની જેમ ધ્વસ્ત થઈ જાય તેમ છે. હાલની વૈશ્વિક પરિસ્થિતિ જોઈએ તો દુનિયાભરના વેપાર અને ઉદ્યોગો ક્રિપ્ટો કરન્સી તરફ આગળ વધી રહ્યા છે. તે ઉપરાંત રિયલ ટાઈમ ગ્લોબલ ટ્રેડિંગ જેવી વ્યવસ્થાઓ આકાર લઈ રહી છે. આ સંજોગોમાં અંતરિક્ષ યુદ્ધ આ માળખું નષ્ટ કરી દે તેમ છે. તે ઉપરાંત પોર્ટ, એરપોર્ટ અને અન્ય જગ્યાઓના કામકાજ રોકાઈ જાય તેમ છે. જરૂરી વસ્તુઓની અછત સર્જાવા લાગે. તે ઉપરાંત રોજગારી અને મોંઘવારી પણ મોટાપાયે વધી જાય તેમ છે. હાલમાં માનવજાત માટે ડિજિટલ નિર્ભરતા એટલી વ્યાપક થઈ ગઈ છે કે તેમાંથી નીકળવું તેના માટે અસ્તિત્વ ગુમાવવા જેવું થઈ જાય તેમ છે. જાણકારો માને છે કે, ગમે ત્યારે અવકાશમાં યુદ્ધ થવાના એંધાણ છે. જે દિવસે આ યુદ્ધ થશે ત્યારે કોઈ શોરબકોર નહીં થાય પણ પૃથ્વી ઉપર બધું જ પડી ભાંગશે અને અર્થતંત્ર, સમાજતંત્ર અને કદાચ એમ કહીએ કે માનવ અસ્તિત્વ કાટમાળ જેવું થઈ જશે. ચિંતાજનક બાબત એવી છે કે, દરેક દેશો હવે આક્રમકતાથી જ વ્યવહાર કરી રહ્યા છે. તેમાંય મહાસત્તાઓ પોતાનો દબદબો જાળવવા કોઈપણ હદે જઈ રહી છે. હાલમાં યુદ્ધનો જે માહોલ છે તેમાં તો હવે પરમાણુ ઠેકાણાઓ પણ સુરક્ષિત નથી. જે સ્થાનો ઉપર હુમલા કરવાની મનાઈ હતી આજે તેને જ તોડી પાડવા લોકો આકરા થઈ રહ્યા છે. રશિયા અને યુક્રેન યુદ્ધમાં તેની અસર જોવા મળી જ હતી. તે ઉપરાંત અમેરિકાએ પણ ઈરાનના ન્યૂક્લિયર પ્રોજેક્ટ તોડી પાડવાના ભરપૂર પ્રયાસ કર્યા જ છે. રશિયા આજે પણ કહે છે કે, યૂક્રેનનું સૌથી મોટું ન્યૂક્લિયર રિએક્ટર તેના ટાર્ગેટ ઉપર છે. હવે જો તેને નુકસાન કરવામાં આવે તો માત્ર યૂક્રેન નહીં પણ સમગ્ર યુરોપમાં તેની ઘાતક અસરો થાય તેમ છે. દુનિયાની મહાસત્તાઓ પોતાનો દબદબો જાળવવા માટે મર્યાદાની લક્ષ્મણરેખાઓ ઓળંગી રહી છે. આ સંજોગોમાં ભવિષ્યમાં તો અવકાશમાં જઈને પણ હુમલા ન કરે તો નવાઈ પામવા જેવું છે. માત્ર રોકેટ કે મિસાઈલ દ્વારા હુમલા જ તેવું જરૂરી નથી. અવકાશમાં સાઈબર યુદ્ધ પણ થઈ શકે છે. દેશો દ્વારા એકબીજા ઉપર સાઈબર હુમલા કરીને સમગ્ર ઉપગ્રહ અને તેની સિસ્ટમને હેક કરવામાં કે ખરાબ કરવામાં આવી શકે છે. થોડા સમય પહેલાં અમેરિકાની પરમાણુ એજન્સીઓમાં હેકિંગનો પ્રયાસ અને તે ઉપરાંત વૈશ્વિક ધોરણે પણ ઘણી કંપનીઓની સિસ્ટમ હેક કરીને તેમના પર કરાયેલા રેન્સમવેર હુમલા એ વાતની સાબિતી છે. હવે માત્ર બોમ્બ નાખવા કે રોકેટ મારવા સુધી જ યુદ્ધ રહ્યું નથી. સાઈબર એટેક દ્વારા પણ સમગ્ર માળખાને ધ્વસ્ત કરી જ શકાય છે. તેમાંય પરમાણુ રિએક્ટર અને પ્લાન્ટને હેક કરીને તેની કામગીરી ખોરવવી કે તેમાં વિસ્ફોટ કરવા હવે સામાન્ય

# 120 દિવસમાં દક્ષિણ ધ્રુવ ખંડને પાર કરવાનો લક્ષ્યાંક

**વળી, શેકલટન કાંઈ પેસેન્જર ક્રુઝમાં સહેલગાહે નહોતા નીકળ્યા, પરંતુ South Sea Islands ની જોખમી અને કઠિન સાહસયાત્રાએ નીકળ્યા હતા, જેમાં જાનનું જોખમ હતું. દક્ષિણ અમેરિકાના દેશ આર્જેન્ટિનાના પાટનગર બુએનોસ આઈરિસ સુધીની સાગર સફર તો કોઈપણ જાતની તકલીફ વગર સરળ રહી.**

વળી, શેકલટન કાંઈ પેસેન્જર ક્રુઝમાં સહેલગાહે નહોતા નીકળ્યા, પરંતુ South Sea Islands ની જોખમી અને કઠિન સાહસયાત્રાએ નીકળ્યા હતા, જેમાં જાનનું જોખમ હતું. દક્ષિણ અમેરિકાના દેશ આર્જેન્ટિનાના પાટનગર બુએનોસ આઈરિસ સુધીની સાગર સફર તો કોઈપણ જાતની તકલીફ વગર સરળ રહી. તારીખ ૨૬ ઓક્ટોબરે અમે ત્યાંથી સાઉથ જ્યોર્જિયા જવા માટે આગળ વધ્યા-બ્રિટિશ સામ્રાજ્યનું આ છેક દક્ષિણ તરફનું થાણું હતું. અહીં અમે આખરી તૈયારી માટે લગભગ એકાદ મહિનો રોકાયા. અમે બુએનોસ આઈરિસ પોર્ટ છોડયું તે વખતે અમને મહાયુધ્ધના છેલ્લા ન્યૂઝ જાણવા મળ્યા મુજબ રશિયન લશ્કરનું સ્ટિમરોલર આગળ વધી રહ્યું'તું. ત્યાં અમને એવી ખબર પણ ઘણાં પાસેથી જાણવા મળી કે આ વિશ્વયુધ્ધ લગભગ છએક મહિનામાં ખતમ થઈ જશે. અમે દેશસેવામાં જોડાઈ ન શકવાના ખેદ સાથે આગળ વધવા માટે તૈયાર થયા. પણ સાથોસાથ અમને મનોમન ગૌરવ હતું કે અમારા દેશનું સન્માન વધે એવી સાહસયાત્રાએ અમે જઈ રહ્યા છે. તા. ૧૫ ડિસેમ્બરે સાઉથ જ્યોર્જિયા છોડવાનું અમે નક્કી કર્યૂં. એ સમયગાળા દરમિયાન અમે અહીંથી વેડેલ સમુદ્ર વિશે સારી એવી જાણકારી મેળવી લીધી. વેડેલ સમુદ્રમાં જવાનો સૌથી શ્રેષ્ઠ સમય ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચની શરૂઆતમાં છે. અગાઉ વેડેલ સમુદ્રમાં જઈ આવેલા સાહસિકો પાસેથી અમને એ સમુદ્રની ખાસિયતો અને એ સમુદ્રમાં ક્યારે બરફની શી સ્થિતિ હોય છે, કે ગ્લેસિયર ક્યારે તૂટતા હોય છે, એની ઘણી બધી જાણકારી અમને મળી ગઈ. આ તમામ માહિતીના આધારે અમે અમારા જહાજમાં બળતણ માટે પુરતા પ્રમાણમાં કોલસાનો જથ્થો ભરી દીધો. વેડેલ સમુદ્રમાં પહોંચતા શિયાળો શરૂ થઈ જવાનો હતો. પરંતુ આ સમયગાળામાં અમારૂં જહાજ લાંગરવા માટે સલામત હાર્બર શોધવાનું કામ જરા મુશ્કેલ હતું. જો ત્યાં અમને સલામત હોય એવું હાર્બર ન





મળવાનું હોય તો બહેતર છે કે આખો શિયાળો અમે સાઉથ જ્યોર્જિયામાં રોકાઈએ. તાલીમ પામેલા અમારા ડોગ્સ રોજના ૧૫ થી ૨૦ માઈલ બરફાચ્છાદિત દક્ષિણ ધ્રુવમાં સ્લેજગાડીઓ ખેંચી શકે એટલા સશક્ત હતા. આવી બધી રીતે ગણત્રી મુકતા અમને લાગ્યું કે દક્ષિણ ધ્રુવ ખંડને અમે ૧૨૦ દિવસમાં પાર કરી શકીશું, સિવાય કે રસ્તામાં કોઈ અણધારી મુસીબત ટપકી પડે. વેડેલ સમુદ્ર બહુ જ ખતરનાક અને જોખમી છે. એ સમુદ્રનો પ્રવાસ ખૂબ કઠિન બની રહે તેવો છે અને ત્યાં કોઈ હાર્બર પર જહાજ લાંગરવાનું કાર્ય પણ બહુ મુશ્કેલ છે. ખલાસીઓ, સાહસિકો અને વૈજ્ઞાનિક સંશોધકો માટે વેડેલ સમુદ્રનો પ્રવાસ ઘણી બધી મુશ્કેલીઓ સર્જે એવો છે. આ સમુદ્રમાં પવનની ગતિ સરખામણીમાં ઓછી હોય છે, પણ પરિણામ એ આવે છે કે એ વિસ્તારમાં ગ્રીષ્મ ઋતુ દરમિયાન પણ બરફના ચોસલા જામતા રહે છે. વેડેલ સીમાં ભારે પવન નહીં ફૂંકાતા હોવાથી અહીં બરફના થરના થર એક જગ્યાએ મોટી સંખ્યામાં ભેગા થતા રહે છે. પછી થાય છે એવું કે જંગી માત્રામાં જામેલા બરફના આ થર દરિયાઈ પ્રવાહમાં ખેંચાતા ખેંચાતા પૂર્વીય કાંઠા વિસ્તાર તરફ ઢસડાય છે. અને વેડેલ સમુદ્રના ઉપસાગરમાં કે કાંઠા વિસ્તારનો વળાંક બરફની હિમનદીથી લગભગ બ્લોક થઈ જાય છે. છેવટે સાઉથ જ્યોર્જિયાથી નીકળવાની ઘડી આવી પહોંચી. ૧૯૧૪ ની પાંચમી ડિસેમ્બરે સવારે ૮.૪૫ વાગે જહાજનું લંગર છોડવાનો મેં આદેશ આપ્યો. ખલાસીઓએ અમારા ''Endurance '' જહાજનું લંગર છોડયું ને એ સાથે જ વિકસિત સંસ્કૃતિ સાથેની અમારી લિન્ક કપાઈ ગઈ. કહેવાનો મતલબ કે અમે હવે સંપૂર્ણ બરફાચ્છાદિત અને જ્યાં કોઈ માનવ વસ્તી નથી વિકસી એવા નિર્જન ખંડ તરફ જઈ રહ્યા છે. સવારનો સમય વાદળછાયો અને ડલ હતો, વચ્ચે વચ્ચે પવનના સૂસવાટા સાથે ક્યારેક બરફ વર્ષા થતી હતી. પણ જહાજમાં અમે બધા હળવા મુડમાં હતા. એક વર્ષથી થતી તૈયારીઓ બાદ હવે સાહસયાત્રાની ખરી શરૂઆત થઈ રહી હતી. અમને આશા હતી કે ઉત્તર તરફથી આવતી એકાદ સ્ટિમરના માણસો પાસેથી અમને મહાયુધ્ધની કોઈકને કોઈક ખબર મળશે પણ બીજા દિવસે સાંજે મળેલી સ્ટિમરમાંથી અમને ઝાઝા કોઈ ન્યૂઝ ન મળ્યા. એ સ્ટિમરના કેપ્ટન અને ખલાસીઓ જર્મન તરફી લાગ્યા. બપોરના સમયગાળામાં ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે સતત વરસાદ વરસતો રહ્યો, પણ તે પછી વાતાવરણ ચોખ્ખું થઈ ગયું, વાદળો વિખેરાઈ ગયા. દૂરથી અમને સાઉથ જ્યોર્જિયાનો દરિયાકાંઠો દેખાઈ રહ્યો હતો. અમારૂં જહાજ દક્ષિણ પૂર્વ દિશા તરફ આગળ વધતું'તું. લાંબો અને જોખમી પ્રવાસ હોવાથી ''એન્ડયુરન્સ'' માં બળતણ તરીકે અમે પુરતા પ્રમાણમાં કોલસાનો જથ્થો ઠાંસોઠાંસ ભર્યો હતો.

# માન ઉંમરનું કે આવડતનું? સફેદ વાળ અને જ્ઞાન વચ્ચેનો તફાવત

માણસ કેટલા વર્ષ જીવ્યો એના કરતાં કેવું જીવ્યો, તેનો હિસાબ એટલે અનુભવ. સામાન્ય રીતે આપણા સમાજમાં જ્ઞાનનો સીધો સંબંધ ઉંમર સાથે જોડી દેવામાં આવ્યો છે. આપણે માની લઈએ છીએ કે ચહેરા પરની કરચલીઓ એ સમજદારીની નિશાની છે અને માથાના સફેદ વાળ એ અનુભવનું પ્રમાણપત્ર છે. પરંતુ, શું વર્ષોનું વીતવું એ જ જ્ઞાનની ગેરંટી છે? શું એક રૂઢિચુસ્ત ઓરડામાં વિતાવેલા ૬૦ વર્ષ, રસ્તાની ઠોકરો ખાઈને વિતાવેલા ૨૦ વર્ષ કરતાં કિંમતી હોઈ શકે? આજે સમય પાકી ગયો છે એ સમજવાનો કે 'વડીલ' હોવું અને 'જ્ઞાની' હોવું એ બંને વચ્ચે આભ-જમીનનો તફાવત છે. ઉંમર એ કુદરતની દેન છે, જે સમયની સાથે આપોઆપ વધે છે, પણ સમજણ એ લોહી-પાણી એક કરીને મેળવેલી કમાણી છે. આ આર્ટિકલ કોઈ ઉંમરના અપમાન માટે નહીં, પણ 'અનુભવ'ના સાચા અર્થને સ્થાપિત કરવા માટે છે. ચાલો,



ઉંમરના આંકડાઓ પાછળ છુપાયેલા જ્ઞાનના ભ્રમને તોડીને વાસ્તવિકતાની એ ખુલ્લી ચર્ચા કરીએ કે - માન ખરેખર ઉંમરનું હોવું જોઈએ કે આવડતનું? ઉંમર વધવી એ એક જૈવિક પ્રક્રિયા છે. સમય વહેતો રહે છે અને કેલેન્ડરના પાના બદલાતા રહે છે, પરિણામે માણસ વૃદ્ધ થાય છે. આમાં માણસનો પોતાનો કોઈ પુરુષાર્થ નથી. પરંતુ 'સમજણ' કે 'પરિપક્વતા' એ કુદરતી રીતે મળતી ભેટ નથી. એ તો જીવનના સંઘર્ષો, લીધેલા જોખમો અને કરેલી મહેનતનું પરિણામ છે. જે વ્યક્તિએ આખી જિંદગી માત્ર આરામમાં કે કોઈ પણ પ્રકારની જવાબદારી ઉઠાવ્યા વગર વિતાવી દીધી હોય, તેની પાસે 'વર્ષો' તો હોઈ શકે પણ 'વૈચારિક ભાથું' હોતું નથી. 'કેલેન્ડરના પાના ફાટવાથી જ્ઞાન વધતું હોત, તો દુનિયાનો સૌથી મોટો વિદ્વાન પસ્તીવાળો હોત.' ઘણીવાર આપણે જોઈએ છીએ કે ૨૦ કે ૨૫ વર્ષનો યુવાન એવી સમજદારી બતાવે છે જે ૬૦ વર્ષની વ્યક્તિમાં પણ જોવા મળતી નથી. આનું કારણ એ છે કે એ યુવાને નાની ઉંમરે ઠોકર ખાધી છે, નિષ્ફળતાનો સ્વાદ ચાખ્યો છે અને પોતાની મહેનતથી રસ્તો બનાવ્યો છે. જ્યારે કોઈ વ્યક્તિ સંઘર્ષ કરે છે, ત્યારે તે સમય કરતા વહેલો પરિપક્વ બની જાય છે. તેના માટે અનુભવ એટલે માત્ર પસાર થયેલો સમય નહીં, પણ પરિસ્થિતિઓનો નિચોડ છે. જે વ્યક્તિએ આખી જિંદગી કોઈ પડકાર ઝીલ્યો નથી, કોઈ સર્જન કર્યું નથી કે કોઈ સામાજિક પરિવર્તનમાં ફાળો આપ્યો નથી, શું માત્ર 'વડીલ' હોવાના નાતે તે સાચો માર્ગદર્શક બની શકે? માર્ગદર્શન એની પાસે લેવું જોઈએ જેણે રસ્તા પરની ખાડા-ખબચીઓ જોઈ હોય. જે રસ્તા પર ક્યારેય ચાલ્યા જ નથી, તેઓ માત્ર નકશાની વાતો કરી શકે, રસ્તાના અનુભવની નહીં. આપણે આપણા વડીલોને માન-સન્માન આપવું જ જોઈએ, એ આપણી સંસ્કારિતા છે. પરંતુ સન્માન આપવું અને તેની દરેક વાતને આંખ મીંચીને અનુસરવી એ બંને અલગ બાબત છે. તમે કોઈને આદર આપો એ તમારો ગુણ છે, પણ તમે કોની સલાહ માનો છો એ તમારી બુદ્ધિ ક્ષમતા છે. ધારો કે એક પહાડ ચઢવાનો છે. એક ૭૦ વર્ષની વ્યક્તિ છે જેણે આખી જિંદગી પહાડની તળેટીમાં બેસીને વિતાવી છે, અને એક ૨૦ વર્ષનો યુવાન છે જે પાંચ વાર એ પહાડ ચઢીને ઉતર્યો છે. હવે જો તમારે પહાડ ચઢવો હોય, તો તમે કોની સલાહ લેશો? સ્વાભાવિક છે કે એ યુવાનની જ, કારણ કે તેની પાસે 'કર્યાનો અનુભવ'છે, જ્યારે પેલા વડીલ પાસે માત્ર 'જોયાનો અનુભવ' છે. સન્માન વડીલ હોવાનું ચોક્કસ આપો, પણ સલાહ તો એની જ લેવી જેણે જીવનના તડકા-છાંયડા વેઠ્યા હોય. ઉંમર જોવાથી માત્ર જન્મતારીખની ખબર પડે છે, પણ કામ જોવાથી વ્યક્તિની કિંમત ખબર પડે છે. આજના યુગમાં 'મોટા' એ જ છે જેમના વિચારો અને કાર્યો મોટા છે, માત્ર ઉંમર નહીં. 'અનુભવ એ ઉંમરની ઓથમાં નથી છુપાતો, એ તો ઠોકર ખાઈને જન્મેલી સમજણમાં પ્રગટ થાય છે.'

**દર્શના પટેલ**
નેશનલ મેડલિસ્ટ એથ્લેટ અને સ્પોર્ટ્સ ટીચર
(નેશનલ એવોર્ડ સન્માનિત)

# ભારતનું લક્ઝરી હાઉસીંગ વિશ્વના માર્કેટની હરોળમાં

**તમારી પાસે એક મિલીયન ૧ અમેરિકી ડોલર હોય તો તેમાં તમે કેટલી જમીન ખરીદી શકો? પહેલી નજરે તે એક મિલીયન ડોલર બહુ મોટી રકમ લાગે કેમ કે ડોલરના આજના ભાવ પ્રમાણે તે અંદાજે ૯ કરોડ ૪૦ લાખ રૂપિયા થાય. સાડા નવ કરોડ રૂપિયા ભલે બહુ મોટી રકમ કહેવાતી હોય પરંતુ ભારતના લક્ઝરી રીયલ એસ્ટેટ માર્કેટમાં તેની કિંમત બહુ મોટી ના કહી શકાય.**

તમારી પાસે એક મિલીયન ૧ અમેરિકી ડોલર હોય તો તેમાં તમે કેટલી જમીન ખરીદી શકો? પહેલી નજરે તે એક મિલીયન ડોલર બહુ મોટી રકમ લાગે કેમ કે ડોલરના આજના ભાવ પ્રમાણે તે અંદાજે ૯ કરોડ ૪૦ લાખ રૂપિયા થાય. સાડા નવ કરોડ રૂપિયા ભલે બહુ મોટી રકમ કહેવાતી હોય પરંતુ ભારતના લકઝરી રીયલ એસ્ટેટ માર્કેટમાં તેની કિંમત બહુ મોટી ના કહી શકાય. કેમ કે સાડા નવ કરોડમાં તો મુંબઈમાં ૯૬ ચોરસ મીટર, દિલ્હીમાં ૨૦૫ ચોરસ મીટર અને બેંગલુરૂમાં ૨૦૫ ચોરસ મીટર જમીન ખરીદી શકાય. વિશ્વની સરખામણી કરીયે તો હોંગકોંગ: ૨૩ ચોરસ મીટર, જીનીવા: ૨૮ ચોરસ મીટર જમીન ખરીદી શકાય. ટૂંકમાં આપણે જીનીવા અને હોંગકોંગની સરખામણી ના કરીએ તો પણ એ સ્વિકારવું રહ્યું કે ભારતનું લકઝરી રીયલ એસ્ટેટ માર્કેટ ફૂલ તેજીમાં જોવા મળી રહ્યું છે. વિશ્વના લકઝરી રીયલ એસ્ટેટ માર્કેટ સાથે ભારતનું માર્કેટ સરખામણી કરી રહ્યું છે. લકઝરી રીયલ એસ્ટેટ માર્કેટ સંબંધીત એક અહેવાલ અનુસાર ભારતના લકઝરી માર્કેટમાં એક મિલીયન ડોલરમાં (સાડા નવ કરોડ રૂપિયા) કંઈ ખાસ ખરીદી શકાતું નથી. હકીકત એ છે કે ભારતનું લક્ઝરી હાઉસિંગ માર્કેટ મોંઘું થઈ રહ્યું છે અને તે પણ ઝડપથી વિશ્વના મોંઘા શહેરોની યાદીમાં આવી ગયું છે. એક નવી વૈશ્વિક સરખામણી દર્શાવે છે કે એક વર્ષ પહેલાંની સરખામણીમાં ૧ મિલિયન ડોલરમાં ભારતીય શહેરોમાં હવે નોંધપાત્ર રીતે ઓછી પ્રાઈમ રેસિડેન્શિયલ જગ્યા મળે છે, જે બજારના ટોચના સ્તરે મજબૂત માંગ અને વધતી જતી સંપત્તિને પ્રતિબિંબિત કરે છે. ભારત વૈશ્વિક સ્તરે હજુ પણ સસ્તું છે. પરંતુ



તફાવત ઘટી રહ્યો છેવધતી કિંમતો સાથે પણ, વૈશ્વિક લક્ઝરી હબની સરખામણીમાં ભારતીય શહેરો પ્રમાણમાં સસ્તા છે. મોનાકો વિશ્વનું સૌથી મોંઘું બજાર છે, જ્યાં ૧ મિલિયન ડોલર માત્ર ૧૬ ચોરસ મીટર ખરીદે છે. હોંગકોંગમાં ૨૩ ચોરસ મીટર, જીનીવામાં ૨૮ ચોરસ મીટર જગ્યા ખરીદી શકાય છે. જોકે લક્ઝરી સેગમેન્ટમાં ભારતમાં પણ સતત મોંઘું થઈ રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે, રૂપિયામાં લગભગ ૫.૪%નો ઘટાડો થયો હોવા છતાં, ડૉલર ખરીદનારાઓ માટે ભારતીય મિલકત સસ્તી બનવી જોઈએ, પરંતુ કિંમતો તેનાથી પણ ઝડપથી વધી છે. મુંબઈના ભાવમાં વાર્ષિક સ્તરે ૮.૭% વધારો થયો છે, દિલ્હીમાં ૬.૯% વાર્ષિક જ્યારે બેંગલુરૂમાં ૯.૪% વાર્ષિક સ્તરે વધારો થયો છે. મોટા શહેરો ખાસ કરીને મુંબઈ, બેંગલુરૂ અને દિલ્હીમાં ટેક વેલ્થ એટલે કે ટેકનોલોજી કંપનીઓના વિકાસ સાથે ઉભી થયેલી સંપત્તિના કારણે તેજી જોવા મળી રહી છે. સ્ટાર્ટઅપ ફાઉન્ડરો, ઉંચી આવક ધરાવતા પ્રોફેશનલો વગેરેના કારણે વૈશ્વિક લક્ઝરી પ્રોપર્ટી રેન્કિંગમાં ભારત આગળ આવ્યું છે. ભારતનો વધતો જતો સંપત્તિનો આધાર હવે વૈશ્વિક રેન્કિંગમાં દેખાય છે. બેંગલુરુ ૩ર સ્થાન કૂદીને વૈશ્વિક સ્તરે ૮મા ક્રમે આવ્યું, જેમાં ૯.૪% ભાવ વૃદ્ધિ થઈ. મુંબઈ ૮.૭% વૃદ્ધિ સાથે ૧૦મા સ્થાને પહોંચ્યું. દિલ્હી ૬.૯% વૃદ્ધિ સાથે ૧૭મા ક્રમે ચઢયું. આ ભારતીય શહેરોને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા લક્ઝરી હાઉસિંગ માર્કેટમાં મૂકે છે. વધતી જતી સંપત્તિ અને મજબૂત માંગને કારણે બેંગલુરુ, મુંબઈ અને દિલ્હી મહત્વ મેળવી રહ્યા છે. ભારતની અર્થવ્યવસ્થામાં અવિરત વૃદ્ધિ પ્રાઈમ રહેણાંક માંગમાં આ વૃદ્ધિ માટે નિમિત્ત બની છે કારણ કે હાઈ નેટવર્થ અને અલ્ટ્રા હાઈનેટવર્થ ધરાવનારાની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. તમારી પાસે એક મિલીયન ૧ અમેરિકી ડોલર હોય તો તેમાં તમે કેટલી જમીન ખરીદી શકો? પહેલી નજરે તે એક મિલીયન ડોલર બહુ મોટી રકમ લાગે કેમ કે ડોલરના આજના ભાવ પ્રમાણે તે અંદાજે ૯ કરોડ ૪૦ લાખ રૂપિયા થાય. સાડા નવ કરોડ રૂપિયા ભલે બહુ મોટી રકમ કહેવાતી હોય પરંતુ ભારતના લકઝરી રીયલ એસ્ટેટ માર્કેટમાં તેની કિંમત બહુ મોટી ના કહી શકાય. કેમ કે સાડા નવ કરોડમાં તો મુંબઈમાં ૯૬ ચોરસ મીટર, દિલ્હીમાં ૨૦૫ ચોરસ મીટર અને બેંગલુરૂમાં ૨૦૫ ચોરસ મીટર જમીન ખરીદી શકાય. વિશ્વની સરખામણી કરીયે તો હોંગકોંગ: ૨૩ ચોરસ મીટર, જીનીવા: ૨૮ ચોરસ મીટર જમીન ખરીદી શકાય.

# ઓલપાડના એરથાણની સીમના ફાર્મ હાઉસના જુગારધામ ઉપર સુરત જિલ્લા LCB પોલીસ ત્રાટકી



ઓલપાડ

સુરત જિલ્લા એલ.સી.બી.પોલીસની ટીમ ઓલપાડ તાલુકાના એરથાણ ગામની સીમના ફાર્મ હાઉસના જુગારધામ ઉપર ત્રાટકી મુખ્ય સુત્રધાર સહિત ૦૮ જુગારીઓને દબોચી રોકડ રકમ સહિત કુલ રૂ. ૮૪,૬૦૦ નો મુદ્દામાલ કબજે લીધો છે.

સુરત જિલ્લા એલ.સી.બી.પોલીસની ટીમની ટીમ શુક્રવાર,તા.૦૮ ના રોજ ઓલપાડ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે પોલીસ ટીમને સંયુકત બાતમી મળી હતી કે, એરથાણ ગામની સીમમાં આવેલ 'ધી મેપલ ફાર્મ હાઉસ માં' ફાર્મ નં-૩૨ માં ભાવેશ હિંમત સોલંકી(રહે: કાપોદ્રા-સુરત શહેર)પોતે ફાર્મ હાઉસ ભાડેથી રાખી બહારથી માણસો બોલાવી આ ફાર્મ હાઉસમાં પૈસા વડે ગંજીપાના નો હારજીતનો જુગાર રમાડી રહ્યો છે અને હાલમાં જુગાર રમવાનું ચાલુ છે.જે બાતમી ના પગલે પોલીસે રેઈડ કરતા જુગાર ધામેથી મુખ્ય સૂત્રધાર સહિત ૦૮ આરોપીઓ જુગાર રમતા ઝડપાઈ જવા પામ્યા હતાં. પોલીસે જુગારધામે થી જુગાર દાવ સહિત આરોપીઓ ની અંગ જડતીથી મળેલ રોકડા રૂ.૫૪,૧૦૦, મોબાઈલ ફોન નંગ-૬,જેની કિંમત રૂ.૩૦,૫૦૦ મળી કુલ રૂ.૮૪,૬૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

આ ગુનામાં પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જુગાર રમતા ઝડપાયેલ ૦૮ આરોપીઓ જુગારધામેથી ઝડપાયેલા મોટાભાગના જુગારીઓ મુળ સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાના વતની ઓ છે અને ચાર જુગારીઓ વૃદ્ધ ઉંમરેના છે.જે પૈકી (૧)જૂનાગઢ જિલ્લાનો સંજય લાલજી ઉર્ફે ભીખાભાઈ સોજીયા (ઉ.વ.૪૨) હાલ રહે:મ.નં: ૨૦૨,ઓપેશ પેલેસ,લસકાણા,તા.કામરેજ(૨) રાજકોટ જિલ્લાના નિતીનભાઈ લીંબાભાઈ દેસાઈ- ઉ.વ.૬૦ (૩) ભાવનગર જિલ્લા ના પરસોત્તમ ભીમજીભાઈ પટેલ (ઉ.વ.૬૦)હાલ રહે:૬૯,શ્રીનાથાજી બંગ્લોઝ,રાજહંસ ટાવરની સામે મોટા વરાછા(૪)ભાવનગર જિલ્લાના દિલિપભાઈ મોહનભાઈ મુલાણી(ઉ.વ.૫૮) હાલ રહે:બી-૪, પ્રમુખ પાર્ક, યોગીચોક-સુરત શહેર(૫) અમરેલી જિલ્લાનો ભાવેશ હિંમત સોલંકી (દેવીપૂજક) ઉ.વ.૩૨,હાલ રહે:૩૮૪, ભગીરથ સોસાયટી,કાપોદ્રા-સુરત શહેર(૬) જૂનાગઢ જિલ્લાનો નિતેશ પ્રફુલભાઈ ઉમરેટિયા(ઉ.વ.૩૪)હાલ રહે:૧૬૫, રૂક્ષમણી સોસાયટી,પુણા ગામ-સુરત શહેર (૭) રાજકોટ જિલ્લાનો ભાવેશ કનુભાઈ વસોયા (ઉ.વ.૪૪) હાલ રહે:૧૦૪,ગોકુલ કોમ્પ્લેક્ષ'અમરોલી-સુરત શહેર તથા રસિકભાઈ મનસુખભાઈ જીવાણી (ઉ.વ.૫૭)હાલ રહે:બી/ ૩૦૪,સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષ, સરથાણા જકાત નાકા-સુરત શહેર મળી કુલ આઠ જુગારીઓ પોલીસ ની પકડમાં ઝડપાઈ ગયા હતાં.

# ઓલપાડનાં વડોદ ગામની સીમમાંથી પોલીસે રૂા. 3.14 લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપ્યો

## પોલીસે વિદેશી દારૂ આપી જનાર અજાણ્યા ઇસમને વોન્ટેડ જાહેર કરી કુલ રૂ. 5,19,400નો મુદ્દામાલ કબજે કર્યો

ઓલપાડ

સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસ ટીમે પેટ્રોલિંગ દરમ્યાન ઓલપાડ તાલુકાનાં વડોદ ગામની સીમમાં બ્રેઝા કારમાંથી રૂ.૩.૧૪ લાખની કિંમતનો વિદેશી દારૂ સગેવગે કરી રહેલ બુટલેગરને દબોચી લીધો હતો.પોલીસે આ ગુનામાં બુટલેગરને વિદેશી દારૂ આપી જનાર અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કરી કુલ રૂ.૫,૧૯,૪૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

સુરત ગ્રામ્ય એલ.સી.બી.શાખાના અ.હે.કો. અનિલસિંહ વિક્રમસિંહની ટીમ ગત ગુરૂવાર,તા. ૦૭ ના રોજ ઓલપાડ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી,તે સમયે બાતમી મળી હતી કે વડોદ ગામની સીમમાં કરમલા અને કોસમ તરફ જતા રસ્તા ઉપર એક મારૂતિ બ્રેઝા કારનો ચાલક કાર માંથી વિદેશી દારૂ સગેવગે કરી



રહ્યો છે.જે બાતમીના પગલે પોલીસ ટીમ ત્રાટકી હતી અને મારૂતિ બ્રેઝા કાર નંબર:જીજે-૦૫, આર.ડી-૬૮૧૭ માંથી વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ-૧૨૬૦,જેની રૂ.૩,૧૪,૪૦૦ સાથે કારના ચાલક હિતેશ મહાદેવ પટેલ(ઉ.વ.૩૨) રહે.આહિરવાસ, પિંજરત ગામ,તા. ઓલપાડને દબોચી લીધો હતો.પોલીસે ગુના સ્થળેથી વિદેશી દારૂ ઉપરાંત રૂ.૨,૦૦,૦૦૦ ની કિંમતની કાર, મોબાઈલ ફોન નંગ-૦૧,જેની કિંમત રૂ.૫,૦૦૦ મળી કુલ રૂ.૫,૧૯,૪૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. જ્યારે પોલીસ ના હાથે ઝડપાયેલ આરોપી હિતેશ પટેલની પૂછપરછ દરમ્યાન તેણે વિદેશી દારૂ આપી જનાર શખ્સનો મોબાઈલ નંબર આપી કહ્યું હતું કે,આ શખ્સનું મને નામ સરનામું ખબર નથી.

જેથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી બંન્ને વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ કીમ પોલીસ મથકના પીઆઈ પી. પી. સરવૈયા કરી રહ્યા છે.

### ગુજરાતના રાજકારણમાં ગરમાવો

# 'તમે મને મત આપી અભડાવતા નહીં' - જીતુ સોમાણીનો વિવાદાસ્પદ વીડિયો વાયરલ...!

વાંકાનેર/રાજકોટ

ગુજરાતના રાજકારણમાં નિવેદનબાજીનો નવો વિવાદ છેડાયો છે. વાંકાનેરના ભાજપના ધારાસભ્ય જીતુ સોમાણીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ ચોક્કસ સમુદાયના મતદારોને લઈને અત્યંત આકરા અને વિવાદાસ્પદ શબ્દો બોલતા સંભળાય છે.

'મારે વિધર્મીઓના મત જોઈતા નથી'

વાયરલ વીડિયોમાં જીતુ સોમાણી



સભાને સંબોધતા કહી રહ્યા છે કે:

ખુલ્લો પડકાર: 'મેં ક્યારેય વિધર્મીઓના (બીજા ધર્મના લોકોના) મત લીધા નથી અને મારે જોઈતા પણ નથી.'

અભડાવવાની વાત: તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'તમે મને મત આપીને અભડાવતા નહીં.'

કોંગ્રેસને મત આપવાની સલાહ: ધારાસભ્યએ સ્પષ્ટપણે કહ્યું કે જેમને ભાજપ સામે વાંધો હોય તેઓ ભલે કોંગ્રેસને મત આપી દે, પણ તેમને વિધર્મીઓના મતની કોઈ જરૂર નથી.

આ વીડિયો સામે આવતા જ સોશિયલ મીડિયામાં બે ભાગલા પડી ગયા છે. એક તરફ સમર્થકો તેમના આક્રમક અંદાજને વધાવી રહ્યા છે, તો બીજી તરફ વિપક્ષ અને સામાન્ય જનતામાં 'લોકશાહીમાં આવી ભાષા કેટલી યોગ્ય?' તેવા સવાલો ઉઠી રહ્યા છે. રાજકીય વિશ્લેષકો માને છે કે સ્થાનિક લેવલે મતોનું ધ્રુવીકરણ કરવા માટે આ પ્રકારની રણનીતિ અપનાવવામાં આવી હોય શકે છે. જોકે, બંધારણીય પદ પર બેઠેલા વ્યક્તિ જ્યારે 'અભડાવવા' જેવા શબ્દોનો પ્રયોગ કરે છે, ત્યારે તે વિવાદનું કેન્દ્ર બનવું સ્વાભાવિક છે.

### પાણીના નામે ખેડૂતોના નસીબમાં માત્ર 'ટીપાં'

# ડભોઇમાં તંત્રની ઘોર બેદરકારી: નર્મદા કેનાલમાં મસમોટા ગાબડાં

ડભોઇ (ફકીરા ખત્રી પાક્કો ગુજરાત ન્યૂઝ)

જ્યારે આખું ગુજરાત ઉનાળાની આકરી ગરમીમાં શેકાઈ રહ્યું છે અને ખેડૂતો પોતાના પાકને બચાવવા પાણી માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે ડભોઈની થરવાસા ચોકડી પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ તંત્રની ઉદાસીનતાનો જીવતો જાગતો પુરાવો બની છે. કેનાલમાં ઠેર-ઠેર પડેલા મસમોટા ગાબડાંને કારણે હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે, જેના કારણે છેવાડાના ખેડૂતો સુધી પાણી પહોંચતું જ નથી.



કેનાલમાં પડેલા ભંગાણને કારણે પાણીનું દબાણ ઘટી જાય છે. ખેડૂતોનો આક્ષેપ છે કે નર્મદા નિગમના અધિકારીઓ દર વર્ષે મેઈન્ટેનન્સના નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરે છે, પરંતુ પરિસ્થિતિ ઠેરની ઠેર છે. શું આ સરકારી નાણાં રિપેરિંગના બદલે અધિકારીઓના ખિસ્સામાં જઈ રહ્યા છે? તેવા ગંભીર સવાલો હવે ઉઠી રહ્યા છે.

પાણીનો વ્યય: કેનાલ લીકેજ થવાથી કિંમતી જળ ખેતરોમાં પહોંચવાને બદલે વેડફાઈ રહ્યું છે.

છેવાડાના ખેડૂતો લાચાર: પાણીના ઓછા દબાણને કારણે અંતરિયાળ વિસ્તારોમાં ખેતી સુકાઈ રહી છે.

માત્ર આશ્વાસનો: દર વર્ષે લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર 'કુંભકર્ણની નિદ્રા'માં પોઢેલું છે.

હાલ ઉનાળાની સીઝન છે અને કેનાલમાં પાણીનું સ્તર ઓછું છે, જે સમારકામ માટે શ્રેષ્ઠ સમય છે. જો અત્યારે આ ગાબડાં પૂરવામાં નહીં આવે, તો આગામી ચોમાસા અને શિયાળામાં ખેડૂતોએ ફરી રોવાનો વારો આવશે. સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને માંગણી કરી રહ્યા છે કે નર્મદા નિગમ ત્વરિત જાગે અને ભ્રષ્ટાચારની તપાસ કરી કેનાલનું પાકું કામ કરે.

# ભરૂચ સાંસદ મનસુખ વસાવા હસ્તે કરજણ બ્રીજના પુન: બાંધકામ કામગીરીનું ખાતમુહૂર્ત

## 24.25 કરોડનાં ખર્ચે અંકલેશ્વર-રાજપીપલા માર્ગ પર કરજણ બ્રીજ બનશે વધુ સુવિધાસભર

રાજપીપલા

ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવાના હસ્તે અંકલેશ્વર-રાજપીપલા રોડ પર આવેલ કરજણ બ્રીજના રૂ. ૨૪.૨૫ કરોડનાં ખર્ચે થનારા પુનઃ બાંધકામ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ ઉપસ્થિત રહ્યા હતાં.આ પ્રસંગે ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો ભરૂચ-અંકલેશ્વર માર્ગ પર આવેલ કરજણ બ્રીજ વાહન વ્યવહાર માટે મહત્વપૂર્ણ કડી છે. વધતા ટ્રાફિક અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખી આ બ્રીજને વધુ બહોળો અને સુવિધાસભર બનાવવામાં આવશે, જેના કારણે પ્રવાસન તેમજ સ્થાનિક અવરજવર વધુ સરળ બનશે.

નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, આ બ્રીજના પુનઃ બાંધકામથી નાગરિકોને વધુ સારી ટ્રાન્સપોર્ટેશન સુવિધાઓ ઉપલબ્ધ થશે. ગુજરાત સરકારના નેતૃત્વમાં રાજ્યમાં વિકાસના વિવિધ કામો અવિરતપણે આગળ વધી રહ્યા છે. ખાસ કરીને નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિકાસને પગલે માર્ગ, પ્રવાસન અને અન્ય માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

### ડિવાઇડરની ઝાડીઓ અકસ્માતને આપી રહી છે આમંત્રણ

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય માર્ગ પર મોતનું જોખમ

ડભોઇ (ફકીરા ખત્રી પાક્કો ગુજરાત ન્યૂઝ)

વડોદરા જિલ્લાના ડભોઇ વિસ્તારમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર સામે આવી છે. ડભોઈના વેગાથી શરૂ કરી સરિતા ફાટક સુધીના મુખ્ય સ્ટેટ હાઈવે પર ડિવાઈડર પર ઊગી નીકળેલા ઝાડી-ઝાંખરા વાહનચાલકો માટે જીવનું જોખમ બની રહ્યા છે. આ માર્ગ વિશ્વ પ્રસિદ્ધ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતો મુખ્ય હાઈવે હોવાથી અહીં સતત વાહનોની અવરજવર રહે છે, છતાં તંત્ર જાણે કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

મુખ્ય સમસ્યા: દ્રશ્યતા શૂન્ય, જોખમ સો ટકા

ડિવાઈડર પર ઊગી નીકળેલી વનસ્પતિ એટલી હદે વધી ગઈ છે કે રસ્તાની સામેની બાજુથી આવતા વાહનો જોવામાં વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે.

* અકસ્માતનો ભય: વળાંક લેતી વખતે સામેનું દ્રશ્ય બ્લોક થઈ જવાને કારણે ગંભીર અકસ્માત થવાની પૂરેપૂરી શક્યતા છે.

* રાત્રિના સમયે આફત: રાત્રિ દરમિયાન સામેના વાહનોની લાઈટ અને ઝાડીઓના પડછાયાને લીધે વાહનચાલકો અંજવાઈ જાય છે અને રસ્તો ઓળખવો મુશ્કેલ બને છે.

* ટ્રાફિકમાં અડચણ: હજારો પ્રવાસી વાહનોની અવરજવર વચ્ચે આ ગીચ ઝાડીઓ માર્ગને સાંકડો બનાવી રહી છે.

શું તંત્ર કોઈનો જીવ જવાની રાહ જોઈ રહ્યું છે?

સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રજા પૂછી રહી છે કે સ્ટેટ હાઈવેના અધિકારીઓ નિયમિત સાફ-સફાઈ કેમ નથી કરતા? શું સરકારના ચોપડે મેન્ટેનન્સના નામે માત્ર કાગળો જ દોડે છે? રસ્તા પરથી રોજ હજારો વાહનો પસાર થાય છે, છતાં અધિકારીઓ કેમ કુંભકર્ણની નિદ્રામાં છે?

લોકમાંગ: સત્વરે સફાઈ કરવામાં આવે

સ્થાનિક રહેવાસીઓ અને પ્રવાસીઓની ઉગ્ર માંગ છે કે તંત્ર જાગે અને તાત્કાલિક ધોરણે વેગાથી સરિતા ફાટક સુધીના ડિવાઈડર પરની ઝાડીઓ દૂર કરવામાં આવે. જો સત્વરે કામગીરી નહીં કરવામાં આવે તો આગામી સમયમાં કોઈ નિર્દોષ વાહનચાલકે પોતાનો જીવ ગુમાવવો પડી શકે છે.

હવે જોવાનું એ રહ્યું કે, તંત્ર આ 'ડેથ ઝોન' બનેલા માર્ગ પર ક્યારે સફાઈ અભિયાન શરૂ કરે છે.



# 100 કનેક્શનને પૂરતો પાવર ન મળતા ખેડૂતો બન્યા ચિંતિત

## અપૂરતા વીજ પુરવઠાના કારણે ખેતી માટેની મોટરો યોગ્ય રીતે ચાલી શકતી નથી, જેના કારણે ઉભા પાક સુકાઇ જવાની ભીતિ ઊભી થઇ છે

થરાદ

થરાદ તાલુકાના જમડા ગામમાં ખેતીવાડી વીજ પુરવઠાની ગંભીર સમસ્યા સામે આવી છે. ગામના અંદાજે 100 જેટલા ખેતીવાડી વીજ કનેક્શનોને પૂરતો પાવર ન મળતા ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. અપૂરતા વીજ પુરવઠાના કારણે ખેતી માટેની મોટરો યોગ્ય રીતે ચાલી શકતી નથી, જેના કારણે ઉભા પાક સુકાઈ જવાની ભીતિ ઊભી થઈ છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, અગાઉ તેઓ 'ભાચર ફીડર' સાથે જોડાયેલા હતા ત્યારે પૂરતો અને નિયમિત વીજ પુરવઠો મળતો હતો. પરંતુ હાલમાં તેમને 'ઈઢાટા ફીડર'માં ફેરવાતા વીજ સમસ્યા વધુ ગંભીર બની છે. 'ઈઢાટા ફીડર' પર વધતા લોડના કારણે વોલ્ટેજમાં ઘટાડો થતો હોવાનું ખેડૂતોનું કહેવું છે, જેના કારણે ખેતીવાડી મોટરો પૂરતી ક્ષમતા સાથે ચાલતી નથી. આ અંગે અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા સંબંધિત વિભાગમાં લેખિત રજૂઆત પણ કરવામાં આવી છે. ખેડૂતો માંગ કરી છે કે તેમને ફરીથી 'ભાચર ફીડર' સાથે જોડવામાં આવે અથવા તાત્કાલિક અસરથી પૂરતો અને સ્થિર વીજ પુરવઠો આપવામાં આવે. ખેડૂતોનું કહેવું છે કે જો સમયસર સમસ્યાનો ઉકેલ નહીં આવે તો પાકને ભારે નુકસાન થવાની સાથે ખેડૂતોને આર્થિક ફટકો સહન કરવાનો વારો આવશે.

# નાણામંત્રી સીતારમણે દાદરા નગર હવેલીની મુલાકાત લીધી : પ્રદેશના વિકાસની પ્રશંસા કરી








**■ જો આ જ ગતિએ વિકાસ ચાલુ રહ્યો, તો દમણ-દીવ દેશનો પ્રથમ વિકસિત પ્રદેશ બનશે : નાણામંત્રી સીતારમણ**

વલસાડ

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણની મુલાકાત લીધી હતી. તેમણે સેલવાસમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું અને પ્રદેશના આધુનિક માળખાકીય વિકાસની પ્રશંસા કરી. નાણામંત્રીએ સેલવાસમાં રિંગ રોડ ફ્લાયઓવર નીચે તૈયાર કરાયેલા સ્પોર્ટ્સ અને મનોરંજન ઝોનની મુલાકાત લીધી. આ ઝોનમાં ટેબલ ટેનિસ, ચેસ, કેરમ, લૂડો, એર હોકી જેવી ઈન્ડોર ગેમ્સ સાથે બાસ્કેટબોલ અને પિકલબોલ કોર્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં કેફેટેરિયા, પાર્કિંગ અને મેડિકલ રૂમ પણ છે. આ પ્રવાસ દરમિયાન નિર્મલા સીતારમણે જણાવ્યું કે, 7 લાખની વસ્તી ધરાવતા આ કેન્દ્રશાસિત પ્રદેશમાં શ્રેષ્ઠ રસ્તાઓ, મેડિકલ સુવિધાઓ અને યુનિવર્સિટીઓ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @2047'ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં આ પ્રદેશ અગ્રેસર રહેશે.

સીતારમણે ઉમેર્યું કે, જો આ જ ગતિએ વિકાસ ચાલુ રહ્યો, તો દમણ-દીવ દેશનો પ્રથમ વિકસિત પ્રદેશ બનશે.

તેમણે ઝંડા ચોક સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિરની પણ મુલાકાત લીધી. આ સ્કૂલ કેમ્પસમાં આશરે 11,000 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જે દેશના સૌથી મોટા સરકારી સ્કૂલ કેમ્પસ પૈકીનું એક છે. નાણામંત્રી સ્માર્ટ બોર્ડ, આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ અને કમ્પ્યુટર લેબ જેવી સુવિધાઓથી પ્રભાવિત થયા.

### લેભાગુ સ્ટડી સેન્ટરો સામે VNSGUની ગંભીર ચેતવણી

# 'શિક્ષણ માફિયાઓ'થી બચવા જાહેર નોટિસ: કડક એક્શન લેવામાં આવશે

સુરત

ધોરણ 12 અને તેની સમકક્ષ પરીક્ષાઓના પરિણામો જાહેર થતાની સાથે જ હવે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે 'મિશન એડમિશન' શરૂ થઈ ગયું છે. આ સમયનો લાભ લઈને સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અનેક લેભાગુ સ્ટડી સેન્ટરો અને શિક્ષણ માફિયાઓ સક્રિય થયા છે. જેઓ ડિગ્રી આપવાના ખોટા દાવા અને લોભામણી લાલચ આપીને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. આ ગંભીર બાબતને ધ્યાને રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)ના વાઈસ ચાન્સેલર ડો. કિશોરસિંહ ચાવડા દ્વારા એક અત્યંત મહત્વની જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે.

VNSGUના વાઈસ ચાન્સેલર ડો. કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, ધોરણ 12ના પરિણામો પછી અમે વાલીઓ અને આમ જનતાને ચેતવણીના ભાગરૂપે પબ્લિક નોટિસ જાહેર કરી છે. તમારા



વિસ્તારમાં તમે જે સંસ્થા કે એકેડમીમાં પ્રવેશ લઈ રહ્યા છો, તેનું નામ યુજીસી (UGC)ની સત્તાવાર વેબસાઈટ પર હોવું અનિવાર્ય છે. જો ત્યાં ઉલ્લેખ ન હોય, તો તેવી સંસ્થાઓમાં પ્રવેશ લેવો એ તમારા ભવિષ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે.

વાલીઓને અપીલ કરવામાં આવી છે કે, તેઓ કોઈપણ સંસ્થામાં ફી ભરે તે પહેલાં www.ugc.ac.in પર જઈને રાજ્ય, યુનિવર્સિટી અને તે ચોક્કસ સ્થળની માન્યતા તપાસી લે. જો આ ત્રણેય બાબતોનો ઉલ્લેખ યુજીસીની યાદીમાં ન હોય, તો તે સંસ્થા ગેરકાયદેસર હોઈ શકે છે.

### ખોટી સંસ્થાઓ સામે યુનિવર્સિટી લેશે કડક એક્શન

VNSGU દ્વારા તેની તમામ એફિલિએટેડ (જોડાણ ધરાવતી) કોલેજોને પણ સૂચના આપવામાં આવી છે. જો કોઈના ધ્યાનમાં આવા બોગસ સ્ટડી સેન્ટરો આવે, તો તેના પુરાવા યુનિવર્સિટીને સોંપવા વિનંતી કરાઈ છે. યુનિવર્સિટી સૌથી પહેલા એક તપાસ સમિતિ રચશે અને જો પુરાવા સાચા જણાશે તો તાત્કાલિક ધોરણે પોલીસ કાર્યવાહી (FIR) કરવામાં આવશે. શિક્ષણના નામે ચાલતી આવી હાટડીઓ બંધ કરાવવા યુનિવર્સિટી કટિબદ્ધ છે.

### ફી અને કારકિર્દી બંને જોખમમાં મુકાશે

જો વિદ્યાર્થીઓ આવી લેભાગુ સંસ્થાઓમાં પ્રવેશ લે છે, તો તેમની મોટી રકમની ફી તો ડૂબે જ છે, પણ સાથે સાથે વર્ષોની મહેનત પણ પાણીમાં જાય છે. ખોટી સંસ્થામાંથી લીધેલી ડિગ્રી સરકારી નોકરી કે આગળના અભ્યાસ માટે માન્ય ગણાતી નથી. વાઈસ ચાન્સેલરે સ્પષ્ટ કર્યું છે કે આવી સંસ્થાઓમાં પ્રવેશ લેવાથી તમારી કારકિર્દી મુશ્કેલ બની શકે છે, તેથી સમજી વિચારીને ડગલું ભરવું. ઘણીવાર વિદ્યાર્થીઓ અજાણતામાં આવી સંસ્થાઓમાં ફી ભરી દેતા હોય છે. આ બાબતે VCએ માર્ગદર્શન આપતા કહ્યું કે, જો કોઈ વિદ્યાર્થીએ આવી ખોટી સંસ્થામાં ફી ભરી દીધી હોય અને તેને છેતરાયાનો અહેસાસ થાય, તો તેણે તાત્કાલિક પોતાના નજીકના પોલીસ સ્ટેશનમાં જઈને લેખિત ફરિયાદ કરવી જોઈએ.



### કપૂર ખાનદાનની 17મી વ્યક્તિનું બોલિવૂડમાં ડેબ્યૂ

# રિદ્ધિમા કપૂરે 45ની ઉંમરે 'દાદી કી શાદી'થી ફિલ્મમાં ઝંપલાવ્યું

મુંબઈ

છેલ્લા 90 વર્ષથી વધુ સમયથી કપૂર ખાનદાન સતત હિન્દી સિનેમામાં તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યુ છે. પૃથ્વીરાજ કપૂરથી શરૂ થયેલી આ લેગેસીને હવે તેમના ખાનદાનની 17મી વ્યક્તિ, એટલે કે રિદ્ધિમા કપૂર આગળ વધારવા તૈયાર છે. દિવંગત એક્ટર રિશી કપૂર અને પીઢ એક્ટ્રેસ નીતુ કપૂરની દીકરી રિદ્ધિમા કપૂરે 'દાદી કી શાદી' ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું છે. 'દાદી કી શાદી'માં રિદ્ધિમા માતા નીતુ સિંહ અને કોમેડિયન કપિલ શર્મા સાથે સ્ક્રીન શેર કરશે. રિદ્ધિમાં કપૂર ખાનદાનની 17મી વ્યક્તિ હોવા ઉપરાંત સૌથી મોટી ઉંમરે એટલે કે 45 વર્ષની ઉંમરે ડેબ્યૂ કરનારી પહેલી વ્યક્તિ બની ગઈ છે. તેની ફિલ્મ આજે, 8 મે 2026ના રોજ રિલીઝ થઈ છે. તાજેતરમાં 'દાદી કી શાદી'નું સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજાયું હતું. તેમાં આમિર ખાન પણ સામેલ થયો હતો. ફિલ્મ જોયા બાદ આમિરે સ્ટારકાસ્ટના ખૂબ વખાણ કર્યા હતા. આમિરે કહ્યું હતું કે, ''દાદી કી શાદી' 8 મેના રોજ રિલીઝ થઈ રહી છે. આ એક ખૂબ જ સુંદર ફેમિલી ફિલ્મ છે. તેમાં ભાવનાઓ અને હ્યુમરનું સારું મિશ્રણ છે. આ ફિલ્મ તમને હસાવશે પણ અને તમારા હૃદયને સ્પર્શી પણ જશે.' આમિરે ખાસ કરીને રિદ્ધિમાના કામની પ્રશંસા કરી અને રણબીર કપૂરનો ઉલ્લેખ કરતા રમુજી અંદાજમાં કહ્યું કે, 'રિદ્ધિમાએ રણબીર કરતાં પણ સારું કામ કર્યું છે.' આમિરે કપિલ શર્માના કામને પણ 'લાજવાબ' ગણાવ્યું અને નીતુ કપૂર તથા શરતકુમારના પર્ફોર્મન્સની પણ પ્રશંસા કરી. આમિરની બહેન નિખત ખાન પણ આ ફિલ્મમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેણે જ ફિલ્મની ટીમ માટે પોતાના ઘરે સ્ક્રીનિંગ અને ડિનરનું આયોજન કર્યું હતું. આ ખાસ અવસરે નીતુ કપૂર, કપિલ શર્મા, સાદિયા ખતીબ, રિદ્ધિમા કપૂર સાહની અને ડિરેક્ટર આશિષ આર મોહન સહિત ફિલ્મની આખી ટીમ હાજર હતી. સ્ક્રીનિંગ પછી બધાએ સાથે ડિનર કર્યું. રિદ્ધિમા કપૂર સાહની મૂળ પ્રખ્યાત જ્વેલરી ડિઝાઈનર અને બિઝનેસવુમન છે. તેણે આટલા વર્ષો સુધી સિનેમાથી દૂર રહીને દિલ્હીમાં પોતાનું કરિયર બનાવ્યું છે.

# શક્તિ કપૂરના મોતની અફવા ફેલાતા અભિનેતા ગુસ્સે ભરાયા



### દિગ્ગજ અભિનેતાએ કહ્યું - હું આવા લોકો સામે એક્શન લઈશ અને કોર્ટમાં જઈશ

મુંબઈ

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા શક્તિ કપૂરના નિધનના ફેક ન્યૂઝ સોશિયલ મીડિયા પર વાઈરલ થતા ચાહકોમાં ચિંતા ફેલાઈ હતી. જોકે, આ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા અભિનેતાએ પોતે સામે આવીને સ્પષ્ટતા કરી છે કે તેઓ એકદમ સ્વસ્થ અને ખુશ છે. શક્તિ કપૂરે આ પ્રકારની ભ્રામક માહિતી ફેલાવનારાઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પર અફવાઓનું ખંડન શક્તિ કપૂરે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને ચાહકોને ખાતરી આપી છે કે તેમના મોતના સમાચાર સંપૂર્ણપણે ખોટા છે.

વીડિયોમાં તેમણે ગંભીર સૂરમાં કહ્યું, 'હેલો એવરીવન, મારા નિધનના સમાચાર ફેક છે. હું હેલ્ધી અને ખુશ છું, મહેરબાની કરીને આવી વાતો પર ધ્યાન ન આપો.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ આ મામલે સાયબર ફરિયાદ નોંધાવશે, કારણ કે આ પ્રકારની અફવાઓ કોઈ પણ વ્યક્તિ અને તેમના પરિવાર માટે માનસિક રીતે પરેશાન કરનારી હોય છે. અભિનેતા તેમના અંગત જીવનના સમાચાર ઉપરાંત તાજેતરમાં એક પ્રોપર્ટી ડીલને કારણે પણ ચર્ચામાં રહ્યા હતા. ઓફિશિયલ રેકોર્ડ મુજબ, શક્તિ કપૂરે મુંબઈના પોશ વિસ્તાર જુહુમાં આવેલો તેમનો ફ્લેટ 6.11 કરોડ રૂપિયામાં વેચ્યો છે. આ એપાર્ટમેન્ટ સિલ્વર બીચ હેવન કો-ઓપરેટિવ સોસાયટીમાં આવેલો છે. જુહુ બોલિવૂડ સેલેબ્રિટીઓ માટે મનપસંદ રહેણાંક વિસ્તાર છે, જ્યાં વરુણ ધવન અને સાજિદ ખાન જેવી હસ્તીઓ પણ રહે છે. ચાર દાયકા લાંબી કારકિર્દીમાં શક્તિ કપૂરે અંદાજે 700 જેટલી ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે 'રાજા બાબુ', 'અંદાજ અપના અપના' અને 'ચાલબાઝ' જેવી અનેક ફિલ્મોમાં યાદગાર કોમિક અને વિલનના પાત્રો ભજવ્યા છે.

# નયનતારા સાથેની નવી ફિલ્મને લઈને મોટી અપડેટ

### ફિલ્મનું મુંબઈ શેડ્યૂલ પૂર્ણ થઈ ગયું છે અને હવે આગામી શૂટિંગ મનાલીમાં થવાનું છે

મુંબઈ

બોલીવુડના સુપરસ્ટાર સલમાન ખાન પોતાની અપકમિંગ ફિલ્મને લઈને ફરી એકવાર ચર્ચામાં છે. તાજેતરમાં એવી માહિતી સામે આવી રહી છે કે સલમાન ખાન ટૂંક સમયમાં મુંબઈ છોડીને મનાલી જવાના છે. જોકે, તેઓ કાયમી રીતે શિફ્ટ નથી થઈ રહ્યા, પરંતુ નવી ફિલ્મના શૂટિંગ માટે મનાલી જવાના હોવાનું કહેવાઈ રહ્યું છે. અહેવાલો અનુસાર, જાણીતા દિગ્દર્શક વામશી પેડિપલ્લી સલમાન ખાન સાથે એક એક્શન-ડ્રામા ફિલ્મ બનાવી રહ્યા છે. હાલમાં ફિલ્મનું વર્કિંગ ટાઇટલ "SVC63" હોવાનું જણાવાઈ રહ્યું છે. કેટલાક રિપોર્ટ્સમાં ફિલ્મનું નામ "The Messengers" હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે, જોકે મેકર્સ દ્વારા હજી સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. માહિતી મુજબ, ફિલ્મનું મુંબઈ શેડ્યૂલ પૂર્ણ થઈ ગયું છે અને હવે આગામી શૂટિંગ મનાલીમાં થવાનું છે. આ કારણે સલમાન ખાન ટૂંક સમયમાં મનાલી પહોંચશે.

આ ફિલ્મની ખાસ વાત એ છે કે તેમાં સલમાન ખાન સાથે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી નયનતારા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. નયનતારાએ પણ ફિલ્મનું મુંબઈ શેડ્યૂલ પૂર્ણ કરી દીધું હોવાનું કહેવાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, નયનતારાની આ બીજી બોલીવુડ ફિલ્મ હશે. આ પહેલા તેઓ શાહરુખ ખાન સાથે બ્લોકબસ્ટર ફિલ્મ જવાન માં નજર આવી હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર 1000 કરોડથી વધુ કમાણી કરી હતી અને દર્શકોમાં ભારે લોકપ્રિય બની હતી. હવે સલમાન ખાન અને નયનતારાની નવી જોડી મોટા પડદા પર કેટલો કમાલ બતાવે છે તે જોવું રસપ્રદ રહેશે. મેકર્સ આ ફિલ્મને ઈદ 2027 દરમિયાન રિલીઝ કરવાની તૈયારીમાં હોવાનું કહેવાઈ રહ્યું છે. માહિતી મુજબ, ફિલ્મનું મુંબઈ શેડ્યૂલ પૂર્ણ થઈ ગયું છે અને હવે આગામી શૂટિંગ મનાલીમાં થવાનું છે. આ કારણે સલમાન ખાન ટૂંક સમયમાં મનાલી પહોંચશે.



# અલ્લુ અર્જુન-એટલીનો માસ્ટરપ્લાન: 'પુષ્પા'નો ફોર્મ્યુલા ફરી અપનાવશે

### આગામી ફિલ્મ 'રાકા'ને લઈને પણ જબરદસ્ત ચર્ચા શરૂ થઈ ગઈ છે. ખાસ વાત એ છે કે આ વખતે પણ ફિલ્મનું ટાઈટલ સીધું અલ્લુ અર્જુનના પાત્રના નામ પર રાખવામાં આવ્યું છે

મુંબઈ

અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા' અને 'પુષ્પા 2: ધ રૂલ'એ જે રીતે દેશભરમાં રેકોર્ડ તોડ સફળતા મેળવી, ત્યારબાદ હવે તેની આગામી ફિલ્મ 'રાકા'ને લઈને પણ જબરદસ્ત ચર્ચા શરૂ થઈ ગઈ છે.

ખાસ વાત એ છે કે આ વખતે પણ ફિલ્મનું ટાઈટલ સીધું અલ્લુ અર્જુનના પાત્રના નામ પર રાખવામાં આવ્યું છે. ઈન્ડસ્ટ્રીમાં તેને એક સુવિચારિત રણનીતિ માનવામાં આવી રહી છે, જ્યાં સ્ટારની સ્ક્રીન ઈમેજને જ ફિલ્મની સૌથી મોટી બ્રાન્ડિંગ બનાવવામાં આવી રહી છે. ડિરેક્ટર એટલીની આ મેગા બજેટ ફિલ્મમાં દીપિકા પાદુકોણ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. સૂત્રો અનુસાર, 'પુષ્પા'ની સફળતા પછી મેકર્સે એ સમજી લીધું કે, અલ્લુના પાત્રો માત્ર વાર્તાનો ભાગ નથી રહેતા, પરંતુ પોતે એક કલ્ટ ઓળખ બની જાય છે.

આ જ કારણ છે કે 'રાકા'માં પણ પાત્રના નામને જ ફિલ્મનું ટાઈટલ બનાવવામાં આવ્યું છે, જેથી દર્શકો વચ્ચે સીધો કનેક્શન તૈયાર થઈ શકે. ટ્રેડ એક્સપર્ટ્સ માની રહ્યા છે કે, 'રાકા' માત્ર એક ફિલ્મ નહીં, પરંતુ એક નવી સિનેમેટિક યુનિવર્સની શરૂઆત સાબિત થઈ શકે છે.

વળી, એટલી અને અલ્લુની જોડી દક્ષિણ અને હિન્દીમાં મોટા ગેમ ચેન્જર સાબિત થશે. અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા' અને 'પુષ્પા 2: ધ રૂલ'એ જે રીતે દેશભરમાં રેકોર્ડ તોડ સફળતા મેળવી, ત્યારબાદ હવે તેની આગામી ફિલ્મ 'રાકા'ને લઈને પણ જબરદસ્ત ચર્ચા શરૂ થઈ ગઈ છે. ખાસ વાત એ છે કે આ વખતે પણ ફિલ્મનું ટાઈટલ સીધું અલ્લુ અર્જુનના પાત્રના નામ પર રાખવામાં આવ્યું છે. ઈન્ડસ્ટ્રીમાં તેને એક સુવિચારિત રણનીતિ માનવામાં આવી રહી છે.





# 'એક દિન'ના ફ્લોપ બાદ સાંઈ પલ્લવી બોલી – મને ખોટી રીતે કાસ્ટ કરાઈ

### ટૂંક સમયમાં રણબીર કપૂર સાથે "રામાયણ"માં સીતાની ભૂમિકામાં જોવા મળશે

મુંબઈ

ગત શુક્રવારે, અભિનેત્રી સાઈ પલ્લવીએ આમિર ખાનની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ "એક દિન" થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો, જેમાં જુનૈદ ખાન સાથે કામ કર્યું હતું. ફિલ્મને બોક્સ ઓફિસ પર નબળો પ્રતિસાદ અને નિરાશાજનક સમીક્ષાઓ મળી હોવા છતાં સાઈએ તાજેતરમાં ફિલ્મના પ્રમોશન દરમિયાન તેના કાસ્ટિંગમાં ભૂલ હોવા અંગે ખુલાસો કર્યો હતો. તે ટૂંક સમયમાં રણબીર કપૂર સાથે "રામાયણ"માં સીતાની ભૂમિકામાં જોવા મળશે. તે પહેલાં, તેણીએ "એક દિન" થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. યુટ્યુબ ચેનલ "આમીર ખાન ટોકીઝ" પર તેના સહ-અભિનેતા જુનૈદ ખાન સાથેની વાતચીતમાં, સાઈએ ફિલ્મમાં કામ કરવાના તેના અનુભવ અને તેના અભિનય વિશે ચર્ચા કરી. પોતાના અનુભવને યાદ કરતાં, તેણીએ કહ્યું કે, "મને લાગે છે કે હું કેટલાક દ્રશ્યોમાં થોડી વધુ ગંભીર થઈ ગઈ હતી, જ્યારે તે વધુ સૂક્ષ્મ રીતે કરી શકાઈ હોત. અને મને લાગે છે કે મારી કાસ્ટિંગ ખોટી હતી." આમિર ખાન સાથે પહેલીવાર ફિલ્મ જોયા પછી તેની પ્રતિક્રિયા પર પ્રતિબિંબ પાડતા, તેણીએ કહ્યું, "હું થોડીવાર માટે ચૂપ રહી, અને પછી તેણે કહ્યું, 'કંઈક કહો.' મેં તેમને કહ્યું કે મને નથી લાગતું કે મને આ ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યો છે અને મને લાગ્યું કે મને ખોટી ભૂમિકામાં લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું, 'તમે શું કહી રહ્યા છો ?'" તાજેતરમાં ફિલ્મના પ્રમોશન દરમિયાન તેના કાસ્ટિંગમાં ભૂલ હોવા અંગે ખુલાસો કર્યો હતો. તે ટૂંક સમયમાં રણબીર કપૂર સાથે "રામાયણ"માં સીતાની ભૂમિકામાં જોવા મળશે. તે પહેલાં, તેણીએ "એક દિન" થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. યુટ્યુબ ચેનલ "આમીર ખાન ટોકીઝ" પર તેના સહ-અભિનેતા જુનૈદ ખાન સાથેની વાતચીતમાં, સાઈએ ફિલ્મમાં કામ કરવાના તેના અનુભવ અને તેના અભિનય વિશે ચર્ચા કરી. પોતાના અનુભવને યાદ કરતાં, તેણીએ કહ્યું કે, "મને લાગે છે કે હું કેટલાક દ્રશ્યોમાં થોડી વધુ ગંભીર થઈ ગઈ હતી, જ્યારે તે વધુ સૂક્ષ્મ રીતે કરી શકાઈ હોત. અને મને લાગે છે કે મારી કાસ્ટિંગ ખોટી હતી." આમિર ખાન સાથે પહેલીવાર ફિલ્મ જોયા પછી તેની પ્રતિક્રિયા પર પ્રતિબિંબ પાડતા, તેણીએ કહ્યું, "હું થોડીવાર માટે ચૂપ રહી, અને પછી તેણે કહ્યું, 'કંઈક કહો.' મેં તેમને કહ્યું કે મને નથી લાગતું કે મને આ ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યો છે.

# ક્રાઇમ થ્રિલર વેબ સિરીઝ: રણદીપ હુડ્ડા અભિનીત 'ઇન્સ્પેક્ટર અવિનાશ 2'નું ટ્રેલર રિલીઝ, ઉર્વશી લીડ રોલમાં જોવા મળશે

મુંબઈ

રણદીપ હુડ્ડાના શો 'ઈન્સ્પેક્ટર અવિનાશ'ની બીજી સીઝનનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. નીરજ પાઠક નિર્દેશિત આ શોમાં 1990ના દાયકાના ઉત્તર પ્રદેશની ઝલક છે જેમાં પોલીસ, પ્રશાસન અને ગુંડારાજની સાથે-સાથે લોહીયાળ સંઘર્ષ છે. આ નવી સીઝનમાં ઈન્સ્પેક્ટર અવિનાશ મિશ્રાના જીવનમાં જબરદસ્ત તોફાન ઊભું થાય છે. અવિનાશને આ વખતે એવી લડાઈ લડવી પડે છે જે પોલીસની ખાખી વર્દીથી ક્યાંય આગળ જાય છે.

આ ટ્રેલરમાં અપરાધ, રાજનીતિ અને ભ્રષ્ટાચારની સાથે-સાથે વાર્તાનો રોમાંચ પણ જબરદસ્ત છે. અપરાધ સરગના શેખ અને તેની સાથી રહસ્યમયી દેવીની એક ઘાતક હથિયાર ગેંગ છે. અહીં સિસ્ટમની અંદર છેતરાઈને સસ્પેન્ડ અને ધરપકડ થઈને, ઈન્સ્પેક્ટર અવિનાશ એક ખૂબ મોટી ષડયંત્રનો શિકાર બને છે. અવિનાશની આસપાસ એક એવી રમત રચવામાં આવી છે જે તેના સિદ્ધાંતોને નષ્ટ કરવા તૈયાર છે. આ વખતે ઈન્સ્પેક્ટર ફક્ત અપરાધ સામે લડી રહ્યો નથી, પરંતુ પોતાના પરિવાર, પોતાની સચ્ચાઈ અને પોતાના અસ્તિત્વ માટે લડાઈ લડતો દેખાઈ રહ્યો છે. આ ટ્રેલરમાં જબરદસ્ત એક્શન છે અને દુશ્મનો ઘણા વધુ ઘાતક છે. આ સિરીઝ ઉત્તર પ્રદેશના પોલીસ અધિકારી અવિનાશ મિશ્રાના સાચા બનાવો અને જીવન પર આધારિત છે, જેમને રાજ્યમાં ગુનાઓને રોકવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. આ શોમાં ઉર્વશી રૌતેલા, અમિત સિયાલ, અભિમન્યુ સિંહ, રજનીશ દુગ્ગલ, શાલિન ભનોટ અને ફ્રેડી દારૂવાલા પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં છે.



પાક્કો ગુજરાત

શનિવાર | 09 મે 2026 | અમદાવાદ

## પ્રોટોકલનું પાલન નહીં થાય તો BCCI કડક કાર્યવાહી કરશે

# ખેલાડીઓ સાથે અનધિકૃત લોકોની હાજરી પર BCCI લાલચોળ

નવી દિલ્હી

BCCIએ ખેલાડીઓ અને ફ્રેન્ચાઈઝી સાથે જોડાયેલા પ્રોટોકોલના પાલન અંગે કડક વલણ અપનાવ્યું છે. BCCI સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું છે કે, કેટલીક ફ્રેન્ચાઈઝી અને ખેલાડીઓના વર્તનમાં ગેરરીતિઓ સામે આવી છે, જેને બોર્ડ ગંભીરતાથી જોઈ રહ્યું છે. પ્રોટોકલનું પાલન નહીં થાય તો BCCI કડક કાર્યવાહી કરશે સૈકિયાના જણાવ્યા અનુસાર, BCCIને ધ્યાને આવ્યું છે કે, કેટલાક અનધિકૃત લોકો ખેલાડીઓ સાથે મુસાફરી કરી રહ્યા છે. જેમાં ટીમ બસોમાં મુસાફરી કરવી અને ટીમ હોટલોમાં પ્રવેશ જેવી પ્રવૃત્તિઓ સામેલ છે. તેમણે કહ્યું કે, આ નિર્ધારિત પ્રોટોકોલનું ઉલ્લંઘન છે. સુરક્ષા અને સંચાલન સંબંધિત નિયમોનું ચુસ્ત પાલન સુનિશ્ચિત કરવા માટે તમામ ફ્રેન્ચાઈઝી અને ખેલાડીઓ માટે ટૂંક સમયમાં એડવાઈઝરી જારી કરવામાં આવશે. તેમણે કહ્યું કે, 'કેટલાક નિર્ધારિત પ્રોટોકોલ છે અને જો કોઈ તેનું પાલન નહીં કરે તો BCCI યોગ્ય કાર્યવાહી કરશે.' જોકે, બોર્ડ દ્વારા હાલમાં કોઈ ચોક્કસ ફ્રેન્ચાઈઝી,




ખેલાડી કે વ્યક્તિનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. એવું માનવામાં આવે છે કે, આ પગલું ખેલાડીઓની સુરક્ષા, ટીમ શિસ્ત અને ટુર્નામેન્ટના સંચાલનમાં પારદર્શિતા જાળવવાના ઉદ્દેશ્યથી લેવામાં આવી રહ્યું છે. એપ્રિલમાં રાજસ્થાન રોયલ્સની (RR) બે જુદી જુદી ઘટના તપાસના દાયરામાં આવી હતી. પ્રથમ ઘટના એ છે કે, ટીમ મેનેજર રોમી ભિન્ડરને ગુવાહાટીમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની મેચ દરમિયાન ડગઆઉટમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા બદલ 1 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને કડક ચેતવણી આપવામાં આવી હતી. ત્યારબાદ રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગને કથિત રીતે ન્યૂ ચંદીગઢમાં પંજાબ કિંગ્સ સામેની મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમની અંદર વેપિંગ કરતો જોવા મળ્યો હતો.

સૈકિયાએ IANSને કહ્યું કે, આ ઘટનાઓને BCCIએ ખૂબ જ ગંભીરતાથી લીધી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'હવે કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. અમે આ બાબતોને ખૂબ જ ગંભીરતાથી લીધી છે. તમે રાજસ્થાન રોયલ્સના મેનેજર દ્વારા મોબાઈલ ફોનનો ઉપયોગ અને એક ખેલાડીના વેપિંગ કરતા પકડાયાની ઘટના પહેલા જ જોઈ ચૂક્યા છો. નવી એડવાઈઝરી જારી થયા પછી જો કોઈ નિયમ તોડશે તો તેની સામે કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. પછી તે ખેલાડી હોય, ટીમ અધિકારી હોય કે માલિક, કોઈને પણ છોડવામાં આવશે નહીં.'

## લખનઉએ બેંગલુરુને ટેબલ-ટોપર બનતા રોક્યું

મુંબઈ

IPL પોઈન્ટ્સ ટેબલમાં 10મા નંબરની ટીમ લખનઉ સુપર જાયન્ટ્સે ગુરુવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ટેબલ ટોપર બનતા રોકી. બેંગલુરુની ટીમ હજુ પણ ત્રીજા સ્થાને છે. ઈકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનઉએ બેંગલુરુને 9 રનના નજીવા અંતરથી હરાવ્યું. આ મેચ પછી સિઝનના પોઈન્ટ્સ ટેબલમાં કોઈ ફેરફાર થયો નથી. આજે કેએલ રાહુલ પાસે ઓરેન્જ કેપ મેળવવાની તક છે. પોઈન્ટ્સ ટેબલની વર્તમાન સ્થિતિ IPLની વર્તમાન સિઝનમાં શાનદાર શરૂઆત કરનાર રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સતત બીજી મેચ હારી છે. જ્યારે લખનઉને સિઝનમાં ત્રીજી જીત મળી છે. બેંગલુરુની ટીમ પાસે 10 મેચમાં 12 પોઈન્ટ્સ છે. ટીમે 6 જીત મેળવી છે, જ્યારે 4 મેચ ગુમાવી છે. હાલમાં બેંગલુરુને પ્લેઓફમાં પહોંચવા માટે આગામી 4 માંથી ઓછામાં ઓછી 2 મેચ જીતવી પડશે. બીજી તરફ લખનઉ 10 માંથી માત્ર 3 મેચ જીતી શક્યું છે. ટીમ પાસે 6 પોઈન્ટ છે.

લખનઉ હાલમાં પોઈન્ટ્સ ટેબલમાં સૌથી નીચે 10મા નંબર પર છે. ટીમ આગામી 4 મેચ જીતીને 14 પોઈન્ટ સુધી જ પહોંચી શકે છે. દિલ્હી કેપિટલ્સની આ સિઝનમાં હવે માત્ર 4 લીગ મેચ બાકી છે. પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે ટીમને લગભગ દરેક મેચ જીતવી પડશે. ટીમના 10 મેચ પછી 8 પોઈન્ટ્સ છે. આગામી મેચો સરળ નથી, કારણ કે બે મેચ કોલકાતા સામે છે.

ધર્મશાળામાં પંજાબ કિંગ્સને હરાવવું પણ પડકારજનક રહેશે. આજે કોલકાતા સામે ઘરઆંગણે જીત ટીમને પ્લેઓફની રેસમાં ટકાવી રાખી શકે છે, પરંતુ હાર સ્થિતિ મુશ્કેલ બનાવી દેશે. કોલકાતા નાઈટ રાઈડર્સે અત્યાર સુધીમાં 9 મેચ રમી છે અને 5 બાકી છે. ટીમના 9 મેચમાં 7 પોઈન્ટ્સ છે. આવનારી મેચોમાં ટીમને દિલ્હી, બેંગલુરુ, ગુજરાત અને મુંબઈ જેવી મજબૂત ટીમોનો સામનો કરવો પડશે.

### ટીમ ઈન્ડિયામાં થશે સત્તા પરિવર્તન!

## સૂર્યાનું પત્તું કાપી T20 માટે શ્રેયસ નવો કેપ્ટન બનશે તેવી ચર્ચા...

મુંબઈ

ભારતીય ક્રિકેટ જગતમાંથી એક ખૂબ જ ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે, જેમાં ટી20 વર્લ્ડ કપ 2026માં ભારતને ચેમ્પિયન બનાવનાર કેપ્ટન સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ પર ખતરો મંડરાઈ રહ્યો હોય તેમ જણાય છે. રિપોર્ટ મુજબ બીસીસીઆઈએ સૂર્યાના બદલે શ્રેયસ અય્યરને કેપ્ટન બનાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. BCCIના સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ ટી20 ટીમમાં મોટા ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે અને સૂર્યકુમારના સ્થાને શ્રેયસ અય્યર (Shreyas Iyer)ને નવો કેપ્ટન બનાવવામાં આવી શકે છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ શ્રેયસ અય્યરનું




IPL 2026માં પંજાબ કિંગ્સ માટે શાનદાર પ્રદર્શન અને શાનદાર નેતૃત્વ હોવાનું મનાય છે, જ્યાં તેણે ટીમને શરૂઆતની સાત મેચોમાંથી છમાં જીત અપાવી છે અને બેટિંગમાં પણ ધમાકેદાર પ્રદર્શન કર્યું છે. બીજી તરફ, પસંદગી સમિતિ સૂર્યકુમાર યાદવના ખરાબ ફોર્મને કારણે નારાજ હોવાનું જણાય છે. ભલે સૂર્યાના નેતૃત્વમાં ભારતે હજુ સુધી એકપણ ટી20 શ્રેણી ગુમાવી નથી, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેના બેટથી રન નીકળી રહ્યા નથી. IPL 2026માં પણ મુંબઈ ઈન્ડિયન્સ માટે રમતા તેણે 10 મેચોમાં માત્ર 195 રન બનાવ્યા છે, જે ખૂબ જ ઓછા છે. અહેવાલો એમ પણ સૂચવે છે કે સૂર્યકુમાર યાદવ હાલમાં કાંડાની ગંભીર ઈજા અને પીડા સાથે રમી રહ્યો છે, જેના કારણે તેની ફોર્મ પર અસર પડી છે.

## ટીમ ઈન્ડિયાને પહેલીવાર મળી શકે છે 'સ્પિન બોલિંગ કોચ'

### પ્રથમ વખત સ્પિન બોલિંગ માટે વિશેષ કોચની નિમણૂક થશે, દ્રવિડ પણ બહુતુલેની કોચિંગ ક્ષમતાથી પ્રભાવિત

સિડની

ભારતીય ક્રિકેટ ટીમના સપોર્ટ સ્ટાફમાં ટૂંક સમયમાં એક મોટો ફેરફાર જોવા મળી શકે છે. ક્રિકબઝના અહેવાલ મુજબ ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ સમક્ષ સ્પેશિયાલિસ્ટ સ્પિન બોલિંગ કોચની નિમણૂક કરવાની ભલામણ કરી છે. ગંભીરે આ મહત્વની ભૂમિકા માટે પૂર્વ ભારતીય સ્પિનર સાઈરાજ બહુતુલેનું નામ સૂચવ્યું છે. પ્રથમ વખત સ્પિન બોલિંગ માટે વિશેષ કોચની નિમણૂક થશે જો ગૌતમ ગંભીર (Gautam Gambhir)ની ભલામણને મંજૂરી મળશે તો ભારતીય ટીમના ઈતિહાસમાં પ્રથમ વખત સ્પિન બોલિંગ માટે અલગ વિશેષ કોચની નિમણૂક કરવામાં આવશે. વર્તમાન સમયમાં ભારતીય ટીમના સપોર્ટ સ્ટાફમાં મોર્ને મોર્કેલ ફાસ્ટ બોલિંગ કોચ અને સિતાંશુ કોટક બેટિંગ



કોચ તરીકે સેવા આપી રહ્યા છે પરંતુ સ્પિન વિભાગ માટે કોઈ અલગ નિષ્ણાત નથી. સાઈરાજ બહુતુલે ભારત તરફથી 2 ટેસ્ટ અને 8 વનડે રમી ચૂક્યા છે. તેમનું આંતરરાષ્ટ્રીય કરિયર ભલે ટૂંકું રહ્યું હોય પરંતુ ઘરેલું ક્રિકેટ અને કોચિંગ ક્ષેત્રે તેમની ઘણી પ્રતિષ્ઠા છે. સાઈરાજ બહુતુલે (Sairaj Bahutule) લાંબા સમયથી નેશનલ ક્રિકેટ એકેડેમી સાથે જોડાયેલા છે અને રણજી ટીમો તેમજ આઈપીએલમાં પંજાબ કિંગ્સના સ્પિન-બોલિંગ કોચ તરીકેની પણ ભૂમિકા નિભાવી રહ્યા છે. અગાઉ પૂર્વ હેડ કોચ રાહુલ દ્રવિડ (Rahul Dravid) બહુતુલેની કોચિંગ ક્ષમતાથી પ્રભાવિત હતા અને તેમના કહેવા પર બહુતુલે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2023 અને શ્રીલંકા પ્રવાસ દરમિયાન ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફમાં સામેલ થયા હતા. ગૌતમ ગંભીર હવે આ સ્પિન વિભાગને વધુ મજબૂત કરવા માટે તેમને કાયમી ધોરણે ટીમ સાથે જોડવા માંગે છે. ભારતીય ક્રિકેટ ટીમના સપોર્ટ સ્ટાફમાં ટૂંક સમયમાં એક મોટો ફેરફાર જોવા મળી શકે છે. ક્રિકબઝના અહેવાલ મુજબ ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ સમક્ષ સ્પેશિયાલિસ્ટ સ્પિન બોલિંગ કોચની નિમણૂક કરવાની ભલામણ કરી છે. ગંભીરે આ મહત્વની ભૂમિકા માટે પૂર્વ ભારતીય સ્પિનર સાઈરાજ બહુતુલેનું નામ સૂચવ્યું છે. પ્રથમ વખત સ્પિન બોલિંગ માટે વિશેષ કોચની નિમણૂક થશે જો ગૌતમ ગંભીરની ભલામણને મંજૂરી મળશે તો ભારતીય ટીમના ઈતિહાસમાં પ્રથમ વખત સ્પિન બોલિંગ માટે અલગ વિશેષ કોચની નિમણૂક કરવામાં આવશે.



## તણાવ વચ્ચે સોનું પણ મોંઘું, સેન્સેક્સ-નિફ્ટી તૂટ્યા

# સતત ચોથા દિવસે તેજી સાથે ચાંદી 2,60,000ને પાર

મુંબઈ

વૈશ્વિક બજારની અસર અને સ્થાનિક માંગને પગલે ભારતીય કોમોડિટી માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ચાંદીમાં સતત ચોથા દિવસે વધારો નોંધાયો છે, જે રોકાણકારો માટે પ્રોત્સાહક સંકેત છે. ચાંદીમાં તેજીનો માહોલ MCX (મલ્ટી કોમોડિટી એક્સચેન્જ) પર જુલાઈ 2026ના વાયદા મુજબ, ચાંદીના ભાવમાં આજે રૂ. 2060(+0.80%)નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ચાંદી અત્યારે રૂ. 2,60,600ના સ્તરે ટ્રેડ થઈ રહી છે. દિવસ દરમિયાન ચાંદી રૂ. 2,61,811ની ઊંચી સપાટીએ પહોંચી હતી, જ્યારે નીચી સપાટી રૂ. 2,59,999 રહી હતી. અગાઉના બંધ ભાવ રૂ. 2,58,540ની




સરખામણીએ આજે બજાર મજબૂતી સાથે ખૂલ્યું હતું. સોનાના ભાવમાં સુધારો સોનાના ભાવમાં પણ સામાન્ય વધારો જોવા મળ્યો છે. MCX પર જૂન 2026ના વાયદા મુજબ સોનું રૂ. 471 (+0.31%) વધીને રૂ. 1,52,732 પર ટ્રેડ કરી રહ્યું છે. સોનામાં દિવસની ઊંચી સપાટી રૂ. 1,53,103 અને નીચી સપાટી રૂ. 1,52,672 નોંધાઈ છે. નિષ્ણાતોના મતે, આર્થિક અનિશ્ચિતતા અને સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદીની વધતી માંગને કારણે કિંમતોમાં આ વધારો જોવા મળી રહ્યો છે. સેન્સક્સ અને નિફ્ટીમાં કડાકો જો આજે શેરબજારની વાત કરીએ તો સેન્સેક્સ આજે લાલ નિશાનમાં ખુલ્યું હતું. સેન્સેક્સમાં અત્યાર સુધીમાં 460થી વધુ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો અને તે હાલમાં 77360ની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે. જ્યારે નિફ્ટીની વાત કરીએ તો તેમાં 150થી વધુ પોઈન્ટનો કડાકો બોલાયો હતો. નિફ્ટીમાં 24173 પોઈન્ટની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે. આજે અમેરિકા અને ઈરાન વચ્ચે થોડીક ચકમક થયાના અહેવાલોને કારણે બજારમાં અસ્થિરતા આવી હોઈ શકે છે.


## સોનાનો વાયદો રૂ.459 અને ચાંદીનો વાયદો રૂ.3820 વધ્યો

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.78ની નરમાઇ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.28909.25 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.160962.11 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 17673.30 કરોડનાં કામકાજ

મુંબઈ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.189871.36 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.28909.25 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.160962.11 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3646.87 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 17673.30 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.152672ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153103 અને નીચામાં રૂ.152320ના સ્તરને સ્પર્શી, રૂ.152261ના આગલા બંધ સામે રૂ.459 વધી રૂ.152720ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.327 વધી રૂ.122908 થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.38 વધી રૂ.15401ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.441 વધી રૂ.152617ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.152839ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153499 અને નીચામાં




રૂ.152571ના સ્તરને સ્પર્શી, રૂ.152461ના આગલા બંધ સામે રૂ.439 વધી રૂ.152900 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.259999ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.262880 અને નીચામાં રૂ.258426ના મથાળે અથડાઈ, રૂ.258540ના આગલા બંધ સામે રૂ.3820 વધી રૂ.262360ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.3377 વધી રૂ.264594ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.3374 વધી રૂ.264600ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 4707.75 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.18.25 વધી રૂ.1322.5ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો 35 પૈસા વધી રૂ.348.05ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.1.75 વધી રૂ.368.7ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 20 પૈસા વધી રૂ.200.4ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 6263.89 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4739ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4750 અને નીચામાં રૂ.4552ના મથાળે અથડાઈ, રૂ.127 ઘટી રૂ.4590ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.9044ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9137 અને નીચામાં રૂ.8866ના સ્તરને સ્પર્શી, રૂ.9065ના આગલા બંધ સામે રૂ.78 ઘટી રૂ.8987ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.78 ઘટી રૂ.8986 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ 10 પૈસા વધી રૂ.264 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો 30 પૈસા વધી રૂ.264.3 થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.988.8ના ભાવે ખૂલી, રૂ.2.9 વધી રૂ.989.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2742ના ભાવે ખૂલી, રૂ.5 ઘટી રૂ.2736ના સ્તરે પહોંચ્યો હતો.

### ટાટા સન્સના લિસ્ટિંગ પર નિર્ણય લેવાનો હતો

## ટાટા ટ્રસ્ટની મહત્વની બેઠક 16 મે સુધી ટળી: બોર્ડમાં ગવર્નન્સ અને હિસ્સેદારીને લઈને મતભેદ

મુંબઈ

ટાટા ટ્રસ્ટ્સની આજે 8 મેના રોજ યોજાનારી મહત્વપૂર્ણ બોર્ડ મીટિંગ હવે 16 મેના રોજ યોજાશે. ઈટીના એક અહેવાલ મુજબ, આંતરિક મતભેદોને કારણે આ બેઠક મુલતવી રાખવામાં આવી છે. આ બીજી વખત છે જ્યારે મીટિંગની તારીખ બદલવામાં આવી છે. અગાઉ આ મીટિંગ 12 મેના રોજ યોજાવાની હતી. વારંવાર તારીખો બદલાવાથી ટ્રસ્ટની અંદર ચાલી રહેલી ચર્ચાઓ અંગે અનિશ્ચિતતા વધી ગઈ છે.

ટાટા સન્સ બોર્ડમાં પ્રતિનિધિત્વ: બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય એ નક્કી કરવાનો હતો કે હોલ્ડિંગ કંપની ટાટા સન્સના બોર્ડમાં ટાટા ટ્રસ્ટ્સ તરફથી કોણ સામેલ થશે. રિપોર્ટ અનુસાર, વેણુ શ્રીનિવાસનની જગ્યાએ ભાસ્કર ભટને નોમિની ડિરેક્ટર બનાવવાનો વિચાર થવાનો હતો. ટાટા સન્સના લિસ્ટિંગ પર નિર્ણય: ગ્રુપમાં આ વાતને લઈને ચર્ચા ચાલી રહી છે કે શું ટાટા સન્સને




શેરબજારમાં લિસ્ટ કરવું જોઈએ કે તેને પ્રાઈવેટ જ રાખવું જોઈએ.

નોએલ ટાટા તેને પ્રાઈવેટ રાખવાના પક્ષમાં છે, જ્યારે કેટલાક ટ્રસ્ટીઓ લિસ્ટિંગના વિકલ્પ પર ચર્ચા કરવા માંગે છે. ગવર્નન્સ અને ઓનરશિપ સ્ટ્રક્ચર: ટાટા ટ્રસ્ટ્સની ટાટા સન્સમાં 66% હિસ્સેદારી છે. બેઠકમાં ટાટા ગ્રુપના ભવિષ્યના માલિકી હક અને કામકાજની પદ્ધતિઓની સમીક્ષા કરવાની હતી. મેનેજમેન્ટ સાથે મતભેદ ઉકેલવા: ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટા અને ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરન વચ્ચે ગવર્નન્સ અને વ્યૂહાત્મક મુદ્દાઓ પર જે વૈચારિક મતભેદો ઉભા થયા છે. તેમને ઉકેલવા પણ આ બેઠકનો એક મોટો એજન્ડા હતો.

## સેન્સેક્સ 516 પોઈન્ટ ઘટીને 77,328 પર બંધ

- **નિફ્ટી 150 પોઈન્ટ ઘટીને 24,176 પર આવ્યો; બેંક શેરોમાં સૌથી વધુ વેચવાલી**

મુંબઈ

સેન્સેક્સ આજે 8 મેના રોજ 516 પોઈન્ટના ઘટાડા સાથે 77,328 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 150 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,176 પર આવી ગયો. આજના કારોબારમાં બેંક અને મેટલ શેરોમાં વેચવાલી જોવા મળી. સેન્સેક્સ ગઈકાલે 7 મેના રોજ 114 પોઈન્ટ (0.15%) ના ઘટાડા સાથે 77,845 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 4 પોઈન્ટ (0.02%) નો ઘટાડો રહ્યો, તે 24,327 પર આવી ગયો. ગઈકાલના કારોબારમાં ઓટો અને રિયલ્ટી શેરોમાં ખરીદી જોવા મળી હતી, જ્યારે FMCG




માં વેચાણ જોવા મળ્યું હતું. જો આજે શેરબજારની વાત કરીએ તો સેન્સેક્સ આજે લાલ નિશાનમાં ખુલ્યું હતું. સેન્સેક્સમાં અત્યાર સુધીમાં 460થી વધુ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો અને તે હાલમાં 77360ની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે. જ્યારે નિફ્ટીની વાત કરીએ તો તેમાં 150થી વધુ પોઈન્ટનો કડાકો બોલાયો હતો. નિફ્ટીમાં 24173 પોઈન્ટની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે. આજે અમેરિકા અને ઈરાન વચ્ચે થોડીક ચકમક થયાના અહેવાલોને કારણે બજારમાં અસ્થિરતા આવી હોઈ શકે છે.

### પોલીસના નાક નીચે જ ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ

# ચાંગોદર GIDC કે 'નશાનું હબ'?

## પોલીસ સ્ટેશનથી માત્ર 2 કિમીના અંતરે જ્યારે ભઠ્ઠીઓ ચાલતી હોય, ત્યારે શું પોલીસ ખરેખર અજાણ છે કે પછી આ બધું 'વહીવટ'ના જોરે ચાલી રહ્યું છે?



અમદાવાદ

ગુજરાત મોડલ અને રાજ્યમાં કડક દારૂબંધીના સરકારી બણગાંઓ વચ્ચે અમદાવાદ જિલ્લાનું ઔદ્યોગિક હૃદય ગણાતું ચાંગોદર આજે એક કલંકિત ચિત્ર રજૂ કરી રહ્યું છે.

જે વિસ્તાર ઉદ્યોગો અને રોજગારી માટે જાણીતો હતો, તે હવે 'નશાના હબ' તરીકે ઉભરી રહ્યો છે. ચોંકાવનારી વાત તો એ છે કે ચાંગોદર પોલીસ સ્ટેશનથી માંડ બે કિલોમીટરની ત્રિજ્યામાં જ કાયદાના લીરેલીરા ઉડતા જોવા મળી રહ્યા છે.

સ્થાનિક સૂત્રો અને પ્રાપ્ત માહિતી અનુસાર, ચાંગોદર GIDCની આંતરિક ગલીઓ અને ખુલ્લા પ્લોટમાં દેશી દારૂની ભઠ્ઠીઓ કોઈ પણ રોકટોક વગર ધમધમી રહી છે.

પોલીસ સ્ટેશનના સાવ નજીકના વિસ્તારમાં જ અસામાજિક તત્ત્વો જાણે કાયદાથી ઉપર હોય તેમ દારૂની રેલમછેલ કરી રહ્યા છે. ગલીએ-ગલીએ દેશી દારૂનું વેચાણ અને સેવન હવે અહીં 'સામાન્ય' બાબત બની ગઈ છે.

ચાંગોદર ઔદ્યોગિક વિસ્તાર હોવાથી અહીં હજારોની સંખ્યામાં પરપ્રાંતિય અને સ્થાનિક શ્રમિકો કામ કરે છે. બુટલેગરોએ આ શ્રમિક વર્ગને પોતાની જાળમાં ફસાવવા માટે મજબૂત નેટવર્ક ગોઠવ્યું છે. દિવસભરની મજૂરી બાદ થાકેલા શ્રમિકો સહેલાઈથી આ નશાના રવાડે ચડી રહ્યા છે, જેના કારણે અનેક પરિવારો બરબાદીના આરે ઉભા છે.

મોટો સવાલ: પોલીસ સ્ટેશનથી માત્ર ૨ કિમીના અંતરે જ્યારે ભઠ્ઠીઓ ચાલતી હોય, ત્યારે શું પોલીસ ખરેખર અજાણ છે કે પછી આ બધું 'વહીવટ'ના જોરે ચાલી રહ્યું છે?

દારૂ પીતા તત્ત્વોને કારણે સ્થાનિક રહીશો અને ફેક્ટરી માલિકોમાં પણ ફાળ પડી છે. અસામાજિક તત્ત્વોના ત્રાસને કારણે સામાન્ય નાગરિકો માટે સાંજના સમયે બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. મુખ્ય રસ્તાઓ પર નશાખોરોનો જમાવડો જોવા મળે છે, જે કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિનો જીવતો જાગતો પુરાવો છે.

હવે જોવાનું એ રહે છે કે ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ મામલે સજાગ થઈને ચાંગોદરમાં ચાલતા આ 'ઝેરના વેપાર' પર ક્યારે લગામ કસશે. શું આ દેશી દારૂની ભઠ્ઠીઓ બંધ થશે કે પછી પોલીસની રહેમનજર હેઠળ ચાંગોદરનું ગૌરવ નશાના ધુમાડામાં ઉડતું રહેશે?

---

### લાઈટ-સફાઈ મામલે 13 અધિકારીઓ-કર્મચારીઓને શો-કોઝ નોટિસ

## પ્રાથમિક સુવિધાના કામો મામલે મ્યુ.કમિશનર આકરા પાણીએ.! : નાગરિકો સાથે ગેરવર્તણૂક

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા 13 અધિકારીઓ અને કર્મચારીઓને મ્યુનિસિપલ કમિશનર દ્વારા શો-કોઝ નોટિસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો છે. નાગરિકો સાથે ગેરવર્તણુક કરવાથી લઈ સાફ-સફાઈ અને લાઈટો બંધ હોવા અંગેની ફરિયાદો મળતા યોગ્ય કામગીરી ન કરવા બદલ તેમને નોટિસ આપવામાં આવી છે. માત્ર એક મહિનામાં જ મ્યુનિસિપલ કમિશનર દ્વારા 13 અધિકારીઓ- કર્મચારીઓને નોટિસ ફટકારવામાં આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્રમાં ફફડાટ ફેલાયો છે. નાગરિકોની મળતી ફરિયાદો અને યોગ્ય કામગીરી ન કરનારા અધિકારીઓ સામે મ્યુનિસિપલ કમિશનરે કડક વલણ અપનાવ્યું છે. પાણી, ગટર, લાઈટ અને સાફ-સફાઈ વગેરે શહેરની પ્રાથમિક



સુવિધાઓની કામગીરીમાં બેદરકારી જોવા મળી હતી. ઉત્તર ઝોનના એડિશનલ સિટી ઈજનેર ગોપાલ પટેલ અને આસિસ્ટન્ટ ઈજનેર દિલીપ પ્રજાપતિ દ્વારા ઠક્કરબાપાનગર વિસ્તારમાં સ્થાનિક રહીશો સાથે પાણીના પ્રશ્નોનું યોગ્ય રીતે નિરાકરણ લાવવાની જગ્યાએ ગેર વર્તણુક કરી હતી જે બાબતે બંને અધિકારીઓને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી.

શહેરા સીટીએમથી રામોલ તરફ જતા ઓવરબ્રિજ ઉપર લાઈટ વિભાગ 15 દિવસથી લાઈટો બંધ હોવા અંગેની સ્થાનિક લોકો દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી જે કામગીરીમાં ગંભીર બેદરકારી બદલ લાઈટ વિભાગમાં ફરજ બજાવનારા ડેપ્યુટી સિટી ઈજનેર કિરીટ દેદોલીયા, આસિસ્ટન્ટ સિટી ઈજનેર સંજય જેઠવા, આસિસ્ટન્ટ ઈજનેર હિતેન્દ્રસિંહ પી સોલંકી અને સહાયક ટેકનિકલ સુપરવાઈઝર શંભુભાઈ જીંજાળાને પણ શો-કોઝ નોટિસ આપવામાં આવી છે. ફાયર વિભાગની ભરતીમાં પેપર એજન્સીને યોગ્ય રીતે સિલેબસ આપવામાં આવ્યું નહોતું જેને લઈને સેન્ટ્રલ ઓફિસના આસિસ્ટન્ટ મેનેજર પ્રવીણ સાવલિયાને પણ શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી.

---

## ફતેહવાડીમાં બે ઘરઘાટી મહિલાઓએ 12.25 લાખના દાગીના-રોકડની ચોરી કરી

અમદાવાદ

અમદાવાદમાં વિશ્વાસઘાત અને ચોરીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ફતેવાડી વિસ્તારમાં વર્ષોથી ઘરકામ કરતી બે મહિલાઓએ મકાનમાલિકના ઘરમાંથી લાખો રૂપિયાના દાગીના અને રોકડની ચોરી કરી હતી. મકાનમાલિકે શંકાના આધારે બેડરૂમમાં લગાવેલા છુપા સીસીટીવી કેમેરામાં બંને મહિલાઓ તિજોરી સાફ કરતી કેદ થઈ જતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ફતેવાડીમાં પોલ્ટ્રી ફાર્મનો વ્યવસાય કરતા મહેંદીરજા મરચન્ટે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેના ઘરે છેલ્લા કેટલાક સમયથી કૌસરબહેન અને પરવીનબહેન નામની બે મહિલાઓ સાફસફાઈ માટે આવતી હતી. ગત એપ્રિલ માસમાં મહેંદીરજાની પત્ની પિયર ગઈ હોવાથી ઘરના સભ્યોની ગેરહાજરીનો લાભ ઉઠાવી આ બંને મહિલાઓએ તિજોરી પર હાથ સાફ કર્યો હતો.

30મી એપ્રિલના રોજ ફરિયાદીના માતાએ તિજોરી ખોલતા જાણવા મળ્યું કે 60 હજાર રોકડા અને દાગીનાનું એક પાઉચ ગાયબ છે. પાંચમી મેના રોજ ઘરમાં તપાસ કરવા છતાં સામાન ન મળતા મહેંદીરજાએ શંકાના આધારે બેડરૂમમાં સીસીટીવી કેમેરા લગાવ્યા. છઠ્ઠી મેના રોજ રાત્રે ફૂટેજ ચેક કરતા બંને મહિલાઓ તિજોરીનું લોકર ખોલીને બીજું પાઉચ પણ ચોરતી રંગેહાથ કેદ થઈ હતી.

---

### સાબરમતી પોલીસે યુવક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી

## ત્રાગડ વિસ્તારમાં આવેલા ફ્લેટમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતી યુવતીની છેડતી

અમદાવાદ

અમદાવાદ શહેરના ત્રાગડ વિસ્તારમાં આવેલા ફ્લેટમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતી યુવતીની છેડતી કરવાની ઘટના બની હતી. ફ્લેટમાં રહેતા વ્યક્તિના ઘરે રહેવા આવેલા યુવકે લિફ્ટમાં યુવતીને કહ્યું હતું કે તમને ટેટુ દોરાવાનો બહુ શોખ છે અને જાતિ વિષયક શબ્દો કહ્યા હતા. બાદમાં યુવકે ફ્લેટમાં ગેટ પાસે તેને ઊભી રાખી કોઈ છોકરી હોય તો મને શોધી આપ અને ગંદા ઈશારા કરી કહ્યું હતું કે કહીશ એટલા પૈસા આપીશ.

જો તારી ઈચ્છા હોય તો તને પણ પૈસાનું બંડલ આપીશ એમ કહી ખરાબ વર્તન કર્યું હતું. આ બાબતે સોસાયટીના ચેરમેન સહિતના સભ્યોને વાત કરવામાં આવી હતી. જેથી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. જોકે છેડતી કરનાર યુવક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સાબરમતી પોલીસે યુવક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સાબરમતી વિસ્તારમાં 22 વર્ષીય યુવતી તેના પરિવાર સાથે રહે છે અને ત્રાગડ વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાં તેની મોટી બહેન સાથે સફાઈ કર્મચારી તરીકે નોકરી કરે છે. બંને બહેનો સવારના સમયે નોકરી પર જાય છે અને બપોરે પરત આવતી હોય છે. ફ્લેટમાં રહેતા એક વ્યક્તિના ઘરે છેલ્લા દસ-બાર દિવસથી ધીરેન પટેલ નામનો વ્યક્તિ રહેવા માટે આવ્યો હતો. યુવતી બે દિવસ પહેલા ફ્લેટમાં સાતમા માળેથી નીચે લિફ્ટમાં ઉતરતી હતી ત્યારે ધીરેન પટેલ લિફ્ટમાં આવ્યો હતો અને લિફ્ટમાં હાથ પકડીને જાતિ વિશે બોલીને કહ્યું હતું કે તમને લોકોને ટેટુ દોરાવવાનો બહુ શોખ હોય છે.

યુવતીએ કહ્યું હતું કે બહુ શોખ હોય છે પણ તમારે અમારી જાતિ વિશે બોલવાનું નહીં તેમ કહીને લિફ્ટમાંથી નીકળીને જતી રહી હતી. બીજા દિવસે યુવતી સવારે નિયત સમય મુજબ સફાઈ કામ કરવા માટે ફ્લેટમાં આવી હતી ત્યારે બી બ્લોકના મકાનોમાંથી કચરો લઈ અને સોસાયટીના મુખ્ય ગેટ પાસે આવી હતી. ત્યારે ગેટ પાસે ધીરેન પટેલે બૂમ પાડીને ઉભી રાખી હતી. બાદમાં કહ્યું હતું કે કોઈ છોકરી તો મને ગોતી આપ જેથી યુવતીએ પૂછ્યું હતું કે તમારે શું કામ છે.

ધીરેન પટેલે ગંદા ઈશારા કરી કહ્યું કે આ માટે જરૂર છે, તું કહીશ એટલા પૈસા આપીશ અને ગંદી નજરથી જોઈને તારી ઈચ્છા હોય તો તને પણ પૈસાનું બંડલ આપીશ એમ કહી ખરાબ વર્તન કર્યું હતું. યુવતીએ ખરાબ વર્તન કરવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો તેમ જ જાતિ વિષયક શબ્દો બોલ્યા હતા. આ ઘટના બનતા યુવતીએ સુપરવાઈઝરને ફોન કરી બોલાવ્યા હતા. ત્યારબાદ સોસાયટીના ચેરમેન અને જે વ્યક્તિના ફ્લેટમાં રહેવા આવ્યો હતો તે વ્યક્તિને પણ બોલાવવામાં આવ્યા હતા.

---

## SMC અને સાબરમતી પોલીસનો એકસાથે દરોડો

સાબરમતીમાં જાહેરમાં દારૂનું વેચાણ કરનાર અને લેવા જનાર સહિત 13 ઝડપાયા



અમદાવાદ

અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં પોલીસની કામગીરી અને સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) વચ્ચેની ખેંચતાણનો એક કિસ્સો સામે આવ્યો છે. રેલવે કોલોનીમાં ચાલતા દારૂના અડ્ડા પર દરોડો પાડવા ગાંધીનગરથી SMCની ટીમ પહોંચી હતી, પરંતુ તે જ સમયે સ્થાનિક સાબરમતી પોલીસ પણ ત્યાં હાજર થઈ ગઈ હતી.

સાબરમતીના 'ભૂત બંગલા' ચાર રસ્તા પાસે રેલવે કોલોનીમાં એક વડના ઝાડ નીચે જાહેરમાં વિદેશી દારૂ અને બીયરનું વેચાણ થઈ રહ્યું હતું. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને આ અંગે બાતમી મળતા દરોડો પાડવા રવાના થયા હતા. જોકે, આ માહિતીની જાણ સાબરમતી પોલીસને પણ થઈ જતાં બંને ટીમો એકસાથે ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સ્થળ પરથી દારૂ વેચનાર અને ખરીદવા આવેલા ગ્રાહકો સહિત 13ની ધરપકડ કરી છે. જોકે, દારૂના વેચાણનો મુખ્ય સૂત્રધાર બાલમુર્ગન દ્રવિડ પોલીસને જોઈને ફરાર થવામાં સફળ રહ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે દારૂ અને બીયરની 99 બોટલ કબજે કરી છે. જ્યારે અલગ-અલગ વાહનો સહિત આશરે 5.95 લાખનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ દારૂનો જથ્થો જીતુ ડામોર પાસેથી લાવવામાં આવ્યો હતો, જેને વિશાલ રાવત અને બાલમુર્ગન દ્રવિડ દ્વારા વેચવામાં આવતો હતો.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, SMCની ટીમ દરોડો પાડવા આવી રહી હોવાની ગંધ સાબરમતી પોલીસને આવી ગઈ હતી. બહારની એજન્સી દરોડો પાડી જાય તો સ્થાનિક પોલીસની બેદરકારી ગણાય, તે ડરથી સાબરમતી પોલીસ ત્વરિત ત્યાં પહોંચી ગઈ હતી. અંતે, સાબરમતી પોલીસે પોતે પહેલા પહોંચ્યા હોવાનો દાવો કર્યો હતો અને SMCને પરત જવું પડ્યું હતું. સાબરમતી પોલીસ સ્ટેશનના પી.આઈ. વાય.આર. વાઘેલાએ જણાવ્યું હતું કે, અમે સ્થળ પર પહેલા પહોંચ્યા હોવાથી આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

### અંતિમ વિદાયમાં ખાખી અને ખાદીનો મેળાવડો!

## સટ્ટા જગતનો 'ડોન' અને લતીફનો દુશ્મન ઘનશ્યામ ઢોલિયાની એક્ઝિટ

અમદાવાદ (પાક્કો ગુજરાત ન્યૂઝ)

ગુજરાતના અંડરવર્લ્ડ અને સટ્ટા બજારના ઈતિહાસનું એક પ્રકરણ હંમેશા માટે બંધ થઈ ગયું છે. સટ્ટા જગતનો બેતાજ બાદશાહ ગણાતા ઘનશ્યામ ઢોલિયાના નિધન બાદ તેની અંતિમ ક્રિયામાં જે દ્રશ્યો જોવા મળ્યા, તેણે અનેક ચર્ચાઓને જન્મ આપ્યો છે. કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટ જેવું જીવન જીવનાર ઢોલિયાની અંતિમ વિદાયમાં પોલીસ અધિકારીઓ અને રાજકારણીઓની હાજરીએ 'ગઠબંધન'ના અનેક સવાલો ઉભા કર્યા છે.

એક સમય હતો જ્યારે અમદાવાદમાં અબ્દુલ લતીફનો સિક્કો ચાલતો હતો. એ જમાનામાં લતીફ જેવા ખતરનાક ડોન સામે આંખમાં આંખ મિલાવીને ઉભા રહેવાની હિંમત ઘનશ્યામ ઢોલિયાએ કરી હતી. લતીફ સાથેની દુશ્મની અને અંડરવર્લ્ડના દબદબા વચ્ચે ઢોલિયાએ સટ્ટા અને મટકાના નેટવર્કને આખા ગુજરાતમાં ફેલાવ્યું હતું. તેની કામ કરવાની પદ્ધતિ એટલી ચોક્કસ હતી કે તે ટૂંકા સમયમાં 'સટ્ટા જગતનો બેતાજ બાદશાહ' બની ગયો હતો.

ઘનશ્યામ ઢોલિયાનું જીવન કોઈ બોલિવૂડ મૂવીથી કમ નહોતું.



સામ્રાજ્ય: આંકડાબજારથી શરૂ કરીને ક્રિકેટ સટ્ટા સુધી તેનું નેટવર્ક ફેલાયેલું હતું.

વગ: તેની પાસે માત્ર પૈસા જ નહીં, પણ સત્તા અને સિસ્ટમમાં બેઠેલા લોકોનો સાથ હતો.

રહસ્યમય વ્યક્તિત્વ: ભલે તે ગુનાખોરીની દુનિયા સાથે જોડાયેલો હતો, પણ સામાજિક રીતે પણ તેનું કદ ઘણું મોટું હતું.

ઢોલિયાની અંતિમ યાત્રામાં જે રીતે ભીડ ઉમટી તેણે સાબિત કર્યું કે તેની પકડ કેટલી ઊંડી હતી. અનેક દિગ્ગજ રાજકારણીઓ અને જેમના ખભે કાયદો જાળવવાની જવાબદારી છે તેવા ઉચ્ચ પોલીસ અધિકારીઓની લાઈનો લાગી હતી. ગુનાખોરીની દુનિયાના કિંગને આટલું માન-સન્માન કેમ? તે પ્રશ્ન સામાન્ય જનતામાં ચર્ચાઈ રહ્યો છે.

ઘનશ્યામ ઢોલિયાના અવસાન સાથે ગુજરાતના સટ્ટા બજારના એક જૂના યુગનો અંત આવ્યો છે. લતીફના પતન પછી જેણે સમાંતર સત્તા ભોગવી હતી તેવો આ શખ્સ હવે ઈતિહાસ બની ગયો છે. જોકે, તેની અંતિમ વિદાયમાં જોવા મળેલી પોલીસ-રાજકારણીઓની હાજરી આવનારા દિવસોમાં નવા વિવાદો સર્જી શકે છે.

---

## વાડજ પોલીસ સ્ટેશન બહારથી જ આરોપી ફરાર

### સગીરાને ભગાડીને દુષ્કર્મ કરનાર આરોપી વહેલી સવારે ગાડીમાંથી ઉતરતી વખતે ભાગી છુટ્યો હતો

અમદાવાદ

અમદાવાદ શહેરના વાડજ પોલીસ સ્ટેશનના નાક નીચેથી જ દુષ્કર્મનો એક આરોપી ફરાર થઈ જતાં પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે. 14 વર્ષની સગીરાને ભગાડી જઈ તેની પર દુષ્કર્મ કરનાર આરોપીને મેડિકલ તપાસ બાદ જ્યારે પોલીસ સ્ટેશન પરત લાવવામાં આવ્યો, ત્યારે તે ગાડીમાંથી ઉતરતી વખતે પોલીસકર્મીઓની નજર ચૂકવીને નાસી છૂટ્યો હતો.

વાડજ વિસ્તારમાં આવેલા રામાપીરના ટેકરામાં રહેતી 14 વર્ષીય સગીરાને ત્રણ દિવસ પહેલા જ 23 વર્ષીય ભરત ડાભાણી ભગાડી ગયો હતો. સગીરાના પરિવારની ફરિયાદના આધારે વાડજ પોલીસે તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસને માહિતી મળી હતી કે બંને રાજસ્થાન તરફ ભાગ્યા છે. જે બાદ પોલીસની ટીમે ત્યાં પહોંચી આરોપી ભરતની ધરપકડ કરી હતી અને સગીરાને મુક્ત કરાવી અમદાવાદ લાવ્યા હતા.

આરોપીએ સગીરા સાથે દુષ્કર્મ કર્યું હોવાથી તેની સામે પોક્સો (POCSO) સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. નિયમ મુજબ મોડીરાત્રે પોલીસ આરોપીને મેડિકલ ટેસ્ટ માટે સિવિલ હોસ્પિટલ લઈ ગઈ હતી. વહેલી સવારે જ્યારે પોલીસની ગાડી આરોપીને લઈને વાડજ પોલીસ સ્ટેશન પરત આવી, ત્યારે



ગાડીમાંથી ઉતરતી વખતે આરોપી ભરતે તકનો લાભ લીધો અને પોલીસકર્મીઓને ધક્કો મારીને અંધારામાં નાસી છૂટ્યો હતો.

વાડજ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.પી. ગરાસિયાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, આરોપી ભરત ડાભાણી ધરપકડ બાદ મેડિકલ તપાસ કરાવી પરત લાવતી વખતે નાસી ગયો છે. આ મામલે બેદરકારી દાખવનાર પોલીસકર્મીઓ સામે પણ તપાસ થઈ શકે છે. હાલ આરોપીને ફરીથી ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને વિવિધ વિસ્તારોમાં મોકલવામાં આવી છે.

પોલીસ સ્ટેશનની બહારથી જ આરોપી ભાગી જવાની ઘટનાએ પોલીસની સતર્કતા પર મોટા સવાલો ઊભા કર્યા છે. સગીરાના માતા-પિતાએ ન્યાયની આશાએ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ આરોપીના ફરાર થવાથી પરિવારમાં ફરી ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI